# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425






25 FEBRUARY, 2026 WEDNESDAY



પેજ 2  કડાણાના છત્રપુરા ગામના ખેડૂત શંકરભાઈએ પ્રાકૃતિક ખેતી દ્વારા મેળવી આર્થિક સમૃદ્ધિ

પેજ 3  નર્મદા જિલ્લાને 302 કરોડ ના ખર્ચે બે નવા આધુનિક પુલોનું થશે નિર્માણ

પેજ 7  દહેગામમાં વ્યાજખોરોથી કંટાળી યુવકનો આપઘાતનો પ્રયાસ

પેજ 5 લાખણીના આગથળા-ધાનેરા હાઈવે અધવચ્ચે ઠપ્પ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 339 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### નિકાસકારોને સરકારનો મોટો ઝટકો

# RODTEP લાભમાં 50 ટકાનો કાપ મૂકાયો

## કેન્દ્ર સરકારે બજેટમાં જ `રોડમેપ' માટેની ફાળવણી 18700 કરોડથી ઘટાડીને 10 હજાર કરોડ કરી નાખી હતી



• રાજકોટ

કેન્દ્ર સરકારે ત્રણેક દિવસ અગાઉ નિકાસકારો માટે સાત જેટલા પ્રોત્સાહક પગલાનું એલાન કર્યું હતું. પરંતુ હવે તેના બે જ દિવસમાં મસમોટો ઝટકો માર્યો છે અને આરઓડીટીઈપી તરીકે ઓળખાતી નાણાંકીય પ્રોત્સાહન યોજનામાં અપાતા લાભમાં 50 ટકાનો ધરખમ ઘટાડો કરી નાખ્યો છે.

આ પગલાથી ભારતની નિકાસ મોંઘી થવા ઉપરાંત વિદેશી બજારોમાં સ્પર્ધામાં ટકી રહેવાનું પણ મુશ્કેલ બનશે. રાજકોટ-સૌરાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં આ પગલાથી નિકાસકારોમાં જબરો ઉહાપોહ સર્જાયો છે.

અમેરિકાના ટેરીફ વોરના કારણે છેલ્લા 6-8 મહિનાથી ભારતની નિકાસ પ્રભાવિત થઈ જ હતી અને મોટો ફટકો પડ્યો હતો ત્યારે સરકાર તરફથી પ્રોત્સાહન માટે માંગ ઉઠી હતી. સરકારે પણ તાજેતરમાં કેટલાક પ્રોત્સાહક એલાન કર્યા હતાં પરંતુ હવે નવા આકરા કદમથી તમામ પ્રોત્સાહનનું સુરસુરીયું થઈ જાય અને નિકાસકારોને મોટો ફટકો પડે તેવી સ્થિતિ સર્જાઇ છે.

રેમીશન ઓફ ડ્યુટીઝ એન્ડ ટેકસીઝ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ (રોડમેપ) તરીકે ઓળખાતી આ યોજના હેઠળ સરકાર દ્વારા નિકાસી પ્રોડક્ટમાં વિદેશી ડ્યુટી, ચાર્જ વગેરે સામે નિકાસકારોને વળતર સહાય ચુકવવામાં આવતી હતી.

પ્રોડક્ટ દીઠ જુદી-જુદી સહાય હતી છતાં સરેરાશ 0.8 ટકાની હતી અર્થાત કોઈ નિકાસકાર 100 કરોડની નિકાસ કરે તો તેને 80 લાખના પ્રોત્સાહન નાણાંકીય લાભ આપવામાં આવતા હતા પરંતુ હવે ડીરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા એક જ ઝાટકે તેમાં 50 ટકાનો કાપ મુકતો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે અને તાત્કાલીક અસરથી તેનો અમલ શરુ કરી દેવાનું જાહેર કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના આ પગલાથી દેશભરના નિકાસકારોમાં જબરો ઉહાપોહ સર્જાવાના એંધાણ છે. રાજકોટ-સૌરાષ્ટ્રને લાગે વળગે છે ત્યાં સુધી સીંગતેલ સહિતની કૃષિ કોમોડીટી ઉપરાંત એન્જીનીયરીંગ મશીન ટુલ્સ, સીરામીક સહિતની નિકાસમાં મોટો ફટકો પડી શકે છે.

આ યોજના હેઠળ કિંમત મર્યાદા લાગુ પડે છે ત્યાં પણ નાણાંકીય પ્રોત્સાહન ઘટાડીને 50 ટકા કરી નાખવામાં આવ્યું છે. આ પગલાથી નિકાસ પર મળતી ટેક્સ રીફંડ-લાભની રકમ ઘટી જશે અને નિકાસકારોને નફાથી માંડીને અનેક રીતે ફટકો પડી શકે છે.

સુત્રોએ કહ્યું કે સીંગદાણાની નિકાસ પર 0.9 ટકાનું પ્રોત્સાહન સરકાર તરફથી મળતું હતું તે હવે માત્ર 0.45 ટકા જ મળશે. આ રીતે સીંગતેલમાં 0.60 ટકા મળતા હતા તે હવે 0.30 ટકા જ મળશે. તેલીબીયા, ખાદ્યતેલ, ખોળ, કપાસીયા, કપાસ, જીરુ, મસાલા સહિતની નિકાસને અસર પડી શકે છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે 2021 સુધી મર્ચન્ડાઈઝ એક્સપોર્ટસ ફોરમ ઈન્ડિયા ટીમ ચાલુ હતી પરંતુ ડબલ્યુટીઓમાં વિરોધ થતાં આ રોડમેપ યોજના દાખલ કરવામાં આવી હતી અને તેમાં નાણાંકીય પ્રોત્સાહન જાહેર કરવામાં આવ્યું હતું હવે તેમાં પણ અર્ધોઅડધ કાપ મુકી દેવામાં આવતા નિકાસકારોને અસર થશે. અગાઉ નિકાસ થઈ ગઈ હોય તેમાં શું સ્થિતિ સર્જાશે તે પણ એક સવાલ છે.

## શારીરિક સંબંધ બાદ `કુંડલી' ન મળવાનું કારણ બતાવી લગ્નથી ઈન્કાર કરવો ગુનાહિત ગણાઈ શકે

• નવી દિલ્હી

દિલ્લી હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ અવલોકનમાં જણાવ્યું છે કે, જો કોઈ પુરુષ લગ્ન કરવાની ખાતરી આપ્યા બાદ મહિલા સાથે શારીરિક સંબંધ બાંધે અને પછી કુન્ડલી ન મળવાનું કારણ બતાવી લગ્નથી ઈનકાર કરે, તો તે પરિસ્થિતિઓના આધારે ફોજદારી ગુનો બની શકે છે.ન્યાયમૂર્તિ સ્વર્ણા કાંત શર્માએ જામીન અરજી પર સુનાવણી દરમિયાન નોંધ્યું કે માત્ર કુન્ડલી મિસમેચનો બહાનો લઈને લગ્ન ન કરવાનું કહેવું કાયદેસર રીતે સ્વીકાર્ય કારણ બની શકતું નથી, ખાસ કરીને ત્યારે જ્યારે અગાઉ લગ્નનો સ્પષ્ટ વાયદો કરવામાં આવ્યો હોય.મહિલાની ફરિયાદ મુજબ, આરોપીએ તેને વારંવાર લગ્ન કરવાની ખાતરી આપી હતી. બંને વચ્ચે નજીકના સંબંધો સ્થાપિત થયા હતા. ત્યારબાદ, જ્યારે લગ્નની વાત આગળ વધારવાની હતી ત્યારે આરોપીએ કુન્ડલી ન મળવાનું કારણ આપીને લગ્નથી ઈનકાર કર્યો હતો.અગાઉ નવેમ્બર 2025માં મહિલાએ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પરિવાર તરફથી લગ્ન કરાવવાની ખાતરી મળતા ફરિયાદ પરત ખેંચી હતી. જોકે, પછી ફરીથી લગ્નનો ઈનકાર થતા મહિલાએ ફરી એફઆઈઆર નોંધાવી.પોલીસે ભારતીય દંડ સંહિતા હેઠળ બળાત્કાર સંબંધિત કલમ અને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપી 4 જાન્યુઆરી, 2026થી ન્યાયિક કસ્ટડીમાં છે.

## લગ્નનો ફોટો કે સર્વીસ બુકમાં નામ ન હોય તો પણ બીજી પત્નિ પેન્શનની હકકદાર

**અમદાવાદ :** પેન્શન મુદ્દે ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા AMC ને આદેશ આપ્યો છે કે તેઓ મૃતક કર્મચારીની બીજી પત્નીને ફેમિલી પેન્શન ચૂકવે. અદાલતે મ્યુનિસિપલ કોર્પોરેશનની એ દલીલને ફગાવી દીધી હતી જેમાં કોર્પોરેશન લગ્નના પુરાવા તરીકે માત્ર 'રજિસ્ટર્ડ નિકાહનામા'નો આગ્રહ રાખતું હતું.કેસની વિગત મુજબ, AMC ના એસ્ટેટ વિભાગમાં ફરજ બજાવતા મોહમ્મદ હનીફ શેખના પ્રથમ પત્ની રેહાનાબાનુનું 2007માં અવસાન થયું હતું. ત્યારબાદ ડિસેમ્બર 2007માં તેમણે ઈસ્લામિક કાયદા મુજબ ફરઝાનાબાનુ સાથે બીજા લગ્ન કર્યા હતા. 2011માં હનીફ શેખનું અવસાન થતા તેમની બીજી પત્નીએ પેન્શન માટે દાવો કર્યો હતો. જોકે, અખઈ એ પુરાવાઓના અભાવે આ દાવો નકારતા મામલો 2016માં હાઈકોર્ટ પહોંચ્યો હતો.AMC એ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે નિકાહનામું રજિસ્ટર્ડ નથી, દંપતીનો કોઈ સંયુક્ત ફોટો નથી, અને કર્મચારીએ સર્વિસ બુકમાં બીજી પત્નીનું નામ નોંધાવ્યું નહોતું.

## 15 અઠવાડિયાની સગર્ભા સગીર રેપ પીડિતાને ગર્ભપાતની મંજૂરી

અમદાવાદ:ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક અત્યંત સંવેદનશીલ કિસ્સામાં મહત્વપૂર્ણ ચુકાદો આપતા 14 વર્ષ અને 6 મહિનાની સગીર વયની રેપ પીડિતાને 15 અઠવાડિયાનો ગર્ભ દૂર કરવાની મંજૂરી આપી છે. જસ્ટિસ એમ.આર. મેંગડેએ આ મામલે અવલોકન કર્યું હતું કે વિલંબનો દરેક દિવસ પીડિતાની માનસિક યાતનામાં વધારો કરશે, તેથી તેની શારીરિક અને માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક તબીબી ગર્ભપાત (MTP) કરાવવો અનિવાર્ય છે.અદાલતે દાહોદની ઝાયડસ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલને આ પ્રક્રિયા હાથ ધરવા આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ સૂચના આપી છે કે હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટે વરિષ્ઠ ગાયનેકોલોજિસ્ટ્સ, ફિઝિશિયન અને સાયકોલોજિસ્ટની એક વિશેષ ટીમ બનાવીને આ સર્જરી પાર પાડવી. આ સાથે જ અદાલતે માનવીય પાસાનો વિચાર કરતા એમ પણ જણાવ્યું કે જો ગર્ભપાત દરમિયાન બાળક જીવિત જન્મે, તો હોસ્પિટલે તેને તમામ જરૂરી તબીબી સુવિધાઓ પૂરી પાડવી જેથી તે સ્વસ્થ બાળક તરીકે વિકસી શકે. જો પીડિતા કે તેનો પરિવાર બાળકની જવાબદારી સ્વીકારવા તૈયાર ન હોય, તો રાજ્ય સરકારે 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ' હેઠળ તે બાળકની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવાની રહેશે.આ સમગ્ર કિસ્સો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે સગીરાના વાલીએ પોક્સો (POCSO) અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ નોંધાયેલી ફરિયાદ બાદ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

## સરકારી કંપનીઓના આઈપીઓ મારફત રૂા.1.79 લાખ કરોડ મેળવાશે

નવી દિલ્હી : દેશની ટોચની સહિતની કોર્પોરેટ કંપનીઓ આઈપીઓ લાવીને નાણાં ઉભી કરી રહી છે તે સમયે હવે કેન્દ્ર સરકાર પણ ડીસઈન્વેસ્ટમેન્ટમાં ઝડપ લાવે તેવી ધારણા છે અને આગામી ચાર વર્ષમાં વિવિધ સરકારી કંપનીઓના શેર વેંચીને કેન્દ્ર સરકાર રૂા.1.79 લાખ કરોડ મેળવવાની તૈયારીમાં છે.આ માટે રેલવે, ઉર્જા, પેટ્રોલીયમ, નેચરલ ગેસ, એવીએશન અને કોલ સેકટરની કંપનીઓને પસંદ કરાશે. નીતિ આયોગ દ્વારા જણાવાયું હતું કે આગામી ચાર વર્ષમાં ડીસઈન્વેસ્ટમેન્ટમાં કાર્યક્રમને આગળ ધપાવાશે. વાસ્તવમાં સરકારે અગાઉ 2024-25 સુધીમાં સરકારી કંપનીઓના શેર વેંચીને રૂા.6 લાખ કરોડ મેળવવાની આશા રાખી હતી.પરંતુ ફકત રૂા.5.3 લાખ કરોડ જ મેળવી શકી છે. હવે સરકાર રેલવે કંપનીના આઈપીઓ મારફત 2030 સુધીમાં રૂા.83700 કરોડ મેળવવા માંગે છે. જેમાં ચાલુ વર્ષે રૂા.17 હજાર કરોડના આઈપીઓ લાવશે. આ ઉપરાંત રાજ્ય સરકારની માલિકીની વીજ કંપનીઓના ખાનગીકરણ કરીને રૂા.31 હજાર કરોડ ઉભા કરવાની યોજના છે. એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને તેની એક પેટા કંપની મારફત પણ નાણાં ઉઘરાવાશે.

### હવે સેમિફાઈનલમાં પહોંચવું મુશ્કેલ

## સુપર-8ની મેચમાં ઈંગ્લેન્ડે પાકિસ્તાનને પછાડ્યું

• નવી દિલ્હી

ટી20 વર્લ્ડકપની સુપર-8 મેચમાં ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાનનો પરાજય થયો છે. આ હાર સાથે જ પાકિસ્તાનું સેમિફાઈનલમાં પહોંચવું પડકારજનક બની ગયું છે. જ્યારે ઈંગ્લેન્ડની ટીમ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરીને નિર્ધારીત 20 ઓવરમાં 9 વિકેટે 164 રન બનાવ્યા હતા, જેના જવાબમાં દમદાર બેટર હેરી બ્રૂકની વિસ્ફોટ ઈનિંગના કારણે ઈંગ્લેન્ડનો બે વિકેટે વિજય થયો છે.

પાકિસ્તાન તરફથી ઓપનર સાહિબઝાદા ફરહાને શાનદાર પ્રદર્શન કરતા 45 બોલમાં 8 ફોર અને 2 સિક્સની મદદથી સૌથી વધુ 63 રન ફટકાર્યા હતા. તેની સામે સાઈમ અયુબ 7 રન અને કેપ્ટન સલમાન આગા 5 રન બનાવીને વહેલા આઉટ થઈ ગયા હતા. બાબર આઝમ અને ફખર ઝમાન બંનેએ 25-25 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે અંતિમ ઓવરોમાં શાદાબ ખાને 11 બોલમાં ઝડપી 23 રન બનાવીને સ્કોરને 160ને પાર પહોંચાડવામાં મદદ કરી હતી. ઈંગ્લેન્ડના બોલરોમાં ઓવરટન, આર્ચર અને ડોસને મહત્વની વિકેટો ઝડપીને પાકિસ્તાની બેટર્સ પર દબાણ જાળવી રાખ્યું હતું.

ઈંગ્લેન્ડ તરફથી લિયામ ડોસને સૌથી શાનદાર બોલિંગ કરી હતી, જેમાં તેણે 4 ઓવરમાં માત્ર 24 રન આપીને સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી. જોફ્રા આર્ચરે પણ સારી લાઈન અને લેન્થ જાળવી રાખીને 4 ઓવરમાં 32 રન આપીને 2 મહત્વની વિકેટો મેળવી હતી. જેમી ઓવરટને 3 ઓવરના સ્પેલમાં 26 રન ખર્ચ્યા હતા પરંતુ તે 2 વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. આદિલ રશીદે 4 ઓવરમાં 31 રન આપીને 1 વિકેટ પોતાના નામે કરી હતી. બીજી તરફ, સેમ કરને 3 ઓવરમાં 24 રન આપ્યા હતા અને વિલ જેક્સે 2 ઓવરમાં 27 રન આપ્યા હતા, પરંતુ આ બંને બોલરો મેચમાં એક પણ વિકેટ લેવામાં સફળ રહ્યા નહોતા.

ઈંગ્લેન્ડની બેટિંગ લાઈનઅપમાં હેરી બ્રૂકે શાનદાર પ્રદર્શન કરતા માત્ર 51 બોલમાં 10 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 100 રન ફટકાર્યા હતા. ફિલ સોલ્ટ 1 બોલમાં કોઈ રન કર્યા વિના આઉટ થયો હતો, જ્યારે જોસ બટલરે 3 બોલમાં 2 રન બનાવ્યા હતા. જેકબ બેથેલે 10 બોલમાં 8 રન કર્યા જેમાં 1 ચોગ્ગો સામેલ હતો અને ટોમ બેન્ટને 6 બોલમાં 2 રનનું યોગદાન આપ્યું હતું. સેમ કરને 15 બોલમાં 1 ચોગ્ગા સાથે 16 રન બનાવ્યા હતા, જ્યારે વિલ જેક્સે 28 નોંધાવ્યા છે.

શાહીન શાહ આફ્રિદીએ તેની 4 ઓવરમાં 30 રન આપીને 4 વિકેટો ઝડપી છે. બીજી તરફ ઉસ્માન તારિકે 4 ઓવરમાં 31 રન આપીને 2 વિકેટ મેળવી છે.

પુરાતત્વ વિભાગનો પુરાવા સાથે રીપોર્ટ

2100 પાનાનો રીપોર્ટ અદાલતમાં રજુ : સનાતન ધર્મના પ્રતિકો - મૂર્તિ - સંસ્કૃત શિલાલેખો મળ્યા

## ધારની ભોજશાળામાં મંદિરના અમુક ભાગોમાં જ મસ્જીદ બનાવાઇ છે



• ભોપાલ

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં સ્થિત ઐતિહાસિક ભોજશાળા અંગે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણએ સોમવારે મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો હતો અને પક્ષકારોને તેની નકલ સોંપી હતી.રિપોર્ટમાં જણાવાયું છે કે, ભોજશાળાનું નિર્માણ 12મી સદીમાં થયું હતું, જ્યારે પરિસરમાં સ્થિત મસ્જિદનું નિર્માણ ઈ.સ. 1265 માં કરવામાં આવ્યું હતું. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભોજશાળાનું નિર્માણ માળવા ક્ષેત્રમાં મુગલોના આગમન પહેલા થયું હતું.ભોજશાળા વિવાદ અંગેના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, જૂના મંદિરના ભાગોનો ઉપયોગ કરીને મસ્જિદ બનાવવામાં આવી છે. હિન્દુ સમુદાય ભોજશાળાને વાગ્દેવી (દેવી સરસ્વતી) નું મંદિર માને છે. જ્યારે મુસ્લિમ પક્ષ આ 11મી સદીના સ્મારકને કમાલ મૌલા મસ્જિદ ગણાવે છે. હાલમાં આ પરિસર ASI દ્વારા સંરક્ષિત છે.આ 2100 પાનાના રિપોર્ટમાં સર્વે દરમિયાન લેવામાં આવેલી 500 થી વધુ તસવીરો પુરાવા તરીકે સામેલ છે. ભોજશાળાનું નિર્માણ 12મી સદીમાં થયું હતું, જ્યારે માળવામાં કમાલ મૌલાનું આગમન વર્ષ 1265માં થયું હતું.ASI ની ટીમે ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર ટેકનોલોજીની મદદથી જમીનની અંદરની સંરચનાઓનું પરીક્ષણ કર્યું હતું. ખોદકામ કરીને અવશેષો, દિવાલોની રચના, સ્તંભો અને શિલાલેખોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. સર્વેમાં સ્થાપત્ય શૈલી, બાંધકામ સામગ્રી અને સમય નિર્ધારણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.હાઈકોર્ટે તમામ પક્ષકારોને આ વૈજ્ઞાનિક સર્વે રિપોર્ટ પર પોતાના વાંધા, મંતવ્યો, સૂચનો અને ભલામણો રજૂ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે 22 જાન્યુઆરીએ હાઈકોર્ટને નિર્દેશ આપ્યો હતો કે તે ASI દ્વારા સીલબંધ કવરમાં સોંપવામાં આવેલો રિપોર્ટ ખોલે.

ટેન્શન | હજી સુધી બળવાખોરો મોટેભાગે પરંપરાગત શસ્ત્રો જ વાપરતા હતા પરંતુ હવે વિપ્લવીઓ અતિ આધુનિક શસ્ત્રો વાપરે છે

# પાકિસ્તાનમાં ક્વોડ-કોપ્ટર-ડ્રોનથી આતંકી હુમલા

### DSP સહિત કેટલાએ પોલીસો ખૈબર પખ્તુનવામાં માર્યા ગયા



નવી દિલ્હી : પાકિસ્તાનના ખૈબર પખ્તુનવા તેમજ બલુચિસ્તાન પ્રાંતોમાં બળવાખોર પ્રવૃત્તિઓ સરકાર દબાવી શકે તેમ જરા પણ લાગતું નથી. ખૈબર પખ્તુનવામાં આતંકી હુમલામાં એક ડીએસપી રેન્કના અધિકારી તથા કેટલાએ પોલીસો માર્યા ગયા હતા. આ ઘટનાની વિગતો એમ છે કે રવિવારે ખૈબર પખ્તુનવામાં બળવાખોરો સામે કાર્યવાહી ચલાવવા ડીએસપી રેન્જના અધિકારીની આગેવાનીમાં પોલીસ દળ આગળ વધી રહ્યું હતું ત્યારે બળવાખોરોએ ક્વોડ-કોપ્ટર-ડ્રોનથી હુમલો કરતાં ડીએસપી રેન્કના અધિકારી સહિત કેટલાએ પોલીસ કર્મીઓ માર્યા ગયા હતા. તેઓ લાચી ડીસ્ટ્રિક્ટ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ હતા.

આ પૂર્વે શનિવારે ફેડરલ આર્મ્ડ કોન્સ્ટેબલરી એફ.એ.સી.ના ત્રણ જવાનો માર્યા ગયા હતા. આ પછી કોહાટથી વધારાનું પોલીસ ફોર્સ મોકલવામાં આવ્યું હતું અને સંપૂર્ણ વિસ્તારને કોર્ડન ઓફ કરવામાં આવ્યો હતો.ગત સપ્તાહે ખૈબર પખ્તુનવાના બાજૌર જિલ્લામાં એક ચેકપોસ્ટ પર વિસ્ફોટકો ભરેલા વાહનથી હુમલો કરતાં ૧૧ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા.વાસ્તવમાં આ ટ્રેન્ડ જ ઘણો ગંભીર છે. હજી સુધી બળવાખોરો મોટેભાગે પરંપરાગત શસ્ત્રો જ વાપરતા હતા, પરંતુ હવે તો તેઓ અત્યાધુનિક શસ્ત્રો અને સાધનો વાપરી રહ્યા છે.

આ ક્વોડ-કોપ્ટર-ડ્રોન ૧૫થી ૨૦ હજાર રૂપિયામાં મળી શકે છે. પરંતુ તે દૂરથી નિશાન લગાવી શકે છે. તેના વડે કરાયેલો હુમલો અતિ ગંભીર બની રહે છે. તે ઘણી ઉંચાઈ સુધી ઊડી શકે છે. ઘણીવાર નીચેથી દેખાતું પણ નથી. તેથી તેને ભૂમિગત કરવું જ કઠીન બની રહે છે. આથી તે સલામતી દળો માટે પડકારરૂપ બની રહે છે.આ ડ્રોન ૧ થી ૨ કી. સુધીનો સામાન લઈ જઈ શકે છે. આટલા વિસ્ફોટકો મોટા હુમલા માટે પૂરતા છે તે મોડીફાઈડ કરી શકાય છે. તેમાં ફર્સ્ટ પર્સન વ્યુ કેમેરા હોય છે તેથી હુમલો નિશ્ચિત બની રહે છે. તેનું વજન અને કદ બંને ઓછા છે તે ૨૦૦થી ૫૦૦ મીટરની ઉંચાઈએ ઊડી શકે છે. તે મધ્ય-પૂર્વમાં તેમજ યુક્રેન યુદ્ધમાં મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે છે. પાકિસ્તાન પણ આવા ડ્રોન ધરાવે છે જે ભારત માટે ખતરારૂપ છે.

## ભોગ બનનારનું વળતર વધારી આરોપીને સજા ઘટાડવાનું વલણ ખતરનાક : હાઈકોર્ટને સુપ્રિમની ફટકાર

**નવી દિલ્હી,** ફોજદારી સહિતના અપરાધોમાં હાઈકોર્ટ દ્વારા આરોપીની સજા ઘટાડીને જે ભોગ બનનાર હોય તેને મળનાર વળતરની રકમ વધારી દેવાના આદેશ સામે સુપ્રિમ કોર્ટે ગંભીર ચિંતા વ્યકત કરતાં કહ્યું હતું કે આ એક ખતરનાક પરંપરા બની જશે અને સમાજમાં એ સંદેશ જશે કે કોઈપણ અપરાધમાં નાણાંકીય વળતર ચુકવવાથી તેને જેલ સજાથી બચી શકાશે અથવા તો ઓછી જેલ સજાથી વહેલી મુક્તિ મળી જશે.મદ્રાસ હાઈકોર્ટના એક ચુકાદાને રદ કરતાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ રાજેશ ભીંડાલ અને ન્યાયમૂર્તિ વિજય બિશ્નોઈએ જણાવ્યું હતું કે અનેક વખત હાઈકોર્ટ દ્વારા આ પ્રકારની પ્રેક્ટીશ કરવામાં આવે છે .


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# કડાણાના છત્રપુરા ગામના ખેડૂત શંકરભાઈએ પ્રાકૃતિક ખેતી દ્વારા મેળવી આર્થિક સમૃદ્ધિ

## ૩ એકરમાં ઝેરમુક્ત ખેતીનો સફળ પ્રયોગ

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર



મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના છત્રપુરા ગામના પ્રગતિશીલ ખેડૂત શંકરભાઈ હરિભાઈ વાગડીયાએ પરંપરાગત રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી આજે ખેતીને નફાકારક વ્યવસાયમાં પરિવર્તિત કરી છે. વર્ષ ૨૦૧૬માં ગાંધીનગર ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ શિબિરમાં તાલીમ મેળવ્યા બાદ, તેમણે માત્ર અડધા એકરથી શરૂઆત કરી હતી. આજે તેઓ પોતાની સંપૂર્ણ ૩ એકર જમીનમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે, જે રાસાયણિક ખેતી કરતા પણ વધુ સારું અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન આપી રહી છે. શંકરભાઈએ આ વર્ષે પોતાની જમીનમાં 'કૃષ્ણકુમોદ' ડાંગરનું વાવેતર કર્યું હતું, જેમાં તેમને અભૂતપૂર્વ સફળતા મળી છે. ડાંગરમાંથી ચોખા તૈયાર કરી તેમણે સીધું જ ગ્રાહકોને વેચાણ કરવાનું શરૂ કર્યું. ગ્રાહકોમાં પ્રાકૃતિક ચોખાની એટલી મોટી માંગ જોવા મળી કે ૨૫૦ પ્રતિ કિલોના ઉંચા ભાવે માત્ર ૨૦ થી ૨૨ દિવસમાં જ ૮૦૦ કિલો ચોખાનું વેચાણ થઈ ગયું હતું. શંકરભાઈ જણાવે છે કે, શરૂઆતના તબક્કે થોડી મુશ્કેલીઓ પડી હતી, પરંતુ આજે રાસાયણિક ખેતી જેટલું જ ઉત્પાદન અને તેની સામે અનેકગણો આર્થિક નફો મળી રહ્યો છે.

# સોના - ચાંદીમાં વધુ તેજી સોનામાં 1400 તથા ચાંદીમાં 2400 વધ્યા

રાજકોટ : સોના-ચાંદીમાં ફરી તેજીનો દૌર શરૂ થયો હોય તેમ આજે પણ તેજીનો ટ્રેન્ડ રહ્યો હતો અને બંને મેટલમાં સુધારો નોંધાયો હતો. હાજર સોનુ 1400 રૂપિયા તથા હાજર ચાંદી ૨400 રૂપિયા વધી હતી. કોમોડીટી એકસચેંજમાં ચાંદી 1000ના ઉછાળાથી 2,66,325 હતી. જે ઉંચામાં 2,68,130 થઈ હતી. હાજર ચાંદી 2400 રૂપિયાના ઉછાળાથી 2,74,400 હતી. ચાંદીનો ભાવ 88 ડોલર હતો. આ જ રીતે હાજર સોનુ 1400 રૂપિયા વધીને 1,64,400 હતું. કોમોડીટી એકસચેંજ 1,60,7૫૨ હતું. વિશ્વ બજારમાં 517૨ ડોલરનો ભાવ સાંપડયો હતો. વેપારીઓના કહેવા પ્રમાણે અમેરિકી ટેરીફ વિશે ફરી એક વખત અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. ટ્રેડ બીલ વિશેની ભારતની વાટાઘાટો અટકી ગઈ છે.

**ઈતિહાસ** 800થી વધુ જનમેદની વચ્ચે પોતાની આગવી છટામાં આ પાત્રની ભૂમિકા ભજવી

# શિક્ષણ એવું વૃક્ષ છે જે દિલમાં ઉગે છે, મગજમાં ઉછરે છે અને જીભથી ફળ આપે છે

## શૈક્ષણિક સંકુલો દ્વારા આ પ્રકારના પ્રયાસોથી આપણે ચોક્કસ "શિક્ષણ એ ધર્મ છે, ધંધો નથી"નું સાબિત થાય છે

• વીરભદ્રસિંહ સિસોદિયા. મહીસાગર

તાજેતરમાં મહીસાગર જિલ્લાના ખોબલા જેવડા સડા ગામની માત્ર છ વર્ષની રાજપૂત દીકરીબા શ્રીમનોપ્રિયાકુંવરબા ચૌહાણ દ્વારા આઝાદીના ફીડમ ફાઈટર (આઝાદીના ઘડવૈયા) એવા અને મૂળ પશ્ચિમ બંગાળના પુત્રી "બીનાદાસ"નું પાત્ર પાલનપુર સ્થિત માતૃશ્રી ગોવિંદા ફાઉન્ડેશન સંચાલિત શ્રીરામ વિદ્યાલય મુકામે રજૂ કરેલ જે વેળાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓ તથા શાળાના સ્ટાફગણ અને ટ્રસ્ટીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. માત્ર છ વર્ષની ઉંમર ધરાવતી આ રાજપૂત દીકરીબા પૃથ્વીરાજ ચૌહાણના વંશજ કુળમાં જન્મ લીધેલ છે. જે મૂળ મહારાણા પ્રતાપસિંહ સિસોદિયા કુળના દોહિત્રી છે. બંને કુળના ઉજળા સંસ્કારો મેળવી નીડરતાથી તેઓએ 800થી વધુ જનમેદની વચ્ચે પોતાની આગવી છટામાં આ પાત્રની ભૂમિકા પોતાની સહપાઠી વિદ્યાર્થીઓ સાથે રજૂ કરતી વેળા આનંદો છવાયો હતો. આટલી નાની ઉંમરમાં આવા નીડર,શૌર્યવીર અને યશસ્વી તેમજ વીરતાની ભૂમિકા અને અગ્રેસર રહેલા "બીનાદાસજી"ના પાત્રની મુખ્ય ભૂમિકામાં આઝાદીનું શૌર્ય છતું કર્યું હતું.



મૂળ તેઓશ્રી મનોપ્રિયાકુંવરબા ચૌહાણ એ પોતાના પિતાના વ્યવસાયિક નોકરીની શરૂઆત બનાસ ડેરીમાં થવાથી બનાસ ડેરીના લખનઉ ઉત્તર પ્રદેશ સ્થિત પ્લાન્ટમાં નોકરીઓ હોઈ પોતાના અભ્યાસની શરૂઆત L.K.G. થી લખનઉ પબ્લિક સ્કૂલ થી કરવામાં આવી હતી. તેમજ તેમના માતૃશ્રી પોતે પણ સામાજિક કાર્યકર હોવાથી પર્યાવરણ અને સ્ત્રી સશક્તિકરણ જેવા કાર્યક્રમો દ્વારા સમાજસેવા આપી રહ્યા છે. આમ મૂળ પોતાનો અભ્યાસ ઉત્તર પ્રદેશના લખનઉથી શરૂ કરી હાલ મનોપ્રિયાકુંવરબા ચૌહાણ U.K.G. ઓગસ્ટથી શ્રીરામ વિદ્યાલય પાલનપુર ખાતે અભ્યાસ કરે છે. મૂળ રાજપુત સંસ્કારોનું સિંચન કરી તૈયાર થતી આ દીકરીબા શૌર્ય અને શૂરવીરતા સાથે વિનય-વિવેકનાસહિયારા પુરુષાર્થથી પોતાની કેડી કંડારી રહ્યા છે અને આવા આઝાદીના ઘડવૈયા અને લડવૈયાના પાત્રની ભૂમિકા જેવી કે ભૂતકાળમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, વીર શિરોમણી મહારાણા પ્રતાપસિંહ અને અનેક કાર્યક્રમોમાં ભાગ લેવામાં અગ્રેસર રહેલ છે. ભારત સરકારની નવી શિક્ષણ નીતિ મુજબ આપણા ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા આર. જાડેજા દ્વારા R-ભારત પર આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યા મુજબ નવી પેઢીને તૈયાર કરવાના અભ્યાસમાં સર્વાંગી વિકાસ માટે તેઓએ જણાવેલ છે કે "માનવી તું માનવ થાય તોય બહુ સારું અને YOUNG MINDના વિકાસ દ્વારા વિકસિત ભારત Dream - 2047 ને ભારત વિશ્વ ગુરુ બને તે દિશા તરફ જવા આવા સંસ્કારો સાથેના અભ્યાસથી ભારતનું અને ગુજરાતનું યુવાધન આગળ વધે તેવો આશાવાદ વ્યક્ત કરેલ છે. આ આશાવાદને ચરિતાર્થ કરવા આ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ પણ પુરુષાર્થ કરી NATION FIRSTની ભાવના પેદા કરે છે જે ખૂબ જ સરાહનીય બાબત છે. શૈક્ષણિક સંકુલો દ્વારા આ પ્રકારના પ્રયાસોથી આપણે ચોક્કસ "શિક્ષણ એ ધર્મ છે, ધંધો નથી" આ સૂત્રને સાર્થક કરીશું.

### મહીસાગર જિલ્લામાં 'જન ભાગીદારીથી જન કલ્યાણ'ના મંત્ર સાથે

# લુણાવાડા ખાતે નિ:શુલ્ક હેલ્મેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું

**સંકલ્પ** ચાલકે સુરક્ષાના સાધનો પહેર્યા હશે તો તે સુરક્ષિત રીતે પોતાના ઘરે પાછો ફરી શકશે

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગર જિલ્લામાં માર્ગ સલામતી પ્રત્યે જાગૃતિ લાવવા અને માર્ગ અકસ્માતોમાં થતી જાનહાનિ નિવારવાના ઉમદા હેતુ સાથે જિલ્લા રોડ સેફટી કમિટી દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. લુણાવાડાની શ્રી પી.એન. પંડ્યા કોલેજ ખાતે અમદાવાદના મેઘમણી ફાઉન્ડેશન અને મહીસાગર જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે "એક માત્ર સંકલ્પ - જન ભાગીદારીથી જન કલ્યાણ" ના સૂત્રને સાર્થક કરતો 'નિ:શુલ્ક હેલ્મેટ વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા પોલીસ પ્રશાસન અને સેવાભાવી સંસ્થાઓએ સાથે મળીને માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વનું ડગલું માંડ્યું છે. મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, "હેલ્મેટ એ કોઈ બોજ નથી, પરંતુ વાહન ચાલકના મસ્તકની સુરક્ષા અને તેના પરિવારની રક્ષાનું અભેદ કવચ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અકસ્માત અનિશ્ચિત હોય છે, પરંતુ જો ચાલકે સુરક્ષાના સાધનો પહેર્યા હશે તો તે સુરક્ષિત રીતે પોતાના ઘરે પાછો ફરી શકશે. આ સેવાકીય પ્રકલ્પ અંતર્ગત મેઘમણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી આશિષભાઈ સોપારકર દ્વારા કુલ 900 થી વધુ હેલ્મેટનું અનુદાન આપવામાં આવ્યું છે, જેમાંથી પ્રથમ



તબક્કામાં આજે 100 હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આગામી સમયમાં તબક્કાવાર અન્ય વિતરણ કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે એ.એસ.પી. વિકાસ યાદવ, મમતા મશીનરીના ડાયરેક્ટર મહેન્દ્રભાઈ પટેલ, કોલેજના ઈન્ચાર્જ આચાર્ય અલ્પેશ પંડ્યા, લુણાવાડા પી.આઈ. જે.એસ. વળવી સહિત આર.ટી.ઓ. અને પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હેલ્મેટ સ્વીકારી માર્ગ સલામતીના નિયમોના પાલન માટે સંકલ્પ લીધો હતો. કાર્યક્રમના અંતે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે એક ભવ્ય 'હેલ્મેટ જાગૃતિ રેલી'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# મહીસાગર જિલ્લાના જળાશયો પર પ્રતિબંધ: સલામતી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

## જોખમી સ્થળોએ નહાવા, તરવા અને સેલ્ફી લેવા પર પ્રતિબંધ

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જળાશયો (નદીઓ, નહેરો, તળાવો, દરીયો) માં નહાવા પડેલ વ્યક્તિઓના ડૂબી જવાથી મરણ થવા અંગેની ઘટનાઓ ધ્યાને આવેલ છે. જે બાબત અતિ ગંભીર છે. જેથી આવા ભયજનક સ્થળો કે જ્યા કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં પ્રવેશવાથી ડૂબવાનુ જોખમ રહેલ છે ત્યાં જાહેર સલામતી, લોકોના જાન, સ્વાસ્થય અને સલામતીને થતું જોખમ અટકાવવા આવા જળાશયોમાં/ જોખમી સ્થાનોએ પ્રવેશ અટકાવવો જાહેર હિતમાં ઈચ્છનીય છે. મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સમગ્ર જિલ્લામાં તાત્કાલિક અસરથી તા. ૨૩/૦૪/૨૦૨૬ સુધી જિલ્લામાં આવેલાં તમામ નદીઓ, તળાવો, નાળાં, નહેરો, ચેકડેમો, કોઝ-વે



અને ધોધ જેવાં પાણીનાં વહેણવાળાં જોખમી સ્થળોએ કોઈપણ વ્યક્તિને નહાવા અને તરવા પર, કપડાં ધોવા પર, માછલી પકડવા જવા પર, જળાશયોના ઊંડા પાણીમાં પ્રવેશ કરવા અને તેમાં મદદગારી કરવા પર, સમગ્ર મહીસાગર જિલ્લામાં આવેલા કોઝ-વે પરથી પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈપણ વ્યક્તિને વાહન સાથે કે પગપાળા પસાર થવા પર અને ઉપરોક્ત તમામ જોખમી સ્થળોએ ઊભા રહીને મોબાઈલ/ કેમેરામાં ફોટા/સેલ્ફી લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે: આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ આપત્તિ વ્યવસ્થાપન માટે નિયુક્ત કર્મચારીઓ અને અધિકારીઓને લાગુ પડશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# મહીસાગર જીલ્લામાં ૪૧ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોને નો ફલાય ઝોન દર્શાવતું જાહેરનામું બહાર પડયું

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા જાહેરનામું બહાર પાડીને જિલ્લામાં આવેલા ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને 'રેડ ઝોન' અને 'યલો ઝોન' તરીકે જાહેર કર્યા છે. મહીસાગર જિલ્લાના કુલ ૪૧ ઝોન પૈકી ૨૨ ને 'રેડ ઝોન' અને ૧૯ ને 'યલો ઝોન' જાહેર કરવામાં આવ્યા છે. યલો ઝોનમાં મહીસાગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ (૨૦૦ મીટર), એસ.પી. ઓફિસ અને કલેક્ટર કચેરી મહીસાગર (૨૦૦ મીટર) , લુણાવાડા (૨૦૦ મીટર), કોઠંબા, બાલાસિનોર, વીરપુર અને સંતરામપુર (દરેક ૧૦૦ મીટર) ખાતેના ટેલિફોન એક્સચેન્જો, મધવાસ મહી નદીનો પુલ (૫૦૦ મીટર) , લુણાવાડા ખાતેનો પાનમ નદીનો પુલ (૫૦૦ મીટર), આગરવાડા મહી નદીનો પુલ (૫૦૦ મીટર) , સંતરામપુર ખાતેનો છીબોટા નદીનો પુલ (૫૦૦ મીટર), કડાણા ખાતેનો ઘોડિયાર પુલ (૫૦૦ મીટર) , લુણાવાડા સિવિલ હોસ્પિટલ (૫૦૦ મીટર) , ખાનપુર ખાતેનો ભાદર ડેમ (૫ કિમી) , લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર ખાતેના વોટર સપ્લાય પ્લાન્ટ (દરેક ૫૦૦ મીટર) , લુણાવાડા ખાતે પોલીસ હેડક્વાર્ટર મહીસાગર (૫૦૦ મીટર), અને બાલાસિનોર ખાતે જે.કે. સિમેન્ટ વર્ક્સ (૫૦૦ મીટર) નો સમાવેશ થાય છે. રેડ ઝોનમાં સાવદાસ ના મુવાડા (૫૦૦ મીટર) , લુણાવાડા (૫૦૦ મીટર) , કોઠંબા (૫૦૦ મીટર) , મોવાસા (૫૦૦ મીટર) , વરધરી (૫૦૦ મીટર) , સાચકપુર (૫૦૦ મીટર) , લીમડીયા (૫૦૦ મીટર) , બકોર (૫૦૦ મીટર) , ખાનપુર (૫૦૦ મીટર) , ડીટવાસ (૫૦૦ મીટર) , સંતરામપુર (૫૦૦ મીટર) , લીમડા મુવાડી (૫૦૦ મીટર) , વાલાખેડી (૫૦૦ મીટર) , પાંડવા (૫૦૦ મીટર) , જોરાપુરા (૫૦૦ મીટર) , ભાથલા (૫૦૦ મીટર) , બાલાસિનોર (૫૦૦ મીટર) , અને વીરપુર (૫૦૦ મીટર) ખાતેના ઈલેક્ટ્રિક પાવર સબ સ્ટેશન ૬૬ કેવી; તેમજ કડાણા ખાતે કડાણા હાઈડ્રો-ઈલેક્ટ્રિક પાવર સ્ટેશન (૫ કિમી) , વણાકબોરી ખાતે ઓરેવા પાવર સ્ટેશન (૫ કિમી) , કડાણા ડેમ (૫ કિમી) , અને વણાકબોરી ડેમ (૫ કિમી) નો સમાવેશ થાય છે. આ જાહેરનામું પ્રકાશનની તારીખથી તા. ૨૩/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશના કોઈપણ ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષા થશે.

# કપડવંજ તાલુકાના ઘડિયામાં આવેલુ સિકોતર માતાનું મંદિર આસ્થાનું પ્રતિક

• દિપક પરમાર ઘડિયા

કપડવંજ તાલુકાના ઘડિયા આવેલું છે માં સીકોતર માતાજી નું મંદિર આવેલું છે આજુ બાજુ ના દરેક ગામડાના લોકો માતાજી ના દર્શન માટે પગયાત્રા ચાલીને દર્શન કરવા માટે આવે છે ઘડિયા સીકોતર ધામ તરીખે પ્રખ્યાત છે આજ રોજ ૨૩/૦૨/૨૦૨૬ ને સોમવાર ના દિવસે સવારે ૦૬:૪૦ મિનિટે માતાજી નામંદિર માંથી ચાલુ જ્યોત લઈ ઘડિયા ગામમાં આવેલ દરેક ઘરે ઘરે માતાજીની પધરામણી કરવામાં આવી બહારથી આવેલી દીકરીઓ તથા ભાઈઓ માતાજીના દર્શનનો લાભ લીધો દરેક ભાઈ ભક્તોને માતાજીની પ્રસાદ આપવામાં હતી. શ્રી.વહાણવટી ટ્રસ્ટ ના દરેક કમિટીના સભ્યશ્રીઓ અને ઉપપ્રમુખ.શ્રી.વલ્લભાઈ પટેલ તથા.પ્રમુખશ્રી. પરમાર દિનેશભાઈ. દ્વારા માતાજીના નિશાન વાળું કિચન આપવામાં આવ્યું હતું અને ઘડિયા ગામના દરેક ભાઈ ભક્તોઓ દ્વારા દ્વારા સારી રીતે માતાજીની પ્રતિષ્ઠા ની સારી રીતે ઉજવણી કરવામાં આવી હતી ઘડિયા ગામના શ્રી વહાણવટી સિકોતર માતાજી મંદિર ઘડિયાધામ ફાગણ સુદ છઠ પ્રતિષ્ઠા દિવસની ભવ્ય ઉજવણી

### ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ વધુ

# ગુજરાતની મજબૂત નાણાકીય શિસ્ત અને સર્વાંગી વિકાસ: રાષ્ટ્રના અર્થતંત્રમાં અગ્રેસર રાજ્ય

**રાજ્યમાં કુદરતી આફતોના સમયે કેન્દ્ર સરકાર તરફથી ગત ૫ વર્ષમાં SDRF, SDMF, NDRF અને NDMF હેઠળ કુલ રૂ. ૮,૧૫૧ કરોડથી વધુની સહાય મળી**

• ગાંધીનગર

ગુજરાત સરકારે તેની નાણાકીય શિસ્ત, લાંબાગાળાનું આયોજન અને જનહિતલક્ષી અભિગમ દ્વારા દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. રાજ્યના સર્વાંગી વિકાસ અને કલ્યાણકારી યોજનાઓને વેગ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત કાર્યરત છે. નાણા વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ ૬.૫ ટકાથી વધુ છે, જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૪ ટકા નોંધાયો છે. આટલું જ નહીં, વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૪-૨૫ સુધીના ૧૩ વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. આ ઉપરાંત નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકારે નાણાકીય વ્યવસ્થાપનમાં પણ મજબૂત શિસ્ત જાળવી છે. નાણાકીય જવાબદારી અને અંદાજપત્ર વ્યવસ્થાપન અધિનિયમ (FRBM Act) મુજબ રાજ્યના કુલ એકંદર ઘરગથ્થું ઉત્પાદનના (GSDP) સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. આ મર્યાદાની સામે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર ૧૪.૬૫ ટકા જેટલું નીચું રાખવાનું આયોજન કરીને ઉત્કૃષ્ટ નાણાકીય વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારનું દેવું એ રાજ્યના વિકાસકાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક મહત્વપૂર્ણ સંસાધન છે, જેનો ઉપયોગ જનહિતના કામો માટે કરવામાં આવે છે. ગુજરાત સરકારના બજેટમાં સિંહફાળો વિકાસલક્ષી કાર્યો પાછળ ખર્ચવામાં આવે છે. નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ રૂ. ૪ લાખ કરોડથી વધુના બજેટમાંથી રૂ. ૨.૬૨ લાખ કરોડથી વધુ એટલે કે, લગભગ ૬૫ ટકાથી વધુ બજેટ વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યું છે, જેથી રાજ્યના નાગરિકોની જનસુખાકારીમાં વધારો કરી શકાય. ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસલક્ષી ખર્ચનું પ્રમાણ સતત જાળવી રાખીને જનતાના કલ્યાણને પ્રાધાન્ય આપ્યું છે.

# કેડી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી યુવતી દવા લેવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ મોતને ભેટી

## હરિદ્વાર તરફ જતી ટ્રેનની અડફેટે યુવતીનું મોત

• ગાંધીનગર

પાટનગર ગાંધીનગરમાં આજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સેક્ટર-26 ઓવરબ્રિજ નીચેથી પસાર થતા રેલવે ટ્રેક પર હરિદ્વાર તરફ જતી ટ્રેનની અડફેટે યુવતીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. કેડી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા ગોમતીબેન દવા લેવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ ટ્રેનની અડફેટે મોતને ભેટ્યા હતા.આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, સેક્ટર-26 ઓવરબ્રિજ નીચેથી પસાર થતા રેલવે ટ્રેક પર હરિદ્વાર તરફ જતી ટ્રેનની અડફેટે આવતા એક અજાણી યુવતીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. રેલવે ટ્રેક પર જ્યારે આ અકસ્માત સર્જાયો ત્યારે નજીકમાં જ આવેલી સરકારી પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ સેક્ટર-21 પોલીસ મથકની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. આ કેસની તપાસ કરી રહેલા ASI દશરથભાઈએ જણાવ્યું હતું કે, અજાણી યુવતીની ઓળખ થઈ ચૂકી છે. સેક્ટર 3 એ પ્લોટ નંબર 1220/2 બેમાં રહેતા 25 વર્ષ વર્ષીય ગોમતીબેન જયરામ સંઘ ચૌધરીના



સાતેક વર્ષ અગાઉ લગ્ન થયા હતા. તેમના પતિ BMS ડોકટર છે. જેઓ મૂળ સુઈના ભરડવા ગામના વતની છે. આજે સવારે 25 વર્ષીય ગોમતીબેન ઘરેથી દવા લેવાનું કહીને નીકળ્યા હતા. દરમિયાન ઉક્ત સ્થળે ટ્રેનની અડફેટે મોતને ભેટ્યા હતા. આ જાણીને તેમના પતિ સ્થળ પર દોડી આવ્યા હતા. કેમકે ગોમતીબેન ફોન પણ રીસીવ કરી રહ્યા ન હતા. ગોમતીબેન કેડી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા હતા. હાલમાં પતિની વધુ પૂછતાછ થઈ શકી નથી.જ્યારે પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી ચાલી રહી છે .

**વિકાસ**

### ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને મોટો ફાયદો

# નર્મદા જિલ્લાને 302 કરોડ ના ખર્ચે બે નવા આધુનિક પુલોનું થશે નિર્માણ

## રાજ્ય સરકાર દ્વારા રેંગણ ઘાટ-રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ-તિલકવાડા ઘાટપર નવા પુલને મંજૂરી

• દીપક જગતાપ, રાજપીપલા

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા જિલ્લાના ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવર-જવરની સરળ કનેક્ટિવીટી માટે નર્મદા જિલ્લામાં ૨ નવા પૂલોના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપી છે. એટલું જ નહીં નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પૂલ માટે ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ અંગે નર્મદા જિલ્લા પ્રમુખ નીલ રાવના જણાવ્યા અનુસાર આ બે પૂલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામોમાં વસતા ગ્રામ જનોને પણ અવર-જવર માટે સુગમતા રહેશે તથા આ વિસ્તારમાંથી શાળા-કોલેજોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ચોમાસાના સમય દરમિયાન પણ આવવા-જવામાં સુવિધાયુક્ત રસ્તાની સવલત મળશે સાથે પરીક્રમામાં આવતા લાખો પરીક્રમા




વાસીઓને ભવિષ્યમાં આ બંન્ને પૂલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.આ સુવિધાઓથી જનતાને ઘણો મોટો ફાયદો થશે.સરકારના આ નિર્ણયથી નર્મદાવાસીઓ માં આનંદની લાગણી પ્રસરી છે.

### વેલુકના ખેડૂતોએ કુદિયાણા માઈનોર ના દરવાજાનો હેડ જે.સી.બી.મશીનથી તોડી સરકારી નુકસાન કરતા જિલ્લા કલેકટરને રાવ

# ઓલપાડ કાંઠા વિસ્તારમાં હજુ પણ સિંચાઈ પાણીની મોકાણથી ખેડૂતોના બે જૂથ આમને-સામને

## સિંચાઈ તંત્ર ના સ્થાનિક અધિકારીઓને અસરગ્રસ્ત ખેડૂતોએ ઘટનાની જાણ કરવા છતાં તેઓ સ્થળ ઉપર ફરક્યા જ નહી

• ઓલપાડ

કાકરાપાર કેનાલમાં પાણી છોડાયાના ૧૯ દિવસ પછી પણ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ પાણી ન મળવાથી ઉનાળું ડાંગરની રોપણી અટકતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.જેથી રોષે ભરાયેલા પાણીથી વંચિત ખેડૂતોએ પાણી-પાણીના પોકાર સાથે સોંસક ગામની સીમમાં જે.સી.બી.થી કુદિયાણા માઈનોરના દરવાજા નીચેની પાકી પાળ સરકારી પરમિશન વિના તોડી નાંખતા બીજા જૂથના ખેડૂતો આમને-સામને આવી ગયા હતાં અને એક જૂથે સરકારી મિલ્કતને નુકસાન થવા મામલે જિલ્લા કલેકટર અને સિંચાઈ અધિક્ષક ને લેખિત ફરીયાદ કરી છે.

આ મામલે ત્રણે ગામના ખેડૂતોએ ભાજપ અગ્રણી કિરીટ પટેલની આગેવાનીમાં સુરત જિલ્લા કલેકટર અને સુરત સિંચાઈ વર્તુળના અધિક્ષકને રૂબરૂમાં લેખિત ફરીયાદ કરી છે કે, કાકરાપાર જમણા કાંઠા યોજના હેઠળ રાંદેર સિંચાઈ વિભાગની પેટા કચેરી થકી હજીરા કેનાલના ૭૧ આર.ડી ફાંટાથી સરોલી,કુદિયાણા, ભાંડુત,બરબોધન કેનાલ દ્વારા ખેડૂતો ખેતરમાં સિંચાઈનું પાણી લે છે.હાલમાં ઉનાળું ડાંગરની રોપણી સહિત શેરડી અને શાકભાજીના પાકને પાણીની તાતી જરૂરિયાત છે. જયારે કુદિયાણા માઈનોરના વન. એલ અને ટુ.એલ. ફાંટામાંથી ખેડૂતોને પાણી મળી રહે તે માટે૯આર.ડીપાસે સિંચાઈ વિભાગે નહેરના નીચાણ ભાગમાં વધુ વહી જતા પાણીને કંટ્રોલ કરવા અઢી ફૂટથી વધુ ઉંચી પાકી પાળ બનાવેલ હતી.નહેરની અંદરની આ પાળ સોમવારે કેટલાક ખેડૂતોએ સરકારી પરમિશન વિના જેસીબી મશીનથી તોડી સરકારી મિલ્કતને નુકસાન કરેલ છે.જેથી નહેરમાંથી પાણી વહી જવાથી ઉપરવાસના ખેડૂતો ની ડાંગર રોપણી અટકી ગઈ છે.

કલેકટરરાય પાસે પહોંચેલા આ ખેડૂતોએ આક્રોશ સાથે રજુઆત કરી હતી કે,આ ઘટના થી નુકસાન થતા અમોએ સ્થળ પરથી રાંદેર સબ ડિવિઝન સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર તથા સુરત સિંચાઈ વર્તુળના એક્ઝિક્યુટિવ ઈજનેરને ટેલિફોનિક જાણ કરવા છતાં કોઈ અધિકારી કે કર્મચારી સ્થળ ઉપર ફરક્યા ન હતા.આ અધિકારી ઓએ સ્થળ ઉપર રૂબરૂ આવી ખેડૂતોની સમસ્યાનું નિરાકરણ લાવવાને બદલે પરસ્પર વૈમનસ્ય ઉભું કરવાની ભૂમિકા ભજવી છે.જેથી સરકારીમિલ્કતનેતથાખેડૂતોનેથયેલ નુકસાન માટે જવાબદારો વિરૂધ્ધ કડક પગલાં ભરવા અમારી માંગ છે. સિંચાઈ તંત્ર કેનાલની ક્ષમતા પ્રમાણે પાણી તો છોડે જ છે.પરંતુ વર્ષોથી નહેરની ઉપરવાસના ખેડૂતો નહેરની નીચાણમાં વધુ વહી જતા પાણીને કંટ્રોલ કરવા ઠેર-ઠેર મુકેલ દીવો પુરેપુરો દબાવવા સાથે કાદવ-ઘાસના ડૂચાની આડ કરતા નહેરના નીચાણ ભાગમાં પાણી આવતું નથી.આ બાબતે ખેડૂતો વચ્ચે અનેક વખત બબાલ થતા મામલો પોલીસ મથક સુધી પણ પહોંચ્યો છે.જયારે ગેરકાયદેસર થતી આ કામગીરી જોઈ તેને ડામવાની જવાબદારી સિંચાઈ તંત્રના અધિકારીઓ અને કર્મીઓની છે.પરંતુ તેઓ ઓફિસમાં આરામ ફરમાવતા હોવાથી નહેરની સાઈડ વિઝીટ કરતા ન હોવાથી આવા ખેડૂતોને મોકળું મેદાન મળી જાય છે.એટલું જ નહીં આ ખેડૂતો સિંચાઈ તંત્રના કર્મીઓના મેળાપીપણામાં ખેત પાકમાં બબ્બે વખત પિયત કરતા હોવાથી નહેરના નીચાણ વિસ્તારમાં પાણી આવતું જ નથી અને નહેર રોટેશનના અંતિમ દિવસોમાં આવે, ત્યારે પાણી બંધ થવાથી અમો ખે તરમાં પિયત કરી શકતા નથી.

# ઓલપાડના કારેલીમાં મકાનમાંથી પોલીસે રૂ.૨૭.૭૪ લાખનો ગાંજાનો જથ્થો ઝડપ્યો

## સુરત જિલ્લા એસ.ઓ. જી.પોલીસે કુલ રૂ.૩૦.૩૪ લાખનો મુદ્દામાલ કબજે લીધો

• ઓલપાડ

સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસે ઓલપાડ તાલુકાના કારેલી ગામની એક રેસીડેન્સીના મકાનમાંથી રૂ.૨૭,૭૪,૬૫૦ ની કિંમતનો ગાંજાના જથ્થા સાથે ઓરીસ્સા રાજયના ૦૪ આરોપીઓને દબોચી જેલ હવાલાતમાં પુરી દીધા છે.પોલીસે આ ગાંજાના વેપલા નું નેટવર્ક ચલાવનારા અન્ય ૦૭ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાની પોલીસ ટીમ ગત સોમવાર, તા-૨૩ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી.તે સમયે એ.એસ.આઈ જગદીશ કામરાજ તથા અ.હે.કો.પ્રકાશ વાલજીને સયુંક્ત બાતમી મળી હતી કે, કારેલી ગામે મધુવન રેસીડેન્સીનાં મ.નં.૧૮૮ માં રહેતા ઈસમોએ છોટા હાથી ટેમ્પામાં સુરત ખાતેથી ગાંજાનો જથ્થો ભરી લઈ આવી મકાનમાં સંગ્રહ કરેલ છે.આ બાતમીના પગલે પોલીસે મકાનમાં છાપો મારી તલાસી લેતા મકાનમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો કુલ ૫૫.૪૯૩ કિલોગ્રામ જથ્થો,જેની કિંમત રૂ.૨૭,૭૪,૬૫૦ મળી આવ્યો હતો.જેથી પોલીસે મકાનમાં હાજર ચાર ઓરીસ્સા રાજ્યના ઈસમોને દબોચી તેઓની અંગજડતીથી મળેલ મોબાઈલ ફોન નંગ-૦૬,જેની કિંમત રૂ.૫૫,૦૦૦,રોકડા રૂ.૪,૭૭૦, ટાટા કંપનીનો ટેમ્પો નં: જીજે-૦૫,સી.યુ-૧૫૩૧,જેની કિંમત રૂ.૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૩૪,૪૨૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસે ઝડપાયેલ આરોપીઓને ગાંજાના જથ્થા મામલે પૂછપરછ કરતા તેઓએ કહ્યું કે,આ ગાંજાનો જથ્થો ઓરીસ્સાથી તેમના સાગરીતો ટ્રેનમાં મોકલતા હતાં.જે ગાંજાનો જથ્થો છોટા હાથી ટેમ્પામાં ભરી લાવી મકાનમાં સંગ્રહ કરી વેપલો કરતા હતાં. જેથી એસ.ઓ.જી.શાખાના પોલીસ કર્મીએ ઓલપાડ પોલીસ મથકમાં એન.ડી.પી.એસ.ગુનાની કલમો હેઠળ કુલ ૧૧ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ કરી ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઝડપેલ ૦૪ આરોપીઓને ઝડપી અન્ય૦૭આરોપીઓનેવોન્ટેડજાહેરકર્યા પોલીસે મુળ ઓરીસ્સા રાજ્યના ગંજામ જિલ્લાનાવતનીઅનેહાલમાંકારેલીગામે મધુવન રેસીડેન્સી મકાન નંબર-૧૮૮ માં રહી ગાંજાના વેપલાનું નેટવર્ક ચલાવતા ૦૪ આરોપીઓ પૈકી જયસેન તોફાન મહંતી(ઉ.વ.૨૫),સુશાંત પ્રફુલ્લા નાયક(ઉ.વ.૨૬), અજય ઉર્ફે અજયા નિત્યાનંદ નાયક(ઉ.વ.૨૫)તથા શ્રીકાંત શિબરામ પલતા(ઉ.વ.૧૯)ને દબોચી લીધા હતાં.જયારે આ ગુનામાં ગાંજાનો જથ્થો મોકલી વેચાણ કરાવનાર ઓરીસ્સાના બે શખ્સો પૈકી રાજેશ ઉર્ફે રામ ઉર્ફે ગંગુ ચેલી બલરામ દેવ તથા જયસિંગ સહિત બંન્ને શખ્સો દ્વારા ટ્રેનમાં માલ આપી જનારા બે ઈસમો તેમજ સાયણ રેલ્વે ટ્રેકના પિલ્લર પાસે લાઈટ બતાવી ગાંજાનો જથ્થો ભરેલ બેગ આપનાર જયસિંગ નો માણસ તથા ગાંજાનો જથ્થો વેચાણ લેનાર અજાણ્યા ઈસમો અને ગાંજા વેચાણના પૈસા લઈ જનાર જયસિંગનો શુભમ નામના શખ્સ મળી કુલ ૦૭ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

# ગાંધીનગર : ઝુંડાલ ગામમાં પાર્લર પર માત્ર 10 રૂપિયાની ફાટેલી નોટ બદલવા જેવી નજીવી બાબતે હુમલો

• ગાંધીનગર

ગાંધીનગરના ઝુંડાલ ગામમાં પાર્લર પર માત્ર 10 રૂપિયાની ફાટેલી નોટ બદલવા જેવી નજીવી બાબતે થયેલી તકરારમાં બે શખ્સોએ 63 વર્ષીય નિવૃત બેંક કર્મચારી પર જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યા હોવાની ફરિયાદ અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ગાંધીનગરના ઝુંડાલ શ્યામવેદ સફાયર સોસાયટીમાં રહેતા 63 વર્ષીય દિપકકુમાર બળવંતરાય પંડ્યા કો-ઓપરેટીવ બેંકમાંથી નિવૃત થયા છે. તેઓ ગત સોમવારે બપોરે પોતાની પત્ની સાથે લગ્નપ્રસંગ પતાવી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે રસ્તામાં સ્વામીનારાયણ મંદિર પાસે આવેલા શ્રીજી પાર્લર પર મસાલો લેવા ઉભા રહ્યા હતા. જ્યાં પાર્લર સંચાલકે તેમને 10 રૂપિયાની ફાટેલી નોટ આપતા દિપકકુમારે તે બદલી આપવા વિનંતી કરી હતી. ત્યારે ત્યાં હાજર રાજુ ઉર્ફે રાજ ઠાકોરે (ઝુંડાલ ) ઉશ્કેરાઈ જઈને કહ્યું કે, 10 રૂપિયાની નોટ માટે શું કચકચ કરો છો. ત્યારબાદ તેણે વૃદ્ધને ગાળો આપી રોડ પર પાડી દઈ ગડદાપાટુનો માર માર્યો હતો. તે સમયે અન્ય એક શખ્સ વિશાલ ઠાકોરે પકડી રાખી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઝઘડો શાંત થયા બાદ જ્યારે વૃદ્ધ પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે રાજુ ઠાકોર એક્ટિવા લઈને પાછળ ગયો હતો. અને આજે તો હું તને જોઈ લઈશ તેમ કહી લાકડાના ધોકા વડે વૃદ્ધના કપાળ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં વૃદ્ધને ગંભીર ઈજાઓ થતા લોહીલુહાણ હાલતમાં સત્યમેવ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે અડાલજ પોલીસે રાજુ ઉર્ફે રાજ ધનાજી મફાજી ઠાકોર અને વિશાલ ભરતજી ઠાકોર (બંને રહે. ઝુંડાલ) વિરુદ્ધ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લાના માલપુર પંચાયતના સરપંચ તથા ઉપસરપંચ સામે વોર્ડના સભ્યો દ્વારા ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ



• દિપક પરમાર ઘડિયા

સભ્યો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે કે માલપુર પંચાયતના વિકાસના કામોમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર માલપુર ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી દ્વારા સરકારના નીતિ નિયમો નેવી મૂકી ખોટા બિલ ચૂકવી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરાતો તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવા સભ્ય દ્વારા રજૂઆત કરાઈ સભ્યો દ્વારા મુખ્યમંત્રી તથા અરવલ્લી કલેકટર અને ડીડીઓ ટીડીઓ ને લેખિત માં રજૂઆત કરી તટસ્થ તપાસની માંગ કરી ટૂંકસમયમાંન્યાય નહીંમળેતો માલપુર બજાર સ્વયંભૂ બંધ રાખી ટીડીઓ કચેરીએ ભૂખ હડતાલ કરવાની ચીમકી અરજદાર દ્વારા ઉચ્ચારવામાં આવી છેલ્લા કેટલાય સમયથી સરપંચ ઉપસ્થિત રહેતા નથી અને સરપંચની હયાતી હોવા છતાં ડેપ્યુટી સરપંચ દ્વારા ખોટો વહીવટ કરવામાં આવતો હોવાનો પણ આક્ષેપ

### ઉદ્યોગપતિઓના દબાણ સામે સરકાર શા માટે લાચાર ? : અમિત ચાવડા

# ડબલ એન્જીનની સરકારમાં ગરીબોના ઘર પર બુલડોઝર : અમિત ચાવડા

• અમદાવાદ

વિધાનસભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાનું સંબોધન કરતા જણાવ્યું હતું કે, ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકારનો સાચો ચહેરો બહાર આવ્યો છે. ગરીબોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં કડકાઈ દેખાડતી આ સરકાર ઉદ્યોગપતિઓ સામે કેમ લાચાર બની જાય છે? પૂછાયેલા પ્રશ્ન નંબર ૩૩ના જવાબમાં સરકારે સ્વીકાર્યું છે કે હજીરા ખાતે આવેલી આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડિયા કંપની દ્વારા સરકારી તથા ગૌચર જમીન પર કુલ ૧૭૩ હેક્ટર જેટલું દબાણ કરવામાં આવ્યું છે. છેલ્લા અનેક વર્ષોથી વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં સરકાર પોતે જ રેકોર્ડ પર મૂકે છે કે અલગ-અલગ સર્વે નંબરની જમીનો પર વર્ષો સુધી ગેરકાયદેસર



કબજો ચાલુ રહ્યો છે. કેટલીક જમીન પર ૩૮ વર્ષથી, કેટલીક પર ૩૬ વર્ષથી, કેટલીક પર ૩૩ વર્ષથી અને કેટલીક પર ૩૦ વર્ષથી દબાણ હોવાની કબૂલાત સરકારે જ કરી છે. એક જ કંપની દ્વારા ૧૭૩ હેક્ટર જેટલી વિશાળ સરકારી જમીન પર વર્ષો સુધી કબજો હોવા છતાં સરકાર તેને ખાલી કરાવી શકતી નથી. ત્યાં બુલડોઝર નથી ચાલતા. પરંતુ બીજી તરફ રાજકોટમાં ગરીબોના ઘરો પર બુલડોઝર ચાલે છે; અમદાવાદમાં ઠાકર, રબારી, દલિત, બક્ષીપંત અને લઘુમતી સમાજના ઘરો પર કાર્યવાહી થાય છે. અંબાજી, વેરાવળ, સોમનાથ, દ્વારકા જેવા વિસ્તારોમાં લોકોના આશિયાના અને મંદિરો પર પણ બુલડોઝર ફરે છે. ડબલ એન્જિન સરકારમાં ગરીબ સામે કડકાઈ અને ઉદ્યોગપતિ સામે નરમાઈ કેમ? ત્રીસ-ત્રીસ વર્ષ જૂના દબાણ પર પણ કાર્યવાહી ન કરી શકતી આ સરકાર "સબકા સાથ, સબકા વિકાસ"નો સૂત્ર આપે છે, પરંતુ હકીકતમાં ગરીબ અને મધ્યમ વર્ગના હિતોનું નુકસાન કરતી અને ઉદ્યોગપતિઓ સામે લાચાર બનતી દેખાય છે.

ગુજરાતમાં સતત ડિજીટલ અરેસ્ટની ઘટનાઓ વધી રહી છે બીજી બાજુ નકલી ગઠીયાઓ બેફામ બન્યા : પ્રજાને તો જાણે 'સુડી વચ્ચે સોપારી' જેવો ઘાટ : ડૉ. હિરેન બેંકર

# નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ કામયાબ: નકલી મોડેલએ તંત્રને કર્યું લકવાગ્રસ્ત : ડૉ. હિરેન બેંકર

## લુંટનો કારોબાર કરનારા નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજર? ભાજપના રાજમાં ફૂલતું ફાલતું 'નકલી મોડેલ' : ડૉ. હિરેન બેંકર

• અમદાવાદ

ગુજરાતમાં એક બાદ એક નકલી અધિકારીઓ અને નકલીઓનો કારોબાર ભાજપ શાસનમાં ધમધોકાર ચાલી રહ્યો છે. નકલીઓ દ્વારા નાગરિકોને લુંટવાના બેફામ કારનામાંઓને રોકવામાં નાકામ ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નકલી અધિકારી બની ગઠીયાઓ પ્રજાને સરેઆમ લુંટી રહ્યાં છે. રાજ્યમાં જાણે કાયદો વ્યવસ્થા કે પોલીસતંત્રની જરાય ડર જ ન હોય તેમ સરકારી કામો કરી આપવા, પ્રમોશન આપવા અને અપાવવા, ટેન્ડર આપવવા, આરોપીઓને છોડી મુકવા સહીતની નીતનવી મોડેસ ઓપરેન્ડીઓ થકી ગુજરાતીઓને છેતરતી 'ઠગ કંપની' બેફામ બની છે. જાણે નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ અસરકારક હોય અને 'નકલી મોડેલ'એ તંત્રને લકવાગ્રસ્ત કર્યું હોય એમ બનાવટી અધિકારીઓ છાકટા બની નાગરિકોને લુંટી રહ્યાં. નકલી કસ્ટમ અધિકારી, ડેપ્યુટી કલેકટર, આઈપીએસ, સીબીઆઈ અધિકારી, સીઆઈડી અધિકારી, કેન્દ્રીય એજન્સી અધિકારી, ગૃહમંત્રાલયનો અધિકારી, શાળામાં લોકો ભોગ બન્યા છે. ગુજરાતમાં સતત ડિજીટલ અરેસ્ટની ઘટનાઓ વધી રહી છે બીજી બાજુ નકલી ગઠીયાઓ બેફામ બન્યા છે, પ્રજાને તો જાણે 'સુડી વચ્ચે સોપારી' જેવો ઘાટ છે. ગુજરાતમાં કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકાબ ક્યારે થશે. છેલ્લા ત્રણ વર્ષમાં ૪૨થી વધુ નકલી અધિકારીઓ પકડાયા. સુરતના વરાછા પાસેથી નકલી કસ્ટમ અધિકારી હિમાંશુ રાય, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબાના ઈન્દ્રમમાંથી પ્રકાશ નાઈ નામનો નકલી ડે.કલેકટર, સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટર નકલી સીબીઆઈ અધિકારી હિતેશ્વરસિંહ મોરી, ભાજપના નેતાઓ સાથેના ફોટા બતાવી લુટ ચલાવતો નકલી કેન્દ્રીય એજન્સી અધિકારી ભરત છાબડા, સુરતના કામરેજથી નકલી આઈપીએસ પ્રદીપ પટેલ, સુરતમાં મહિલાઓને પજવણી કરતો નકલી સીઆઈડી અધિકારી તરુણ ભટ્ટ, યુનીવર્સીટી રોડથી નકલી ગૃહમંત્રાલયનો અધિકારી સૌરીશ ઘોષ, કરાઈમાં ટ્રેનીગ લેતો નકલી પીએસઆઈ મયુર તડવી, ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા બતાવતો નકલી પીએમઓ અધિકારી કિરણ પટેલ, સંજય શેરપુરિયા, નકલી સીએમઓ અધિકારી લવકુશ દ્વિવેદી જેના ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા સામે આવ્યા, જામનગર પોલીસને આરોપીને છોડી મુકવા ભલામણ કરતો નકલી સીએમઓ અધિકારી નિકુંજ પટેલ, નકલી ED અધિકારી ઓમવીરસિંહ, નકલી NIA અધિકારી ગુંજન કાંતિયા, માંડવી તાલુકમાં નકલી ડેપ્યુટી કલેક્ટર નેહા પટેલ, નકલી એફસીઆઈ અધિકારી પુણ્યદેવ રાય, વડોદરામાં ઠગે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર નકલી સીએમઓ અધિકારી વિરાજ પટેલ સહીત કેટલાય ગઠિયાઓ મનફાવે તેમ કારનામાં અને કૌભાંડ કરી ગુજરાતની નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણીને બેફામપણે લુંટી રહ્યા છે. ભાજપનાં ચૂંટાયેલા કાઉન્સિલર હિતેશ્વર મોરી નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા. કિરણ પટેલ, સંજય શેરપુરિયા, ભરત છાબડા, સહીત નકલી ગઠિયાઓના ભાજપના નેતાઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ સામે આવ્યા છે. જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબંધ શું છે? પીએમ ઓફીસથી લઈ સીએમ ઓફીસ, આઈએએસથી લઈ આઈપીએસ, કલેકટરથી લઈ કેન્દ્રીય એજન્સીના અધિકારી, ગૃહમંત્રાલય હોય કે કસ્ટમ વિભાગ તમામ સરકારી કચેરીઓના બાબુઓનાં નામે લુંટનો કારોબાર કરનારાઓ નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજરની છે? તે ગુજરાત જાણવા માંગે છે.

### ગુજરાતમાં નકલી અધિકારીઓ પકડાવાના કિસ્સાઓ

| નકલી અધિકારીનુ નામ | નકલી હોદો | નકલી અધિકારીનુ નામ | નકલી હોદો |
|---|---|---|---|
| રૂપેશ દોશી | નકલી કેન્દ્રીય સુરક્ષા એજન્સી અધિકારી | જીતેન્દ્રસિંહ રાઠોડ | નકલી ડીવાયએસપી |
| રોહિત પરમાર | નકલી વકીલ | ભરત સેનવા | નકલી પોલીસ |
| બ્રિજેશ પરમાર | નકલી શિક્ષણ સચીવ | ઘનશ્યામ સંઘાણી | નકલી આર્મી ઓફિસર |
| મોરીસ ક્રિશ્ચિયન | નકલી જજ | જીગર શાહ | નકલ પત્રકાર |
| હિમાશું રાય | નકલી કસ્ટમ અધિકારી | વિવેક દવે | નકલી આઈપીએસ |
| પ્રકાશ નાઈ | નકલી ડે.કલેક્ટર | પ્રવિણ ઠાકોર | નકલી જોઈન્ટ ડાયરેક્ટર |
| હિતેશ્વર મોરી | નકલી સીબીઆઈ | જયેશ ગજ્જર | નકલી નેશનલ ડીરેક્ટર |
| ભરત છાબડા | નકલી અધિકારી | વિજય ચૌહાણ | નકલી આઈટી ઈન્સ્પેક્ટર |
| પ્રદીપ પટેલ | નકલી આઇપીએસ | અર્પિત શાહ | નકલી આઈએએસ અધિકારી |
| તરુણ ભટ્ટ | નકલી સીઆઇડી | જીલ પંચમતિયા | નકલી એડીશનલ કલેક્ટર |
| સીરીશ ઘોષ | નકલી અધિકારી | વિવેક ચૌહાણ | નકલી લોકો પાયલટ |
| મયુર તડવી | નકલી પીએસઆઇ | પ્રિતેશ રાણા | નકલી પોલીસ |
| કિરણ પટેલ | નકલી પીએમઓ અધિકારી | ભાવેશ વસાવા | નકલી પોલીસ |
| સંજય શેરપુરિયા | નકલી પીએમઓ | સંજુ વસાવા | નકલી પોલીસ |
| લવકુશ દ્વિવેદી | નકલી સીએમઓ | યોગેશ બેલેરાવ | નકલી પોલીસ |
| નિકુજ પટેલ | નકલી સીએમઓ | નયન પરમાર | નકલી પોલીસ |
| ઓમવીરસિંહ | નકલી ઈડી અધિકારી | ગૌરાંગ ભીલ | નકલી પોલીસ |
| ગુંજન કાંતિયા | નકલી એનઆઈએ | શાહરુખ અંસારી | નકલી ક્રાઈમબ્રાંચ અધિકારી |
| નેહા પટેલ | નકલી.ડે, કલેક્ટર | મહેશ ઈસ્લામીયા | નકલી રો-અધિકારી |
| પુણ્યદેવ રાય | નકલી અધિકારી | યુવરાજસિંહ રાઠોડ | નકલી પીએસઆઈ |
| વિરાજ પટેલ | નકલી સીએમઓ | સુરેન્દ્રસિંહ લોહાર | નકલી પોલીસ |

રાજ્યમાં વસતી ગણતરી ૨૦૨૭નું દ્વિતબક્કીય આયોજન

# વસતી ગણતરી-૨૦૨૭ ચોકસાઈ, પારદર્શિતા અને ડિજીટલ ગવર્નન્સમાં બેન્ચમાર્ક સ્થાપિત કરશે

**કામગીરી** પ્રથમ તબક્કામાં ઘર-આવાસની માહિતી અને બીજા તબક્કામાં લોકગણના પ્રક્રિયા હાથ ધરાશે

ભારત સરકારના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરની કચેરી દ્વારા આયોજિત વસતી ગણતરી-૨૦૨૭ના પ્રથમ તબક્કાની તૈયારીઓ અંતર્ગત ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાઈ હતી. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે, વસતી ગણતરી-૨૦૨૭ ચોકસાઈ, પારદર્શિતા અને ડિજીટલ ગવર્નન્સમાં બેન્ચમાર્ક સ્થાપિત કરશે. ભારતની વસતી ગણતરી દેશનો સૌથી મોટો અને મહત્વનો વહીવટી કાર્યક્રમ છે. વર્ષ ૨૦૨૭ની વસતી ગણતરી અત્યંત મહત્વની છે કારણકે દરેક નીતિ નિર્ણય માટે આ આંકડા આપણા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જરૂરી બનશે. રાજ્યના શહેરી વિસ્તારોમાં વસતી ઝડપથી વધી રહી હોવાના કારણે આગામી વિકાસલક્ષી કાર્યોમાં આ વસતીના આંકડા પાયારૂપ સાબિત થશે. અગાઉ આ પ્રક્રિયામાં ૩ થી ૪ વર્ષ લાગતા હતા એવી ગણતરીમાં ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ થવાથી આ પ્રક્રિયાને વેગ મળશે. શ્રી એમ.કે.દાસે ઉમેર્યું કે, વસતી ગણતરી-૨૦૨૭ એ માત્ર વૈધાનિક પ્રક્રિયા નથી પરંતુ એવો પાયો છે જેના પર રાષ્ટ્રના ભવિષ્યનું આયોજન, જનહિતલક્ષી યોજનાઓના લક્ષ્યાંક અને વિકાસલક્ષી વ્યૂહરચનાઓ નિર્ભર રહેશે. જેમાં રાજ્યના દરેક જિલ્લા તેમજ શહેરી કક્ષાએ જવાબદારી સાથે ઝીણવટભર્યું આયોજન હોવું આવશ્યક છે. રાજ્ય સરકાર સર્વોચ્ચ વહીવટી સજ્જતા સાથે વસતી ગણતરી-૨૦૨૭ સુપેરે પાર પાડવા પ્રતિબદ્ધ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશનર શ્રી મૃત્યુંજય કુમાર નારાયણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ સમકાલીન વસતી ગણતરી વર્ષ ૧૮૮૧માં યોજાઈ હતી અને ત્યારબાદ વર્ષ ૨૦૧૧ સુધી પ્રતિ દસ વર્ષે વસતી ગણતરી અવિરત ચાલી આવી છે. તેમણે વસતી ગણતરીની વ્યૂહરચના, રોડમેપ, કામગીરીઓ અને ડિજિટલ પાસાઓ પર વિગતે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, વસતી ગણતરીની સફળતા જિલ્લા કલેકટરો અને મ્યુનિસિપલ કમિશનરોના સક્રિય નેતૃત્વ, સમર્થન અને સતત નિરીક્ષણ પર નિર્ભર છે. તેથી, આ કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમણે સૌ અધિકારીઓને સૂચન કર્યું હતું. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિએ જણાવ્યું હતું કે, આ વખતે રજિસ્ટ્રાર જનરલની કચેરી દ્વારા સમગ્ર દેશ માટે અનેક નવીન પહેલો કરવામાં આવી છે. ટેક્નોલૉજીનો વ્યાપક ઉપયોગ કરીને વસતી ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે, જે વાસ્તવિક સમયમાં પારદર્શિતા લાવશે અને ડેટાનું વિવિધ રીતે વિશ્લેષણ સરળ બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રથમ વખત મકાન સૂચિકરણ તબક્કામાં પણ સ્વ-ગણતરીની ડિજીટલ સુવિધા રજૂ કરવામાં આવશે, જેમાં નાગરિકોની સક્રિય ભાગીદારી મેળવી તેમને આ કાર્યના મહત્વના ભાગીદાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાતના વસતી ગણતરી નિયામક શ્રી સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, વસતી ગણતરીની કામગીરીએ વિશ્વની સૌથી મોટી અને જટિલ વહીવટી કામગીરીઓમાંની એક કામગીરી છે, જે ભારતની સંસ્થાકીય મજબૂતી દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, પ્રતિ દસ વર્ષે દેશની વસતીની આંકડાકીય માહિતીની ગણતરી હાથ ધરવામાં આવે છે. જેની વિગતો વિવિધ સંસાધનોની ફાળવણી, શહેરી આયોજન, કલ્યાણ યોજનાઓ અને લક્ષિત હસ્તક્ષેપો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આગામી ૨૦૨૭ની વસતી ગણતરી વધુ વિશેષ એટલા માટે છે કે, તે ડેટા-આધારિત અને ટેક્નોલોજી-સુસજ્જિત શાસનના યુગમાં થઈ રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી આર્દ્રા અગ્રવાલે આ કાર્યક્રમની સજ્જતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત, આ બેઠકમાં ગુજરાતના વસતી ગણતરી નિયામકની કચેરી દ્વારા વિવિધ વહીવટી અને તકનીકી પાસાઓ પર વિગતવાર પ્રેસન્ટેશન સાથે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં HLO Phase-I હેઠળ રાજ્યમાં મકાનો, રહેણાંક એકમો અને ઘરોની વિગતવાર યાદી તૈયાર કરવાની કામગીરીનું આયોજન, તાલીમ, કર્મચારીઓની નિમણૂક અને ડિજિટલ સ્વ-ગણતરી (Self-Enumeration)ની સુવિધા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

# જેતપુરમાં SGOએ દરોડો પાડી બોગસ ડોકટરને ઝડપી પાડ્યો

ધોરણ ૧૦ પાસ મુન્નાભાઈ MBBS ઝડપાયો

• સુરેશ ભાલીયા જેતપુર



જેતપુર શહેરમાં રાજકોટ ગ્રામ્ય પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) દ્વારા એક બોગસ ડોક્ટરને ઝડપી પાડવામાં આવ્યો છે. આ શખ્સ કોઈપણ મેડિકલ ડિગ્રી વગર વર્ષોથી લોકોની સારવાર કરતો હતો. આરોપી નથુની ઉર્ફે મનીષ પાસવાન (ઉંમર ૪૪) મૂળ બિહારના કૈમુર જિલ્લાનો રહેવાસી છે. એસઓજી ટીમે જેતપુર શહેરના કણકીયા પ્લોટ વિસ્તારમાં દરોડો પાડીને આ નકલી ડોક્ટરને પકડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે તે માત્ર ધોરણ-૧૦ પાસ હોવા છતાં અંબર સિનેમા પાછળ ક્લિનિક ચલાવી એલોપેથીક સારવાર કરતો હતો. રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડા દરમિયાન પોલીસે આરોપી પાસેથી કુલ રૂ.૫૧,૯૦૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મુદ્દામાલમાં રૂ. ૫૧,૬૫૫ ની કિંમતની વિવિધ પ્રકારની એલોપેથીક દવાઓ અને રોકડ રકમનો સમાવેશ થાય છે. આ સફળ કામગીરીમાં એસઓજી પી.આઈ. એફ.એ. પારગી, એ.એસ.આઈ. પરબતભાઈ, કોન્સ્ટેબલ રઘુભાઈ, નિર્મળસિંહ, ચિરાગભાઈ અને કલ્પેશભાઈ જોડાયા હતા. જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ ૧૪૮ કિમીના રસ્તાઓ માટે રૂ. ૨૪૬ કરોડના કામો મંજૂર: મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

• ગાંદીનગર

વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની માહિતી આપતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના છેવાડાના વિસ્તારોમાં રોડ-રસ્તાના નેટવર્કને વધુ મજબૂત કરવાની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. જે અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ ૧૪૮ કિમીના રસ્તાઓ માટે રૂ. ૨૪૬ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે. ઈકબાલગઢથી સુરેલા-ધનપુરા-વિરમપુર-અંબાજી રોડના નવનિર્માણ અંગે વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ અને વિરમપુર થઈને યાત્રાધામ અંબાજીને જોડતા મહત્વના માર્ગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૯.૮૦ કરોડના ખર્ચે રોડનું નવીનીકરણ કરવામાં આવશે. જેમાં રોડની વાઈડનીંગની કામગીરી, માટીકામ, મેટલકામ, ડામરકામ, સી સી કામ, જરૂરી પ્રોટેકશન વોલ, ગટરકામ તથા રોડ ફર્નીસિંગ સહિતની તમામ કામગીરીનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, આ રોડના વિકાસથી ઈકબાલગઢના માર્કેટયાર્ડમાં ખેતપેદાશો લઈને આવતા ખેડૂતોને મોટી સુવિધા મળશે. આ ઉપરાંત ૩ પ્રાથમિક શાળાઓ અને એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આસપાસના ચાર ગામોના અંદાજે ૧૩ હજાર કરતા વધુ નાગરિકોને પરિવહનનો સીધો લાભ મળશે. રોડની પહોળાઈ અને માપદંડો વિશે મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા રસ્તાની પહોળાઈ વધારવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ કામગીરી કરવામાં આવે છે. રસ્તાની પહોળાઈ ૩.૭૫ મીટરથી વધારીને ૫.૫૦ મીટર કે ૭ મીટર કરવા માટે પેસેન્જર કાર યુનિટ-PCUના માપદંડો મુજબ કામગીરી કરવામાં આવે છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, જો જમીન સંપાદન, રેલવે લાઈન કે વીજ લાઈન જેવા વ્યાજબી કારણો વિના કોઈ કોન્ટ્રાક્ટર કામમાં વિલંબ કરે તો સરકાર દ્વારા તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં, આવા કિસ્સામાં કોન્ટ્રાક્ટરને પેનલ્ટી કરવાથી લઈને બ્લેકલિસ્ટ કરવા સુધીની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# ગુજરાતમાં થશે જ્ઞાન, ભક્તિ અને ધ્યાનનો મહાસંગમ : વૈશ્વિક આધ્યાત્મિક ગુરુ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ગુજરાતના ત્રણ શહેરોના પ્રવાસે

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને માનવતાવાદી નેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ૨૫ ફેબ્રુઆરીએ ગુજરાતની પાંચ દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. વાસદ, સુરત અને અમદાવાદ ખાતે તેમના આગમનની આતુરતાથી લાખો ભક્તો રાહ જોઈ રહ્યા છે. ગુરુદેવના પવિત્ર સાન્નિધ્યમાં આ ત્રણેય શહેરોમાં આનંદ, જ્ઞાન અને ભક્તિના અદ્વિતીય તરંગો અનુભવાશે. તેમની આ મુલાકાત દરમ્યાન ખાસ જ્ઞાન સત્રો, જાહેર સત્સંગ, દર્શન અને વિશેષ સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૫ ફેબ્રુઆરીએ ગુરુદેવ વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગના ગુજરાત આશ્રમ ખાતે પધારશે. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી દરમિયાન વાસદ આશ્રમમાં ગુરુદેવના સાન્નિધ્યમાં સત્સંગ, ધ્યાન અને વિશેષ જ્ઞાન સત્રો યોજાશે, જેમાં રાજ્યભરના હજારો સાધકો ઉપસ્થિત રહી જ્ઞાન, શાંતિ અને ભક્તિનો અનુભવ કરશે. ૨૮ ફેબ્રુઆરીએ સુરત અને ૧ માર્ચે અમદાવાદ ખાતે 'Soaking in Bliss' શીર્ષક હેઠળ વિશેષ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ઊંડું આધ્યાત્મિક જ્ઞાન, સંગીત, ધ્યાન અને ગુરુદેવ સાથે લાઈવ સંવાદનો સમાવેશ રહેશે. અત્યાર સુધીમાં ગુરુદેવની વિશિષ્ટ તણાવમુક્તિ તકનીકોએ વિશ્વના ૧૮૦થી વધુ દેશોમાં ૮૦ કરોડથી વધુ લોકોના જીવનમાં આંતરિક શાંતિ, આરોગ્ય અને સુમેળ પ્રસરાવ્યો છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં શહેરના ખરાબ રસ્તાઓનું તાત્કાલિક રીપેરીંગ શરૂ

# પોરબંદર મહાનગરપાલિકા દ્વારા માર્ગ સુધારણા કામગીરીને વેગ, ખીજડી પ્લોટ વિસ્તારમાં કામ પ્રગતિ પર





• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ માટે સતત અને સુવ્યવસ્થિત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ શહેરમાં વિવિધ વિકાસલક્ષી કામગીરીઓ હાલ પ્રગતિ પથ પર છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પોરબંદર શહેરના ખીજડી પ્લોટ, પેરેડાઈઝ ફુવારા નજીક ગલી વિસ્તારમાં માર્ગ સુધારણા અને રીપેરીંગની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. આ યોજના હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં જ્યાં રસ્તાઓ ખરાબ હાલતમાં છે ત્યાં તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવી રહ્યું છે. સાથે સાથે જરૂરી સ્થળોએ રોડને ડામરથી મજબૂત બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. પોરબંદર મહાનગરપાલિકાની બાંધકામ શાખા દ્વારા આ કામગીરી આયોજનબદ્ધ રીતે અને ઝડપથી કરવામાં આવી રહી હોવાનું તંત્રએ જણાવ્યું છે. માર્ગોની હાલત સુધરતા વાહનવ્યવહાર વધુ સરળ અને સુરક્ષિત બનશે તેમજ નાગરિકોને રોજિંદી અવરજવર માટે વધુ સુવિધા મળશે. ઉપરાંત શહેરના માર્ગોની ગુણવત્તા અને સૌંદર્યમાં પણ વધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. પોરબંદર મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં પણ શહેરને વધુ સુવ્યવસ્થિત, સ્વચ્છ અને સુવિધાસભર બનાવવા માટે આવી વિકાસાત્મક કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે, તેમ મ્યુનિસિપલ તંત્રએ જણાવ્યું હતું.

પ્રયાસ

ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન પર ભાર : વિષયની રચના અને વિષયવસ્તુ

# કોલેજોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયનો સમાવેશ રાજ્ય માટે ઐતિહાસિક પહેલ, વિદ્યાર્થીઓમાં આપત્તિ પ્રત્યે જાગૃતિ અને અને વ્યવહારુ કુશળતા વિકસશે :રામદેવભાઈ મોઢવાડિયા

## શિક્ષણમાં સમયોચિત સુધારાની જરૂરીયાતઃ રાષ્ટ્રીય માપદંડ મુજબ પાઠ્યક્રમ : શોધ અને બચાવની પ્રકૃતિ ખીલવવાનો પ્રયાસ

• વિરમભાઈ કે આગઠ અમદાવાદ

ગુજરાત સરકાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૭થી રાજ્યની તમામ કોલેજોમાં "ડિઝાસ્ટર મેનેજમેન્ટ" વિષયનો સમાવેશ કરવાનો લેવાયેલો નિર્ણય શિક્ષણ અને સામાજિક સુરક્ષા બંને દ્રષ્ટિએ ઐતિહાસિક અને સમયોચિત ગણાયો છે.બે ક્રેડિટ સાથે આ વિષયનો અમલ થતાં વિદ્યાર્થીઓમાં આપત્તિ પ્રત્યેની જાગૃતિ, જવાબદારી અને વ્યવહારૂ કુશળતા વિકસાવવાનો માર્ગ ખુલશે. પોરબંદર સહિત સમગ્ર રાજ્યમાં આ નિર્ણયને વ્યાપક આવકાર મળ્યો છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાના ડિઝાસ્ટર કમિટીના ચેરમેન એવા પોરબંદરના અગ્રણી રામદેવભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતુ કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૭થી ગુજરાતની કોલેજોમાં "ડિઝાસ્ટર મેનેજમેન્ટ" વિષયનો સમાવેશ કરવાનો નિર્ણય રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં એક ઐતિહાસિક અને સમયોચિત પહેલ તરીકે જોવામાં આવી રહ્યો છે.બે ક્રેડિટ સાથે આ વિષયનો સમાવેશ થવાથી વિદ્યાર્થીઓમાં આપત્તિ પ્રત્યેની સમજણ, જવાબદારી અને વ્યવહારૂ કુશળતા વિકસાવવાનો માર્ગ ખુલશે. પોરબંદર સહિત સમગ્ર રાજ્યમાં આ નિર્ણયને વ્યાપક સ્વાગત મળ્યું છે.ખાસ કરીને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાના ડિઝાસ્ટર કમિટીના ચેરમેન તરીકે કાર્યરત પોરબંદરના અગ્રણીએ આ નિર્ણયને વધાવી સરકારની દુરંદેશી દૃષ્ટિની પ્રશંસા કરી છે. આજના સમયમાં કુદરતી અને માનવસર્જિત આપત્તિઓની આવર્તનતા અને તીવ્રતા બંનેમાં વધારો નોંધાઈ રહ્યો છે.ભૂકંપ, પુર, ચક્રવાત, આગ, ઔદ્યોગિક દુર્ઘટનાઓ, માર્ગ અકસ્માતો તેમજ આરોગ્ય સંકટ જેવી પરિસ્થિતિઓ સામે માત્ર સરકાર અથવા રાહત દળ પુરતા નથી પડતા.આપત્તિ સમયે પ્રથમ પ્રતિસાદ આપનાર વ્યક્તિ ઘણીવાર સામાન્ય નાગરિક જ હોય છે.તેથી શિક્ષણના પ્રારંભિક સ્તરેથી જ વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન અંગે તાલીમ આપવી અત્યંત આવશ્યક બની છે.ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયને બે ક્રેડિટ સાથે જોડવાથી વિદ્યાર્થીઓ તેને ગંભીરતાપુર્વક ભણશે અને તે માત્ર સહાયક વિષય તરીકે નહી પરંતુ જીવનોપયોગી કૌશલ્ય તરીકે અપનાવશે. ગુજરાત રાજ્ય ભૂતકાળમાં અનેક મોટી આપત્તિઓનો સાક્ષી રહ્યું છે.ખાસ કરીને ૨૦૦૧નો ભુકંપ રાજ્ય માટે એક કડવો અનુભવ હતો, જેમાં જાનમાલનું ભારે નુકસાન થયું.કચ્છ સહિતના વિસ્તારોમાં થયેલા આ વિનાશ પછી રાજ્યએ આપત્તિ વ્યવસ્થાપનમાં આધુનિક આયોજન, બિલ્ડિંગ કોડ્સ અને ઝડપી પ્રતિસાદની જરૂરિયાત સમજી.તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં આવતા ચક્રવાતો અને અતિવૃષ્ટિની પરિસ્થિતિઓએ રાજ્યને વારંવાર સજ્જતા અને પુર્વ તૈયારીનું મહત્વ સમજાવ્યું છે.આવી પરિસ્થિતિમાં કોલેજ સ્તરે ડિઝાસ્ટર મેનેજમેન્ટનો સમાવેશ લાંબા ગાળે સમાજને વધુ સુરક્ષિત બનાવવાનો પ્રયાસ છે. રાજ્ય સરકારે આ વિષય માટે મોડ્યુલ તૈયાર કરવા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટના મોડલ કોર્સને આધાર બનાવ્યો છે.એન.આઈ.ડી.એમ. દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમમાં વૈજ્ઞાનિક અભિગમ, રાષ્ટ્રીય માર્ગદર્શિકા અને આંતરરાષ્ટ્રીય ધોરણોનો સમાવેશ થાય છે.આથી વિદ્યાર્થીઓને માત્ર સિદ્ધાંત જ નહી, પરંતુ વ્યવહારૂ તાલીમ પણ મળશે.રાષ્ટ્રીય સ્તરે માન્ય અભ્યાસક્રમથી ગુજરાતના વિદ્યાર્થીઓ દેશના અન્ય રાજ્યો સાથે સમકક્ષ જ્ઞાન પ્રાપ્ત કરશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના પાઠ્યક્રમમાં આપત્તિના પ્રકારો (કુદરતી અને માનવસર્જિત), આપત્તિ પહેલાંની તૈયારી, આપત્તિ દરમિયાન કરવાના તાત્કાલિક પગલાં, પ્રાથમિક સારવાર અને શોધ-બચાવ પ્રક્રિયા, રાહત અને પુનર્વસન વ્યવસ્થા, સંચાર અને સંકલન પદ્ધતિ, સમુદાય આધારિત આયોજન, માનસિક આરોગ્ય અને ટ્રોમા મેનેજમેન્ટ જેવા મુદાઓ આવરી લેવામાં આવશે. વિદ્યાર્થીઓને 'ડ્રોપ, કવર એન્ડ હોલ્ડ' જેવી ભૂકંપ સમયે અપનાવવાની પ્રાથમિક રીતો, આગ લાગે ત્યારે સલામત બહાર નીકળવાની પ્રક્રિયા, પુર કે ચક્રવાત પહેલાં અને પછીની સાવચેતી વગેરે વિશે વ્યવહારૂ માર્ગદર્શન આપવામાં આવશે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાના ડિઝાસ્ટર કમિટીના ચેરમેન એવા પોરબંદરના અગ્રણી રામદેવભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓમાં "સર્ચ એન્ડ રેસ્ક્યુ"ની પ્રકૃતિ ખીલવવી સમયની માંગ છે.આપત્તિ સમયે ગભરાટને બદલે યોગ્ય નિર્ણય લેવો અને સંકલિત કામગીરી કરવી એ ખુબ જ જરૂરી છે.તેમણે ઉમેર્યું કે કોલેજના વિદ્યાર્થીઓ એન.એસ.એસ., એન.સી.સી. અથવા અન્ય સામાજિક સંગઠનો સાથે જોડાયેલા હોય છે. જો તેઓને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ મળશે તો તેઓ સ્થાનિક સ્તરે બચાવ કામગીરીમાં મોટી ભૂમિકા ભજવી શકશે. ગુજરાત જેવા ઔદ્યોગિક રાજ્યમાં કેમિકલ લીકેજ, ફેક્ટરી દુર્ઘટના અથવા માર્ગ અકસ્માત જેવી માનવસર્જિત આપત્તિઓની શક્યતા રહેલી છે. આવી પરિસ્થિતિમાં તાલીમબદ્ધ યુવાનો પ્રથમ પ્રતિસાદ આપી શકે તે માટે આ વિષય અત્યંત મહત્વપૂર્ણ છે.ભવિષ્યમાં ઈન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, મેડિકલ, પોલીસ, વહીવટ અથવા સામાજિક ક્ષેત્રે પ્રવેશતા વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપનનું જ્ઞાન ઉપયોગી સાબિત થશે. આથી રાજ્યમાં એક સજ્જ અને જવાબદાર યુવા દળ ઉભું થશે. આ વિષયનો મહત્વપૂર્ણ પાસું "ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન" છે, એટલે કે આપત્તિ પહેલાં જોખમ ઘટાડવાના ઉપાયો. તેમાં સમાવેશ થાય છે.મકાન બાંધકામમાં સુરક્ષા ધોરણોનું પાલન, પર્યાવરણનું સંરક્ષણ, જળસંચય અને નદી વ્યવસ્થાપન, વનવિસ્તારનું જતન, શહેર આયોજન અને ટ્રાફિક નિયંત્રણ, આ અભિગમ વિદ્યાર્થીઓને માત્ર પ્રતિક્રિયાત્મક નહીં પરંતુ પૂર્વ તૈયારીવાળા નાગરિક બનાવશે. ટકાઉ વિકાસ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી પણ મજબૂત થશે. ૨ ક્રેડિટનો વિષય હોવાને કારણે તેમાં પ્રોજેક્ટ વર્ક, પ્રેઝન્ટેશન અને પ્રેક્ટિકલ તાલીમનો સમાવેશ થશે.કોલેજોમાં મોક ડ્રિલ, સેમીનાર અને વર્કશોપ યોજાશે.નિષ્ણાંતોના વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓને જીવંત અનુભવ મળશે.આ પ્રકારની તાલીમથી ટીમવર્ક, નેતૃત્વ અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા વિકસશે. આપત્તિ સમયે ગભરાટને બદલે શાંતિપુર્ણ અને સુવ્યવસ્થિત પ્રતિસાદ આપવાની માનસિક મજબુતી વિકસાવવામાં મદદ મળશે. કોલેજના વિદ્યાર્થીઓ સમાજમાં પ્રેરક ભૂમિકા ભજવી શકે છે.તેઓ પોતાના પરિવાર અને આસપાસના લોકો સાથે શીખેલી બાબતો વહેંચશે. આથી સમગ્ર સમાજમાં સજ્જતા અને જાગૃતિ વધશે.આ પહેલથી પોરબંદર સહિત રાજ્યના દરિયાકાંઠા, ઔદ્યોગિક અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ આપત્તિ પ્રત્યેની તૈયારી મજબૂત બનશે. યુવાનો સમાજના સાચા અર્થમાં "ચેતન નાગરિક" બની શકશે. પોરબંદર જેવા દરિયાકાંઠાના શહેરમાં ચક્રવાત અને અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિઓનો અનુભવ રહ્યો છે.તેથી અહીંના વિદ્યાર્થીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષય વધુ ઉપયોગી સાબિત થશે. સ્થાનિક સ્તરે કાર્યરત સંસ્થાઓ અને સામાજિક અગ્રણીઓએ આ નિર્ણયને વધાવ્યો છે.ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સાથે સંકળાયેલા આગેવાનોએ જણાવ્યું કે રાજ્ય સરકારે યોગ્ય સમયે યોગ્ય પગલું ભર્યું છે.આથી આગામી સમયમાં માનવસર્જિત અને કુદરતી આફતો સામે લડવા સક્ષમ નવી યુવા પેઢી તૈયાર થશે. કોલેજોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયનો સમાવેશ માત્ર શૈક્ષણિક સુધારો નથી, પરંતુ સુરક્ષિત અને સજ્જ સમાજ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. યુવાનો દેશનું ભવિષ્ય છે, તેઓ તાલીમબદ્ધ અને જાગૃત હશે તો આપત્તિ સમયે જાનહાનિ અને નુકસાન ઘટાડવામાં સફળતા મળશે.૨૦૨૫-૨૭થી શરૂ થનારી આ પહેલ ગુજરાતને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે વધુ સશક્ત, સંવેદનશીલ અને જવાબદાર રાજ્ય બનાવવામાં માઈલસ્ટોન સાબિત થશે. પોરબંદર સહિત રાજ્યના કોલેજના વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ભણાવવાનો નિર્ણય નિશ્ચિત રૂપે આવકારદાયક અને પ્રશંસનીય છે તેમ રામદેવભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતુ.

પતિ સહિત સાત સામે ગુનો દાખલ

# ગાંધીનગરમાં પરિણીતાને પરાણે ગર્ભપાત કરાવી માતૃત્વ છીનવી લીધાનો આક્ષેપ

આક્રોશ

પરિણીતા ના પાડે તો પતિ તેને હેલ્મેટથી ઢોર માર મારતો

ગાંધીનગરના ધણપ પિયરમાં રહેતી અમદાવાદની પરિણીતાને દહેજ ભૂખ્યા સાસરિયાંએ પરાણે ગર્ભપાત કરાવી અસહ્ય શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતા મહિલા પોલીસ મથકે પતિ, સાસુ સહિત સાત સાસરિયાં વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરના ધણપ ખાતે પિયરમાં રહેતી 36 વર્ષીય મહિલાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, લગ્નના 15 વર્ષ દરમિયાન સાસરિયાંઓએ દહેજની ભૂખ સંતોષવા માટે તેને નરક જેવી યાતનાઓ આપી છે. મહિલાનો આક્ષેપ છે કે, વર્ષ 2014માં ગર્ભવતી હતી ત્યારે પતિ વનરાજસિંહ દેવુસિંહ ચાવડા (રહે.ભોગીલાલની ચાલી, અમદાવાદ) અને સાસુએ તેને પ્રેગ્નન્સી નથી તેમ કહી જબરદસ્તીથી ગોળીઓ ગળાવી દીધી હતી. જેથી તબિયત બગડતા તેને હોસ્પિટલ લઈ જવામાં આવતા સાસુએ ધમકી આપી હતી કે જો દવા નહીં ગળે તો હાથપગ બાંધીને ગર્ભપાત કરાવીશું. આખરે એક ષડયંત્ર રચીને ઈચ્છા વિરુદ્ધ ગર્ભપાત કરાવી નાખતા પરિણીતાનું માતૃત્વ છીનવાઈ ગયું હતું. વધુમાં પરણિતાનો દાવો છે કે, લગ્ન બાદથી જ પતિ, સાસુ અને ત્રણ નણંદો દ્વારા તું પિયરથી કંઈ લાવી નથી તેમ કહીને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. નણંદો દ્વારા અવારનવાર સોનાના દાગીના લઈ લેવા અને પિતાની જમીન વેચીને રોકડ રકમ લાવવા માટે દબાણ કરવામાં આવતું હતું. જો પરિણીતા ના પાડે તો પતિ તેને હેલ્મેટથી અને ઢોર માર મારતા હતા. સાસરિયાંઓ વિરુદ્ધ દહેજ પ્રતિબંધક અધિનિયમ સહિતની કલમો હેઠળ ગુનો વધુમાં ફરિયાદમાં એવો પણ આક્ષેપ છે કે, સાસરિયાંઓ દ્વારા પતિને દારૂ પીવા માટે ઉશ્કેરવામાં આવતો હતો. તહેવારોમાં સ્પેશિયલ દારૂ પીવા બોલાવીને પતિ-પત્ની વચ્ચે ઝઘડા કરાવાતા હતા. એટલું જ નહીં પિયરથી લાવેલા પલંગ પર સાસુ અને નણંદ સુતા અને પરિણીતાને 5 વર્ષ સુધી ગટરવાળા રૂમમાં નીચે સુવા માટે મજબૂર કરવામાં આવી હતી. આ મામલે ગાંધીનગર મહિલા પોલીસે પતિ વનરાજસિંહ દેવુંસિંહ ચાવડા, સાસુ સહિત 7 સાસરિયાંઓ વિરુદ્ધ દહેજ પ્રતિબંધક અધિનિયમ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.




# દહેગામમાં વ્યાજખોરોથી કંટાળી યુવકનો આપઘાતનો પ્રયાસ:વીડિયો બનાવી વ્યથા ઠાલવી

વ્યાજખોરો સામે કરોડોની ઉઘરાણીનો આક્ષેપ

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વટવા ગામે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી એક યુવકે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. જમીન દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા યુવકે સ્યુસાઈડના પ્રયાસ પહેલા એક વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.જેમાં યુવકે વ્યાજખોરો કરોડો રૂપિયાની ઉઘરાણી કરતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ મુદ્દે યુવકની પત્નીની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વટવા ગામના અને ખેતી તેમજ જમીન દલાલીનું કામ કરતા યુવકે ગઈકાલે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ તેમને તાત્કાલિક 108 મારફતે દહેગામ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ ગંભીર હાલતમાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં ખસેડ્યા હતા. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે.



યુવકે આપઘાતનો પ્રયાસ કરતા પહેલા બનાવેલા વીડિયોમાં પોતાની વ્યથા ઠાલવી હતી. આપઘાતનો પ્રયાસ કરતા પહેલા યુવકે દાવો કર્યો છે કે 'ભેમાભાઈ રબારીએ એક કરોડ એસી લાખ મુડીના 9 કરોડ તથા ઝવેરભા રબારીએ 2 કરોડ 55 લાખ મુડીના 8 કરોડ 55 લાખ તથા ભેમાભાઈ રબારી સર્વે નં.142ની જમીનનો દસ્તાવેજ કરી લીધો છે. અને હજુ બીજા બે કરોડની માગણી કરે છે. ભેમાભાઈ રબારી (વટવા, દહેગામ) ઝવેરભાઈ રબારી(વટવા, દહેગામ) નિલુબેન રબારી(વટવા, દહેગામ) વિશાલભાઈ રબારી ( રહે. બારીયા, દહેગામ ) એટલું જ નહીં યુવકે આક્ષેપ કર્યો કે રાજવીરસિહ મહાવિરસિંહ રાઠોડે અઢી વર્ષથી એક કરોડ લઈ ગયેલા અને પૃથ્વીસિંહ ચાવડા પણ રૂપિયા ચાલીસ લાખ રોકડા લઈ ગયા હતા અને રૂપિયા વીસ લાખની કિંમતના ચેક લઈ ગયા છે. તેમજ ભેમાભાઈના પરીવારજનો પણ ધમકીઓ આપે છે. અને જે પૈસાની માગણી કરી મને સતત ત્રાસ આપે છે, જેના કારણે હુ ઝેરી દવા પી લઉ છુ. આ મામલે યુવકના પત્નીએ આજે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું કે છેલ્લા બે વર્ષથી વ્યાજખોરો અવારનવાર ઘરે આવીને ઊંચા વ્યાજદર માટે દબાણ કરતા અને માનસિક ત્રાસ આપતા હતા. જેને લઈ ભેમાભાઈ ખોડાભાઈ રબારી, ઝવેરભાઈ કમશીભાઈ રબારી, નિલુબેન ખોડાભાઈ રબારી (ત્રણેય રહે. વટવા, તા. દહેગામ) તેમજ વિશાલભાઈ રબારી (રહે. બારીયા, તા. દહેગામ) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાળકી પર થયેલા અત્યાચાર મામલે 'હુમન રાઈટ્સ ફેડરેશન' (USA) દ્વારા નાયબ મામલતદારને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરાઈ

જેતપુર:નવાગઢ વિસ્તારમાં ૫ વર્ષની માસૂમ બાળકી પર થયેલા અમાનવીય દુષ્કર્મની ઘટનાને લઈને લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ગંભીર મુદ્દે 'હુમન રાઈટ્સ ફેડરેશન' (USA) દ્વારા આજે જેતપુરના નાયબ મામલતદારશ્રીને રૂબરૂમાં આવેદનપત્ર પાઠવી આરોપીને કડકમાં કડક સજા કરવાની માંગ કરવામાં આવી છે. મુખ્ય રજૂઆતો અને નકલ રવાના: ન્યાયની માંગ: આવેદનપત્રમાં માંગ ક ર વામાં આવી છે કે ૫ વર્ષની બાળકી પ ર અત્યાચાર ગુજારનાર નરાધમ જીતુ ભો જાણીને ફાંસીની સજા અપાય અને સ્પેશિયલ પ્રોસીક્યુટરની નિમણૂક કરી કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવે. ઉચ્ચ સ્તરે રજૂઆત: આ કેસની ગંભીરતાને જોતા, આવેદનપત્રની નકલ તાત્કાલિક અસરથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબ તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી મનીષાબેન વકીલને નકલ રવાના (CC) કરવામાં આવી છે. છટકબારી રોકવા અપીલ: આરોપી પોતાની દિવ્યાંગતાનો ખોટો ફાયદો ઉઠાવી કાયદાની પકડમાંથી છટકી ન જાય તે માટે પોલીસ પ્રશાસનને સતર્ક રહેવા સંસ્થાએ તાકીદ કરી છે. આ પ્રસંગે હુમન રાઈટ્સ ફેડરેશન (USA) ના આંતરરાષ્ટ્રીય મહિલા મોરચાના સુપ્રીમ લીડર કાજલબેન વાળા, જેતપુર તાલુકા ઉપપ્રમુખ મોદન મુકતારભાઈ વિનયકાન્ત વાળ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સંસ્થાના હરિ સેવક મહેન્દ્ર આયલાણી દ્વારા જણાવાયું છે કે જરૂર પડશે તો આ મુદ્દે રસ્તા પર ઉતરીને આંદોલન કરતા પણ સંસ્થા અચકાશે નહીં.

# રાજકોટના યુવાનની હત્યામાં સંડોવાયેલા બે આરોપીઓ ઝડપાયા

રાજકોટઃ રાજકોટના નાણાવટી ચોક આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા અને ચેનની ચિલઝડપ સહિતના ઘણાં ગુનાઓમાં પકડાયેલા વિમલ ઉર્ફે ભાયો સતિષ અગ્રાવતની મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં હત્યા કરી ભાગી ગયેલા બે આરોપીઓ માહિર મજીદ સોલંકી (ઉ.વ.૨૨, રહે. જંગલેશ્વર) અને રાજ વાહીદ ચૌહાણ (ઉ.વ.૨૨, રહે. નાણાવટી ચોક, આવાસ યોજનાના કવાર્ટર)ને પેરોલ ફર્લો સ્કવોડે જંગલેશ્વર વિસ્તારમાંથી ઝડપી લઈ અમરાવતી રૂરલ પોલીસના હવાલે કર્યા હતા.

રાજકોટ પોલીસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિમલની સગીર બહેનને એક શખ્સ ભગાડી ગયો હતો. તેના સગા આરોપીઓ માહિર અને રાજ છે. બહેનને ભગાડી જવાના ઝઘડામાં વિમલે આરોપી પક્ષની કાર ગાંધીગ્રામ પોલીસ મથકના વિસ્તારમાં સળગાવી હતી. જેને કારણે બંને પક્ષો વચ્ચે માથાકૂટ વધી હતી. વિમલ આરોપી પક્ષ પાસેથી સમાધાન માટે પૈસા માંગી ધાક-ધમકી આપતો હતો.

એટલું જ નહીં હાલ ગુજરાતમાં વોન્ટેડ હોવાથી મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં છૂપાઈ ગયો હતો. જયાંથી તેણે બંને આરોપીઓને સમાધાન માટે બોલાવ્યા હતા. તે વખતે ઝઘડો થતાં બંને આરોપીઓએ તેને છરીના ઘા ઝીંકી પતાવી દીધો હતો. ત્યાર પછી આરોપીઓ ભાગી ગયા હતા.

ગુલાબ કુંવરબા આયુર્વેદિક કોલેજને બંધ કરતા નજીવી ફી માં સ્નાતક અનુસ્નાતક અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓની તક છીનવાઈ

# ગુલબાઈ કુંવરબા આયુર્વેદિક કોલેજ અને છેલ્લા પાંચ વર્ષથી ભાજપ સરકારે મારી દીધા તાળા

• અમદાવાદ

ગુજરાતની ઐતિહાસિક ૧૯૪૬માં સ્થપાયેલી ગુલાબ કુંવરબા આયુર્વેદિક કોલેજને છેલ્લા પાંચ વર્ષથી ભાજપ સરકારે તાળા મારી દેવાનું પાપ કર્યું છે. જેના લીધે વ્યાજબી ફીમાં આયુર્વેદકના સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસક્રમોની તક છીનવાઈ હોવાનો ગંભીર આરોપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતની સૌથી જુનામાં જુની ૧૯૪૬માં સ્થપાયેલી શ્રી ગુલાબ કુવરબા આયુર્વેદિક મહાવિદ્યાલય પ્રતિષ્ઠિત આયુર્વેદિક સંસ્થા કે જેમાં દર વર્ષે મેરીટ ધરાવતા ઉત્તમ ૬૦ આયુર્વેદિક ડોકટરો તૈયાર કરવાની મહત્વની કામગીરી થતી હતી. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૨૧-૧૧-૨૦૨૦ના રોજ એક પરિપત્રથી રાષ્ટ્રીય દરજ્જાનો નિર્ણય કર્યો, જેમાં તમામ મિલકતો રૂપાંતર કરવામાં આવી પણ આજે પાંચ પાંચ વર્ષ જેટલો સમય વીતી ગયો છતાં ૬૦ વર્ષ જૂની ઐતિહાસિક સ્નાતક-અનુસ્નાતક આયુર્વેદિક કોલેજ શરૂ કરવા માટે કોઈ કામગીરી કરવામાં આવી નથી જે ઘણી જ ગંભીર બાબત છે. ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૧ની કલમ ચાર અન્વયે હેડક્વાર્ટર સ્થળ નક્કી કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૧ની કલમ ૮(૨) મુજબ ગુજરાત સરકારશ્રી કક્ષાએથી સ્નાતક (UG) કોન્સ્ટીટ્યુટ કોલેજનો નિર્ણય કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૧ની કલમ ૩૬(૨) મુજબ ગુજરાત સરકારની કક્ષાએથી અનુસ્નાતક (PG) કોલેજ અથવા પીજી સેન્ટરનો નિર્ણય કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. એટલે કે કાયદો અમલ આવ્યાના પાંચ-પાંચ વર્ષ વિતી ગયા છતાં રાજ્ય સરકાર આર્યુવેદ કોલેજ સ્નાતક-અનુસ્નાતક અને હેડક્વાર્ટર અંગે નિર્ણય કરતી નથી અથવા તો જાણી જોઈને વ્યાજબી ફીમા આર્યુવેદા શિક્ષણથી ગુજરાતના વિદ્યાર્થીઓને વંચિત રાખવાનું પાપ કરી રહી છે.

ગુજરાતમાં છેલ્લા દશ વર્ષથી આર્યુવેદા કાઉન્સીલ દ્વારા ગુજરાતની કોલેજોને મંજુરીમાં અતિવિલંબ કરીને પ્રવેશ પ્રક્રિયાને ખોરંભે પાડી રહી છે. સરકારી-ગ્રાન્ટેડ કોલેજોને તાળા મારીને ખાનગી આર્યુવેદ કોલેજોને ૩.૮૦ લાખ થી ૯ લાખ જેટલી માતબર ફી ઉઘરાવવાના લૂંટના લાયસન્સ ભાજપ સરકારે આપી દીધા છે જે ઘણી જ ગંભીર બાબત છે.

# મિચ્છામી દુકકડમ, આ સભા બરખાસ્ત કરાય છે,મેયર.... ઘણાં કોર્પોરેટરોની આંખો ભીની થઈ

### ફરી કોર્પોરેટર બનવા મળે -ના મળે

• અમદાવાદ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્તમાન ટર્મની અંતિમ બોર્ડ બેઠકમાં ઘણાં કોર્પોરેટરોની આંખો ભીની થઈ ગઈ હતી.પાર્ટી ટિકીટ આપે કે ના આપે, ફરી કોર્પોરેટર બનવા મળે કે ના મળે.ભાજપના મહિલા કોર્પોરેટરો સેલ્ફી લેવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા. વિપક્ષનેતાએ ઝીરો અવર્સમાં ભાજપ શાસનના કૌભાંડ ગણાવ્યા તો સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યુ, અંચાઈ ના કરો. હવે સાંભળો ૧૬૦થી વધુ આવીશુ.ભાજપની પોલીસી મુજબ, જે લોકોને હવે ટિકીટ મળવાની જ નથી તેવા કોર્પોરેટરો કોંગ્રેસના કોર્પોરેટરોને ભેટી પડયા હતા. અધ્યક્ષ સ્થાનેથી મેયર પ્રતિભા જૈને કહ્યુ, સૌને મારા મિચ્છામિ દુકકડમ. આજની આ સભા બરખાસ્ત કરવામા આવે છે.

વર્ષ-૨૦૨૧થી શરુ થયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્તમાન ટર્મની છેલ્લી બોર્ડ બેઠક હોવા છતાં ભાજપ કે કોંગ્રેસના કોર્પોરેટરોમાં જે પ્રમાણે પાંચ વર્ષની કામગીરી કર્યાનો સંતોષ હોવા જોઈએ.એ કયાંય જોવા ના મળ્યો. વિપક્ષનેતા શહેજાદખાન પઠાણે છેલ્લા પાંચ વર્ષમા આગ લાગવાની ઘટનાઓના કારણે શહેરના અલગ અલગ વિસ્તારોમા કુલ રૂપિયા ૪૪૦ કરોડનુ મિલ્કત અને માલસામાનને નુકસાન થયુ હોવાની રજૂઆત કરી હતી. ફાયર વિભાગમાં બે વર્ષથી સ્નોરસ્કેલ વસાવવાની મંજૂરી સ્ટેન્ડિંગ કમિટીએ આપ્યા પછી પણ વસાવી શકાઈ નથી એવો આક્ષેપ કર્યો હતો. ઉપરાંત ફાયર વિભાગમાં ૩૧૬ જગ્યા ખાલી હોવા છતાં ભરાતી નથી. દરમિયાન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને આક્ષેપોનો જવાબ આપતા કહ્યુ, સ્નોરસ્કેલ વસાવવા ગ્લોબલ ટેન્ડર કરાયુ હતુ. આ પ્રકારે કરવામા આવતા ટેન્ડરોમાં ટેકનીકલ બાબતો જોવામા આવતી હોવાથી કયારેક સમય પણ લાગતો હોય છે. ફાયર વિભાગમાં થોડા મહિનાઓ પહેલા જ ચીફ ફાયર ઓફિસર સહિતની જગ્યાઓ ભરવામા આવી છે. પહેલી વખત અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ માટે અલગ અલગ એડીશનલ ચીફ ફાયર ઓફિસરની નિમણૂંક કરવામા આવી છે.

૯ માર્ચ- ૨૦૨૬ મેયર સહિતના તમામ ૧૯૧ કોર્પોરેટરો માટે છેલ્લો દિવસ બની રહેશે.ભાજપ હોય કે કોંગ્રેસ આ ટર્મમા ઘણાં એવા કોર્પોરેટર જીતીને આવ્યા હતા.જે તેમના પોતાના વ્યકિતગત દેખાવ કે કામગીરી નહીં પરંતુ પાર્ટીના સિમ્બોલના કારણે જીત્યા હતા. આવા કોર્પોરેટરોને તેમનો પક્ષ ટિકીટ આપવાનો નથી. આ પરિસ્થિતિમા તમામે અત્યારથી જ કોર્પોરેશનમાંથી તેમના બિસ્ત્રા-પોટલાં બાંધી ઘરે મોકલવાની શરુઆત કરી દીધી છે.

**જોખમ** — દર્દીના જીવનું જોખમ અને સર્જરીની જટિલતા

# અમદાવાદ સિવિલમાં 7 બાળકોની સાપની જેમ વાંકી વળી ગયેલી કરોડરજ્જુના ઓપરેશન સફળ, નિ:શુલ્ક સર્જરી કરાઈ

### જીવ જવાનો ખતરો અથવા તો લકવો થવાનું જોખમ

• અમદાવાદ



અમદાવાદ સિવિલ મેડિસિટી સ્થિત ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ ફરી એકવાર માનવીય સેવા મહેકાવી છે. આરોગ્ય વિભાગના સહયોગથી આયોજિત 'ઈન્ડો-અમેરિકન સ્પાઈન સર્જરી કેમ્પ' અંતર્ગત કરોડરજ્જુની અત્યંત જટિલ વિકૃતિ ધરાવતા 7 બાળકોનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે. વૈશ્વિક આંકડા મુજબ દર 1000 બાળકોમાં 1 બાળકમાં જોવા મળતી કાઈફોસિસ અને સ્કોલિયોસિસ જેવી વિકૃતિઓ સામે આ કેમ્પ એક નવી આશા લઈને આવ્યો છે. 'કાઈફોસ્કોલિયોસિસ' એક ગંભીર બીમારી છે, જેમાં બાળકની કરોડરજ્જુ સાપની જેમ વાંકી વળી જાય છે, તેની સારવાર સામાન્ય મધ્યમ વર્ગ માટે એક સ્વપ્ન સમાન હોય છે. પરંતુ, ઈન્ડો-અમેરિકન સર્જરી કેમ્પના માધ્યમથી આ સ્વપ્ન હકીકત બન્યું છે. સર્જરીની જટિલતા અંગે ઈન્ડો-અમેરિકન સર્જરી કેમ્પના ડૉક્ટરો જણાવે છે કે, આ એક અત્યંત જટિલ સર્જરી છે. સરેરાશ 4 થી 5 કલાક સુધી ચાલતી આ સર્જરીમાં કરોડરજ્જુને સીધી કરતી વખતે અત્યંત નાજુક ચેતાઓ (Nerves) અને રક્તવાહિનીઓ વચ્ચે કામ કરવાનું હોય છે. સર્જરી દરમિયાન મુખ્ય પડકાર સતત 'ન્યુરો-મોનિટરિંગ'નો હોય છે. જો કોઈ પણ પગલું ખોટું પડે, તો મુખ્ય રક્તવાહિનીની ઈજાને કારણે દર્દીનો જીવ જઈ શકે છે અથવા જીવનભરનો લકવો (Paralysis) આવી શકે છે. આ જોખમને ખાળવા માટે અમેરિકન ન્યુરો-મોનિટરિંગ ટીમ અને એનેસ્થેસિયા નિષ્ણાતોએ પણ ટેકનિકલ સહયોગ આપ્યો હતો. આ પ્રકારની જટિલ સર્જરીનો ખર્ચ ખાનગી હોસ્પિટલોમાં રૂ. 5 થી 10 લાખ જેટલો આંકવામાં આવે છે. ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ વર્ષ દરમિયાન આવી 30 થી 40 સર્જરીઓ કરે છે. આ કેમ્પમાં ૯ વર્ષના એક બાળક પર 'ગ્રોઈંગ રોડ સર્જરી' કરવામાં આવી હતી, જે આધુનિક મેડિકલ સાયન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ 'ગ્રોઈંગ રોડ સર્જરી' બાળકની ઉંમર વધવાની સાથે તેની કરોડરજ્જુને સીધી રાખવામાં મદદ કરશે. આ કેમ્પના આયોજનથી માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશના અન્ય રાજ્યોમાંથી આવેલા બાળકો અને દર્દીઓનેને લાભ આપવામાં આવ્યો છે. આરોગ્ય રાજ્યમંત્રીએ ઈન્ડો-અમેરિકન ડૉક્ટરોના માનવીય અભિગમને બિરદાવ્યો હતો. સંસ્થાના નિયામકે જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રે 'ઈન્ડો-અમેરિકન-ઈન્ટરનેશનલ' સહયોગને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. આ પ્રકારના સહયોગ દ્વારા માત્ર જટિલ સારવાર જ શક્ય નથી બનતી, પરંતુ મેડિકલ વિદ્યાર્થીઓ અને ડૉક્ટરો માટે 'શૈક્ષણિક એક્સચેન્જ પ્રોગ્રામ'ને પણ વેગ મળશે. આનાથી ગુજરાતમાં મેડિકલ અને સર્જિકલ શિક્ષણના વિકાસમાં પાયાનું યોગદાન મળશે. સર્જરી બાદ દર્દીઓ માટે 'પોસ્ટ સર્જરી રિહેબિલિટેશન' (પુનર્વસન) પણ એટલું જ મહત્વનું છે, જેના પર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના આ સફળ પ્રયોગે સાબિત કર્યું છે કે ઉચ્ચ ટેકનોલોજી અને નિષ્ણાત હાથોનો સમન્વય સામાન્ય માનવીના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

**પવન બદલાતા આજથી તાપમાન થોડુ ઘટશે**

# સુરેન્દ્રનગર, લખતર, મુળી, ધ્રાંગધ્રામાં વરસાદી ઝાપટા : જીરૂને નુકસાનની ભીતિ

### તૈયાર રવી પાક લેવાના સમયે માવઠાંના માહોલથી ખેડૂતો ચિંતિત

સુરેન્દ્રનગર - બંગાળની ખાડીમાં લો પ્રેસર અને ઉત્તરપશ્ચિમ ઉત્તરપ્રદેશથી રાજસ્થાન થઈને ઉત્તર ગુજરાત સુધી વરસાદી માહૌલ સર્જતું ટ્રફ સર્જાતા તેની અસર હેઠળ આજે રાજ્યમાં છૂટાછવાયા સ્થળે કમોસમી વાદળો સાથે સુરેન્દ્રનગર જિલ્લામાં હળવા માવઠાં વરસ્યા હતા જેના પગલે જીરૂ, ચણા જેવા ઉભા પાકને નુક્શાનની ભીતિ સેવાઈ રહી છે.



સુરેન્દ્રનગર જિલ્લામાં હવામાન વિભાગની આગાહીને પગલે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને શહેરી વિસ્તારમાં સોમવારે રાત્રે કમોસમી માવઠું પડયું હતું. આ ઉપરાંત લખતર તાલુકામાં પણ મોડી રાત્રે શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચે થયેલા માવઠાથી શિયાળુ પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

લખતર તાલુકામાં દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતુ અને મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટા બાદ કડુ, ઓળક, માલિકા, તરમણીયા, કળમ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક કમોસમી માવઠા પડયા હતા.જેને પગલે થોડી મિનિટો માટે ઉનાળાના પ્રારંભે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. ઓચિંતા પડેલ કમોસમી માવઠાથી ખેડુતો ચિંતિત બન્યા હતા. ધ્રાંગધ્રા, લખતર, મુળી તાલુકામાં હાલ ખેડુતોના ખેતરોમાં જીરાનો પાક તૈયાર થઈને ઉભો છે તેમજ કોઈ જગ્યાએ ખેડુતો દ્વારા ખેતરમાંથી જીરૂ ઉપાડવાની કામગીરી ચાલુ છે.ત્યારે અચાનક પડેલ કમોસમી માવઠાથી ખેડુતોના મોં માં આવેલો કોળીયો છીનવાઈ જવાની ભીતી સેવાઈ રહી છે. આ ઉપરાંત સાયલા, લીંબડી તાલુકામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો.

**ધાર્મિક લાગણી દુભાવવાના ગુનામાં છૂટકારો થતાં**

# હવે કીર્તિને ફરજ રૂકાવટના ગુનામાં હાજર થવા પોલીસની નોટિસ

### ખંડણીના કેસમાં કીર્તિની સાથીદાર દિવ્યા એક દિવસના રિમાન્ડ પર

જૂનાગઢ: વિવાદાસ્પદ કીર્તિ પટેલને ધાર્મિક લાગણી દુભાવવાના ગુનામાં પોલીસે હાજર થવા નોટિસ આપી હતી, જેમાં તેની બે કલાક પૂછપરછ કર્યા બાદ તેનું નિવેદન લઈ જામીન મુક્ત કરવામાં આવી છે. જ્યારે ખંડણી માંગવાના અને બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરવાના ગુનામાં કીર્તિ પટેલની સાથીદાર દિવ્યા સાવલાણીની પોલીસે ધરપકડ કરી રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરી હતી. કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. હવે કીર્તિ પટેલને પીઆઈની ફરજમાં રૂકાવટના ગુનામાં આવતીકાલે હાજર થવા ફરી નોટિસ આપવામાં આવી છે.



ચર્ચાસ્પદ બનેલા કીર્તિ પટેલના કેસમાં રોજ નવા-નવા વળાંક આવી રહ્યા છે. પોલીસ દ્વારા તેની પટેલ સામે ત્રણ ગુના દાખલ કરવામાં આવ્યા હતા. ખંડણી માંગવાના તથા બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકીના ગુનામાં કીર્તિ પટેલ, તેની સાથીદાર દિવ્યા સાવલાણી સહિતનાઓ પર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં ગઈકાલે કીર્તિ પટેલને જામીન મળ્યા બાદ આજે દિવ્યાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેના ત્રણ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરતા બંને પક્ષોની દલીલ સાંભળી કોર્ટ દ્વારા આવતીકાલે બપોરના ૪ વાગ્યા સુધી રિમાન્ડ આપવામાં આવ્યા છે.

જ્યારે પ્રભાસ-પાટણના નિરાલી ખોડીયાર આશ્રમના મહંતે મૃગીકુંડમાં કીર્તિ પટેલે સ્નાન કરવાથી ધાર્મિક લાગણી દુભાવવાની ફરિયાદ કરી હતી તે ગુનામાં ભવનાથ પોલીસ દ્વારા કીર્તિ પટેલને નોટિસ આપવામાં આવી હતી. આજે પોલીસે આ ગુનામાં તેનું નિવેદન લઈ તેને જામીન મુક્ત કરી છે. જ્યારે ફરીવાર આજે કીર્તિ પટેલને પોલીસે પીઆઈની ફરજમાં રૂકાવટના ગુનામાં હાજર થવા નોટિસ ફટકારી છે. આવતીકાલે ફરજ રૂકાવટના ગુનાના કામે જૂનાગઢ તાલુકા પોલીસ સમક્ષ હાજર થવા ફરમાન કરાયું છે. ભવનાથ પોલીસ સ્ટેશનમાં ફરજ રૂકાવટના ગુનાની તપાસ ભવનાથ પીઆઈને બદલે એસપી દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ગગનીયાને સોંપવામાં આવી છે. જેથી કીર્તિ પટેલે ફરજ રૂકાવટના ગુનાના કામે તાલુકા પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું છે. આમ, ચર્ચાસ્પદ બનેલા કેસમાં રોજબરોજ તેણે અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

## રાશીફળ (તા.25-02-2026)

**મેષ** (અ.લ.ઈ) — આજનો દિવસ તમારા માટે નવા અવસર લઈને આવશે. કાર્યક્ષેત્રમાં તમારી ઊર્જા અને આત્મવિશ્વાસ વધશે. કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત ફાયદાકારક બનશે.

**વૃષભ** (બ.વ.ઉ) — આજે તમે માનસિક રીતે સંતુલિત અને સકારાત્મક અનુભવશો. પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. નોકરી કે વ્યવસાયમાં સ્થિરતા રહેશે.

**મિથુન** (ક.છ.ઘ) — આજે તમારો સંવાદકૌશલ્ય તમારી સૌથી મોટી શક્તિ બનશે. કોઈ મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં મળેલી સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા અવસરો માટે તૈયાર રહો.

**કર્ક** (ડ.હ) — આજે તમે ભાવનાત્મક રીતે થોડા સંવેદનશીલ રહી શકો છો. પરિવારનો સહકાર મળવાથી મન શાંત રહેશે. કારકિર્દીમાં નવી જવાબદારી મળી શકે છે જે આગળ જઈને લાભદાયક સાબિત થશે.

**સિંહ** (મ.ટ) — આજનો દિવસ આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. નોકરીમાં પ્રશંસા કે પ્રમોશન મળી શકે છે. વેપારીઓ માટે દિવસ અનુકૂળ છે. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલી શકાય છે.

**કન્યા** (પ.ઠ.ણ) — આજે તમારું ધ્યાન કામ પર વધારે રહેશે. અનુશાસન અને આયોજનથી કામ કરશો તો સફળતા નિશ્ચિત છે. આર્થિક સ્થિતિ સારી રહેશે, પરંતુ ખર્ચામાં વધારો થઈ શકે છે.

**તુલા** (ર.ત) — આજે સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. કોઈ નવા પ્રોજેક્ટ અથવા કામની શરૂઆત માટે દિવસ ઉત્તમ છે. મિત્રોથી સહકાર મળશે.

**વૃશ્ચિક** (ન.ય) — આજે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતાં સાવધાની રાખો. આર્થિક લાભ મળી શકે છે, પરંતુ ખર્ચ પણ વધશે. પરિવારમાં કોઈ મુદ્દે ચર્ચા થઈ શકે છે, તેથી ધીરજ રાખો.

**ધન** (ભ.ધ.ફ.ઢ) — આજનો દિવસ નવા અવસર અને સકારાત્મક બદલાવોથી ભરેલો રહેશે. પ્રવાસના યોગ શુભ છે અને લાભદાયી બનશે. વ્યવસાયમાં વિસ્તરણની યોજના સફળ થશે.

**મકર** (ખ.જ) — આજે કામની વ્યસ્તતા વધુ રહેશે. જવાબદારીઓ પૂરી કરવામાં સમય જશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવશે. આર્થિક મામલામાં સાવધાની રાખો.

**કુંભ** (ગ.શ.ષ.સ) — આજે તમારા વિચારોની સ્પષ્ટતા તમને ખાસ બનાવશે. કામની જગ્યા પર નવી યોજના બનેલી જોવા મળશે, જેમાં તમારી ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આર્થિક લાભ મળી શકે.

**મીન** (દ.ચ.ઝ.થ) — આજનો દિવસ આધ્યાત્મિકતા અને આત્મચિંતનનો રહેશે. મન શાંત રહેશે અને કામમાં વધુ ધ્યાન આપી શકશો. આર્થિક મામલામાં સુધારો થશે.

# ભારતમાં હવે સીમ કાર્ડ વિના વોટ્સએપ નહીં ચાલે

### કમ્પ્યુટર પર વોટ્સએપ છ કલાકમાં લોગઆઉટ થઈ જશે : નવા નિયમો માર્ચથી અમલમાં આવશે

નવી દિલ્હી : દેશમાં અત્યાર સુધી સીમકાર્ડ વિના પણ વોટ્સએપ ચલાવી શકાતું હતું. એટલે કે મોબાઈલમાં સીમકાર્ડના હોય તો પણ અને કમ્પ્યુટરમાં પણ વોટ્સએપ ચલાવી શકાતું હતું. પરંતુ સાયબર ફ્રોડ રોકવા માટે કેન્દ્ર સરકારે મોટાભાગના ઓટીટી એપ્સ માટે 'સીમ બાઈન્ડિંગ'નો નિયમ ફરજિયાત કરવાના પગલે વોટ્સએપ પ્લેટફોર્મે પણ તેની સુવિધાઓમાં આ સર્વિસનો સમાવેશ કર્યો છે, જેને પગલે હવે સીમ કાર્ડ વિના વોટ્સએપ ચલાવી નહીં શકાય. વધુમાં કમ્પ્યુટર પર વોટ્સએપ લિંક્ડ કરેલું હશે તો તે ૬ કલાકથી વધારે ચાલશે નહીં.




દેશમાં સતત વધી રહેલા સાયબર ફ્રોડના કારણે કેન્દ્ર સરકારે હવે વોટ્સએપ, સિગ્નલ, ટેલિગ્રામ જેવી એપ્લિકેશન્સની કામ કરવાની પદ્ધતિ બદલી નાંખી છે. ટેલિકોમ વિભાગે નવેમ્બર ૨૦૨૫માં વોટ્સએપ સહિતની બધી જ એપ્લિકેશન્સે સીમ બાઈન્ડિંગનો નિયમ અમલમાં મૂકવા નિર્દેશ આપ્યા હતા. આ નિયમના અમલ માટે આ એપ્લિકેશન્સને ૯૦ દિવસનો સમય અપાયો હતો, જે ફેબ્રુઆરીઆરી ૨૦૨૬માં પૂરો થાય છે. એટલે કે માર્ચ ૨૦૨૬થી વોટ્સએપ, સિગ્નલ અને ટેલિગ્રામ જેવી બધી જ એપ્લિકેશન્સ માટે આ નિયમનો અમલ કરવો ફરજિયાત છે.

વોટ્સએપે આ નિયમના અમલ માટે તેની એપ્લિકેશન્સમાં જરૂરી ફેરફાર શરૂ કરી દીધા છે. આ નિયમ હેઠળ હવે યુઝર્સ સીમકાર્ડ વિના વોટ્સએપ સહિતની એપ્લિકેશન્સનો ઉપયોગ નહીં કરી શકે. આ કારણે વોટ્સએપ વેબ જેવી સેવાઓ કે જેના મારફત આ એપ્લિકેશન્સનો કમ્પ્યુટરમાં પણ ઉપયોગ કરી શકાય છે તેના વપરાશમાં યુઝર્સને થોડી મુશ્કેલીઓ ઊભી થશે.


નવા નિયમના પગલે કમ્પ્યુટરમાંથી વોટ્સએપ વેબ પ્રત્યેક છ કલાકમાં ઓટોમેટિક લોગઆઉટ થઈ જશે. આ ઉપરાંત નવા નિયમના કારણે વારંવાર સ્માર્ટફોન બદલતા લોકો, માત્ર વાઈ-ફાઈથી ટેબલેટના ઉપયોગ અથવા અનેક ડિવાઈસ પર વોટ્સએપ જેવી મેસેજિંગ એપ ચલાવતા લોકોને મુશ્કેલી પડશે.

વોટ્સએપ સહિતની મેસેજિંગ એપ્લિકેશન્સે જે ડિવાઈસમાં સીમ કાર્ડ રજિસ્ટર કરાયું હોય તે સતત એક્ટિવ છે તેની ખરાઈ કરતા રહેવું પડશે. સીમ કાર્ડને જેવું ફોનમાંથી કાઢવામાં આવશે, બીજા ફોનમાં નાંખવામાં આવશે અથવા ડીએક્ટિવેટ કરાશે એટલે વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્લિકેશન્સ તુરંત કામ કરતી બંધ થઈ જશે.

વોટ્સએપે ટેલિકોમ વિભાગના આદેશ પર સીમ બાઈન્ડિંગ ફિચર પર કામ શરૂ કર્યું છે. હવે વોટ્સએપના બીટા વર્ઝન ૨.૨૬.૮.૬ પર તેની સાથે સંકળાયેલું એક પોપ-અપ જોવા મળ્યું છે. એવામાં માનવામાં આવે છે કે ટૂંક સમયમાં આ ફીચર બધા જ ભારતીય યુઝર્સ માટે રજૂ કરાશે. વોટ્સએપની જેમ જ સિગ્નલ, ટેલિગ્રામ, અરાટ્ટાઈ, સ્નેપચેટ, શેરચેટ, જિયોચેટ, જોશ જેવી બધી જ એપ્લિકેશન્સ માટે આ નિયમનો અમલ ફરજિયાત કરાયો છે. દેશમાં વધી રહેલા સાયબર ગુના વચ્ચે લોકોની સુરક્ષા અને સાયબર ફ્રોડ ઘટાડવા માટે સરકારે આ કાર્યવાહી હાથ ધરી છે. ભારતમાં મોટી સંખ્યામાં લોકો ફોનમાં સીમ કાર્ડ નાંખ્યા વિના જ અન્ય નંબરના વોટ્સએપ એકાઉન્ટનો ઉપયોગ કરતા હતા. એવામાં સરકાર માટે સાયબર ગુનેગારોને પકડવાનું કામ મુશ્કેલ થઈ ગયું હતું. આ સમસ્યાના ઉકેલ માટે સરકારે સીમ બાઈન્ડિંગ નિયમ અમલમાં મૂક્યો.

# ડભોઈ તાલુકાના ચનવાડા ગામ નજીક ત્રણ ગામનું દારૂનો નાશ કરવામાં આવ્યો

## બોટલ નંગ-૨૧,૩૭૩ કુલ કી.રૂ.૪૦,૦૩,૨૮૯/- મુદ્દામાલનો નાશ



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ,વાઘોડીયા તથા ચાણોદ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી પકડાયેલ વિદેશી દારુના અલગ અલગ ગુનાના કામે કબજે કરેલ બોટલ નંગ-૨૧,૩૭૩ કુલ કી.રૂ.૪૦,૦૩,૨૮૯/- મુદ્દામાલનો નાશ પોલીસ અધિકારી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં સંદિપસિંહ, પોલીસ મહાનિરીક્ષકશ્રી વડોદરા વિભાગ, વડોદરા તથા શ્રી સુશિલ અગ્રવાલ, પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય, વડોદરા નાઓએ વડોદરા ગ્રામ્ય જીલ્લામાં પોલીસ સ્ટેશનમા ઘણા સમયથી પડી રહેલ મુદ્દામાલનો નાશ અંગે સત્વરે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ. જે આધારે નાયબ પોલીસ અધિક્ષક શ્રી આકાશ પટેલ ડભોઈ ડિવીઝન ડભોઈ નાઓએ ડભોઈ ડીવીઝનમા સમાવિષ્ટ થતા પોલીસ સ્ટેશનના જુદા જુદા ગુનાઓમા કબજે કરેલ વિદેશી દારૂના મુદ્દામાલના નાશ/નિકાલ અંગે કાર્યવાહી કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા સુચના આપેલ.જે આધારે જે.એમ.ચાવડા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડભોઇ પોલીસ સ્ટેશન,એ.કે. ભરવાડ શ્રી પોલીસ ઈન્સ્પેક્ટર વાઘોડીયા પોલીસ સ્ટેશન, ડી.આર. ભાદરકા શ્રી પોલીસ ઈન્સ્પેક્ટર ચાણોદ પોલીસ સ્ટેશન નાઓએ ડભોઈ,વાઘોડીયા તથા ચાણોદ પોલીસ સ્ટેશનમા પડી રહેલ પ્રોહી મુદ્દામાલના નાશ માટે નામદાર કોર્ટ પાસેથી જરૂરી મંજુરી મેળવી મુદ્દામાલના નાશ માટે કાર્યવાહી હાથ ધરેલ અને નામદાર કોર્ટ તરફથી મુદ્દામાલના નાશ માટે મંજૂરી આવતા આજરોજ સીતપુર ગામ ખાતે આવેલ તુલસી રેસીડન્સી વિસ્તારમાં પંચોના માણસો તથા વિદેશી દારૂ નાશ કમીટીના અધિકારી શ્રી સબ ડીવી. મેજી. શ્રી રવીરાજસિંહ પરમાર ડભોઈ સેવાસદન, તથા ઈન્ચા.ના.પો.અધિક્ષક શ્રી સી.એન. ચૌધરી ડભોઈ ડીવીઝન,ડભોઈ તથા શ્રી એસ.એમ.માંગરોલીયા સુપ્રિટેન્ડન નશાબંધી અને આબકારી વડોદરા વિભાગ વડોદરા તથા ઉપરોક્ત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ઓની હાજરીમા (૧) ડભોઇ પોલીસ સ્ટેશનના અલગ અલગ કુલ-૨૫ ગુન્હાઓમાં કબજે કરેલ વિદેશી દારૂની નાની મોટી બોટલો તથા બિયરો મળી કુલ નંગ-૧૦,૧૨૩ જેની કુલ કિ.રૂ. ૧૩,૦૯,૦૦૩/- (૨) વાઘોડીયા પોલીસ સ્ટેશનના અલગ અલગ કુલ-૩૨ ગુન્હાઓમા કબજે કરેલ વિદેશી દારૂની નાની મોટી બોટલો તથા બિયરો મળી કુલ નંગ-૮૩૪ જેની કુલ કિ.રૂ.૮૭,૦૮૦/- (૩) ચાણોદ પોલીસ સ્ટેશનના અલગ અલગ કુલ-૪ ગુન્હાઓમા કબજે કરેલ વિદેશી દારૂની નાની મોટી બોટલો તથા બિયરો મળી કુલ નંગ-૧૦૪૧૬ જેની કુલ કિ.રૂ.૨૬,૦૭,૨૦૬/- મળી બોટલ કુલ નંગ- ૨૧,૩૭૩ જેની કુલ રૂ.૪૦,૦૩,૨૮૯/-નો મુદ્દામાલ ઉપર રોલર ફેરવી જથ્થાનો સંપુર્ણ રીતે લાખો રૂપિયાના વિદેશી શરાબ નો નાશ કરવામા આવ્યો હતો...

હાલાકી

### ખેડૂતો અને વેપારીઓને બેવડો માર

# વિકાસના પોકળ દાવા વચ્ચે લાખણીના આગથળા-ધાનેરા હાઈવે અધવચ્ચે ઠપ્પ

## 25 કિમી માર્ગ પર મેટલ પાથરી કામ બંધ; ધૂળના વાદળમાં જોખમી મુસાફરી, ખેડૂતોને નુકસાન

• મુકેશ સોની, લાખણી

સરકાર દ્વારા રાજ્યમાં હાઈવેના નેટવર્કને મજબૂત કરવાના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ લાખણી તાલુકાના આગથળાથી ધાનેરા સુધીના આશરે 25 કિમી લાંબા હાઈવે માર્ગનું કામ છેલ્લા બે વર્ષથી અધવચ્ચે અટકી જતા વાહનચાલકો અને સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રાજ્ય સરકાર દ્વારા માર્ગને 3.5 મીટરથી વધારી 7 મીટર પહોળો ડબલ લાઈન હાઈવે બનાવવા મંજૂરી આપવામાં આવી હતી, જેના પગલે લોકોમાં આશા જાગી હતી. પરંતુ કામગીરી શરૂ થયા બાદ ગતિ ધીમી પડી અને હાલ કામ લગભગ બંધ હાલતમાં છે. આગથળા થી ધુણસોલ ચોકડી સુધી માત્ર મેટલ પાથરી દેવામાં આવ્યું છે. ત્યારબાદ આગળની ડામરિંગ અને સમતલીકરણની કામગીરી હાથ ધરાઈ નથી. મેટલ પાથરેલા માર્ગ પર સતત વાહન વ્યવહાર થવાને કારણે ભારે ધૂળના વાદળ ઊડે છે, જેના કારણે ખાસ કરીને બાઈકચાલકોને દૃશ્યતા ઘટતા જોખમભરી મુસાફરી કરવી પડે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી નાના-મોટા અકસ્માતોના બનાવોમાં પણ વધારો થયો છે. રોડ પરથી ઉડતી ધૂળને કારણે આજુબાજુના ખેતરોમાં પાકને નુકસાન થતું હોવાનો ખેડૂતોનો આક્ષેપ છે. વેપારીઓ અને દૈનિક અવરજવર કરતા લોકો પણ પરેશાન બન્યા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર અને જવાબદાર તંત્રની ઢીલાશના કારણે કામગીરી લાંબા સમયથી અટકી છે. કામ તાત્કાલિક પૂર્ણ કરવાની માંગ સાથે લોકો હવે મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆત કરવાની તૈયારી કરી રહ્યા છે. વિસ્તારજનોની માંગ છે કે સરકાર તાત્કાલિક દખલગીરી કરીને માર્ગનું કામ ઝડપથી પૂર્ણ કરાવે જેથી અકસ્માતો અને જનહિતને અસર કરતી પરિસ્થિતિનો અંત આવે.



પ્રાપ્ત વિગતો મુજબ, રાજ્ય સરકાર દ્વારા આ માર્ગને 3.5 મીટરથી વધારીને 7 મીટર પહોળો (ડબલ લાઈન) કરવાની મંજૂરી આપવામાં આવી હતી. શરૂઆતમાં ઉત્સાહ સાથે કામ શરૂ કરાયું હતું, પરંતુ હાલમાં આગથળાથી ધુણસોલ ચોકડી સુધી માત્ર મેટલ (કપચી) પાથરીને કામગીરી બંધ કરી દેવામાં આવી છે. ડામરિંગ ન થવાને કારણે જ્યારે પણ કોઈ ભારે વાહન પસાર થાય છે, ત્યારે ધૂળના એવા વાદળો ઊડે છે કે પાછળ આવતા ટુ-વ્હીલર ચાલકોને રસ્તો દેખાતો બંધ થઈ જાય છે, જે ગંભીર અકસ્માતોને નોતરી રહ્યો છે. આ માર્ગની આસપાસ આવેલા ખેતરોમાં ધૂળ જામી જવાને કારણે ખેડૂતોનો તૈયાર પાક બગડી રહ્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ધૂળના કારણે પાકની ગુણવત્તા ઘટી રહી છે અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ, રસ્તા પરના નાના વેપારીઓ પણ ધૂળના સામ્રાજ્યથી પરેશાન છે.

### સુધારેલ કનેક્ટિવિટી અને સુલભતા

# ટુરિઝમ મલેશિયાએ ભારતીય આઉટબાઉન્ડ માર્કેટ પ્રત્યે તેની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

**મજબૂત પ્રદર્શન અને બજાર ગતિ**

## 24 ફેબ્રુઆરી, 2026 ના રોજ વ્યૂહાત્મક જોડાણ કાર્યક્રમો

તારેશ સચદેવા - નવી દિલ્હી, 24 ફેબ્રુઆરી, 2026 - SATTE 2026 માં ભાગ લેતા પહેલા આજે નવી દિલ્હીમાં આયોજિત એક ઉચ્ચ-સ્તરીય પ્રેસ કોન્ફરન્સમાં ટુરિઝમ મલેશિયાએ ભારતીય આઉટબાઉન્ડ માર્કેટ પ્રત્યે તેની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. પ્રેસ કોન્ફરન્સમાં ટુરિઝમ મલેશિયાના ચેરમેન YBhg. દાતુક મનોહરન પેરિયાસામી, ભારતમાં મલેશિયાના હાઈ કમિશનર દાતો' મુઝફ્ફર શાહ મુસ્તફા સાથે સંબોધન કર્યું હતું. મુખ્ય ટ્રાવેલ ટ્રેડ પાર્ટનર્સ, એરલાઇન પ્રતિનિધિઓ, ટુરિઝમ હિસ્સેદારો અને મીડિયા હાજર હતા. આ જોડાણ ત્યારે થયું જ્યારે મલેશિયા વિઝિટ મલેશિયા યર 2026 (VM2026) હેઠળ તેની વૈશ્વિક પહોંચને વેગ આપી રહ્યું છે. મલેશિયામાં 2025 માં 42.2 મિલિયન આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓ આવવાનો અંદાજ છે, જે 2024 ની તુલનામાં 14.6% નો વધારો છે. ભારત મલેશિયાના સૌથી ગતિશીલ સ્ત્રોત બજારોમાંનું એક છે, જે 2025 માં 1.6 મિલિયનથી વધુ મુલાકાતીઓનું યોગદાન આપે છે, જે સતત માંગ અને બજાર વિશ્વાસ દર્શાવે છે. પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, ટુરિઝમ મલેશિયાના ચેરમેન, YBhg. દાતુક મનોહરન પેરિયાસામીએ જણાવ્યું હતું કે, 'મલેશિયાની આંતરરાષ્ટ્રીય પર્યટન વ્યૂહરચનામાં ભારત મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતમાંથી આવનારાઓમાં મજબૂત વૃદ્ધિ મજબૂત દ્વિપક્ષીય સંબંધો અને મલેશિયામાં સલામત, વૈવિધ્યસભર અને ઉચ્ચ-મૂલ્યવાન સ્થળ તરીકે વધતા ગ્રાહક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. જેમ જેમ આપણે મલેશિયા વર્ષ 2026 ની મુલાકાત લઈ રહ્યા છીએ, તેમ તેમ અમે ટકાઉ અને ઉચ્ચ-ઉપજ આપનારા પ્રવાસન વિકાસને પ્રોત્સાહન આપવા માટે અમારા ભારતીય ભાગીદારો સાથે વ્યૂહાત્મક સહયોગને વધુ તીવ્ર બનાવી રહ્યા છીએ.' ભારતમાં મલેશિયાના હાઈ કમિશનર, દાતો' મુઝફ્ફર શાહ મુસ્તફાએ જણાવ્યું હતું કે, 'ભારતીય બજારે લેઝર, MICE, લગ્ન અને પ્રીમિયમ ટ્રાવેલ સેગમેન્ટમાં મલેશિયા માટે જબરદસ્ત શક્તિ અને ઉત્સાહ દર્શાવ્યો છે. વધેલી હવાઈ કનેક્ટિવિટી, ભારતીય નાગરિકો માટે સતત વિઝા-મુક્ત પ્રવેશ અને મજબૂત ઉદ્યોગ ભાગીદારી સાથે, અમને 2026 માં વધુ મજબૂત વૃદ્ધિ પ્રાપ્ત કરવાનો વિશ્વાસ છે. અમારું ધ્યાન ટાયર I, II અને III શહેરોમાં વેપાર સહયોગને મજબૂત બનાવતી વખતે ગુણવત્તાયુક્ત અનુભવો પ્રદાન કરવા પર છે.' ભારત અને મલેશિયા વચ્ચે દર અઠવાડિયે 240 થી વધુ ફ્લાઈટ્સ કાર્યરત છે, સાથે ભારતીય નાગરિકો માટે સતત વિઝા-મુક્ત પ્રવેશ પણ ચાલુ છે, જે મુસાફરીની સુલભતાને મજબૂત બનાવે છે અને વિઝિટ મલેશિયા 2026 હેઠળ વધુ વૃદ્ધિને ટેકો આપશે. તેના સઘન બજાર આઉટરીચના ભાગ રૂપે, ટુરિઝમ મલેશિયા 24 ફેબ્રુઆરી, 2026 ના રોજ SATTE 2026 પહેલા નવી દિલ્હીમાં ત્રણ ખાસ જોડાણ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે: લગ્ન સેમિનાર: ભવ્ય ભારતીય લગ્નો માટે મલેશિયાને એક અનન્ય સ્થળ તરીકે દર્શાવવા માટે, તેના વૈભવી સ્થળો, સાંસ્કૃતિક રીતે પ્રતિભાવશીલ સેવા, સીમલેસ લોજિસ્ટિક્સ અને સ્પર્ધાત્મક મૂલ્ય ઓફરિંગને પ્રકાશિત કરવા માટે. MICE B2B સત્ર: મલેશિયન ઉદ્યોગ ખેલાડીઓ અને ભારતીય કોર્પોરેટ આયોજકો અને ઈવેન્ટ આયોજકો વચ્ચે સીધા વ્યવસાયિક જોડાણને સરળ બનાવવા માટે, મીટિંગ્સ, પ્રોત્સાહનો, પરિષદો અને પ્રદર્શનો (MICE) માં મલેશિયાની ક્ષમતાઓનું પ્રદર્શન કરવા માટે. મલેશિયા નેટવર્કિંગ ડિનર 2026 એ એક ખાસ સાંજ છે જે મુખ્ય ટ્રાવેલ ટ્રેડ પાર્ટનર્સ, એરલાઈન પ્રતિનિધિઓ, લગ્ન આયોજકો, કોર્પોરેટ હિસ્સેદારો અને મીડિયાને એકસાથે લાવે છે જેથી સહયોગ મજબૂત થાય, નવી ભાગીદારીને પ્રોત્સાહન મળે અને VM2026 તરફ ગતિ આવે.મલેશિયાની પર્યટન ઓફરો વિશે વધુ માહિતી માટે, http://www.malaysia.travel ની મુલાકાત લો.

# ડભોઈ સેવા સદનમાં લાખોના ખર્ચે બનેલી ઈમારતમાં પ્રજા પીવાના પાણી માટે વલખા

## કુલરો બન્યા શોભાના ગાંઠિયા

• ફકીરા ખત્રી ડભોઈ


ડભોઈ તાલુકા સેવા સદન ખાતે પાયાની સુવિધાના નામે મીંડું જોવા મળી રહ્યું છે. એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે બીજી તરફ સરકારી કચેરીએ આવતી જનતાને પીવાના પાણી માટે ફાફા મારવા પડી રહ્યા છે. સેવા સદનમાં મુકાયેલા બે વોટર કુલર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. શું છે મુખ્ય સમસ્યા સેવા સદન જેવી મ હત્વની જગ્યાએ જ્યાં તાલુકાના 118 ગામોના લોકો દસ્તાવેજ, રે શ નકાર્ડ, આવકના દાખલા કે આ ધા રકાર્ડ જેવા કામો માટે આવે છે, ત્યાં પાણીની વ્યવસ્થા કથળી છે: કુ લરોની દુર્દશા: સેવા સદનમાં પ્રજા માટે મુકાયેલા બે કુલરો પૈકી એ કના નળ તૂટી ગયા છે, જ્યારે બીજા કુલરને તાળા મારી દેવામાં આવ્યા છે અધિકારીઓ વિરુદ્ધ જનતા: આશ્ચર્યની વાત એ છે કે ઓફિસમાં બેસતા અધિકારીઓ



માટે ઠંડા પાણીની વ્યવસ્થા છે, પરંતુ દૂર-દૂરથી આવતી સામાન્ય જનતા માટે કોઈ સુવિધા નથી આર્થિક બોજ: ગરીબ અને મધ્યમ વર્ગના લોકોએ ફરજિયાતપણે 10 થી 20 ખર્ચીને પાણીની બોટલો વેચાતી લેવી પડી રહી છે સરકારે લાખોના ખર્ચે આ ભવન બનાવ્યું છે, પણ જો અહીં સામાન્ય માણસને પીવાનું પાણી પણ ન મળતું હોય તો આ ભવ્યતાનો શું શું વહીવટી તંત્ર ઉનાળો શરૂ થવા છતાં ઊંઘમાં છે કચેરીના મેન્ટેનન્સ પાછળ થતા ખર્ચ છતાં કુલરો કેમ બંધ હાલતમાં છે શું અધિકારીઓ માત્ર પોતાના એસી અને ફિલ્ટર પાણીની જ ચિંતા કરશે નિષ્કર્ષ હવે જોવાનું એ રહે બાદ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું તંત્ર જાગશે ખરું? શું વહેલી તકે આ કુલરો રિપેર કરવામાં આવશે કે પછી નવા કુલર મૂકીને પ્રજાની તરસ છિપાવવામાં આવશે? જનતા અત્યારે તો માત્ર 'ન્યાય' અને 'પાણી' બંનેની રાહ જોઈ રહી છે.

# જે તમને એકવાર દગો આપે છે, તે તમને હજાર વાર દગો આપશે

## "દરિયો ખારો છે તે જાણવા માટે આખો દરિયો પીવાની જરૂર નથી હોતી"



• દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

માનવ સંબંધોમાં 'વિશ્વાસ' એ એક એવો કાચ છે જો એકવાર તૂટી જાય, તો તેમાં દેખાતો ચહેરો હંમેશા માટે બદલાઈ જાય છે. સંકેતોને ઓળખતા શીખો જેમ દરિયાના પાણીનું એક ટીપું ચાખવાથી ખબર પડી જાય છે કે આખું પાણી ખારું જ હશે, તેમ માણસના એક વ્યવહાર પરથી તેની આખી ફિતરત સમજી શકાય છે. મનોવિજ્ઞાન કહે છે કે 'Past behavior is the best predictor of future behavior' (ભૂતકાળનો વ્યવહાર ભવિષ્યના વ્યવહારનો શ્રેષ્ઠ સંકેત છે). જો કોઈ વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે તમારો ભરોસો તોડી શકે છે, તો તે તેની માનસિકતા છે, ભૂલ નહીં. બીજી તક ઉદારતા કે જોખમ? સમાજમાં આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે 'બીજી તક આપવી જોઈએ.' પરંતુ, દગાના કિસ્સામાં આ જોખમી સાબિત થઈ શકે છે.ક્ષમા આપવી તે તમારી માનસિક શાંતિ માટે જરૂરી છે.ફરી વિશ્વાસ કરવો તે સામી વ્યક્તિને ફરીથી નુકસાન કરવાની છૂટ આપવા બરાબર છે. સમયનો બચાવ એ જ સમજદારીઆખો દરિયો પીવાની મૂર્ખામી એ વ્યક્તિ કરે છે જે વારંવાર છેતરાવા છતાં એમ માને છે કે 'કદાચ હવે સામેવાળી વ્યક્તિ બદલાઈ જશે.' સમજદાર વ્યક્તિ એ જ છે જે એક નાનકડા કડવા અનુભવ પરથી સત્ય સ્વીકારી લે છે અને પોતાનો કિંમતી સમય અને લાગણીઓ બચાવી લે છે.

જ્યારે તમે જાણી લો છો કે કોઈની દાનત બરાબર નથી, ત્યારે તેનાથી અંતર જાળવવું એ તમારો અહંકાર નથી, પણ તમારું Self-Respect (આત્મસન્માન) છે. જે તમને એકવાર દગો આપી શકે છે, તે તમારી નબળાઈ જાણી ચૂક્યો હોય છે, અને તે ફરીથી એ જ નબળાઈનો ફાયદો ઉઠાવશે. જીવન ટૂંકું છે અને સાચા લોકો ઓછા છે. તેથી, ખોટા લોકો પાછળ આખી જિંદગી બગાડવા કરતા, એક કડવા અનુભવથી જ બોધપાઠ લઈ લેવો ઉત્તમ છે. યાદ રાખો કે સાપ કરડે ત્યારે ઝેર આખા શરીરમાં ફેલાય તેની રાહ જોવાની ન હોય, પણ તરત જ ઈલાજ કરવાનો હોય છે.

### ડભોઈ રેફરલ હોસ્પિટલમાં 'આરોગ્ય' જ જોખમમાં

# ગંદા પાણીના નિકાલના અભાવે કમ્પાઉન્ડમાં લીલ અને મચ્છરોનું સામ્રાજ્ય!

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ જ્યાં લોકો સાજા થવા આવે છે, તે ડભોઈની સૌથી મોટી રેફરલ હોસ્પિટલ અત્યારે પોતે જ 'બીમાર' હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ગંદા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ચારેતરફ લીલ જામી ગઈ છે, જેના કારણે દર્દીઓ અને તેમના સ્વજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે હોસ્પિટલની ગંભીર પરિસ્થિતિ ગંદકી અને દુર્ગંધ: હોસ્પિટલના પરિસરમાં લાંબા સમયથી પાણી ભરાઈ રહેવાને કારણે લીલ બાઝી ગઈ છે. આ લીલના કારણે ઉઠતી અસહ્ય દુર્ગંધથી દર્દીઓ અને સ્ટાફ તોબા પોકારી ઉઠ્યા છે. મચ્છરોનો ભારે ઉપદ્રવ: ગંદા પાણી અને લીલના કારણે મચ્છરોનો ભારે ત્રાસ વધ્યો છે. જે હોસ્પિટલમાં લોકો ઝાડા-ઉલટી કે અન્ય બીમારીની સારવાર લેવા આવે છે, ત્યાં જ તેમને મચ્છરજન્ય રોગો થવાનો ભય સતાવી રહ્યો છે પાણીનો વેડફાટ: તંત્રની બેદરકારીને




કારણે અનેક જગ્યાએ પાઈપલાઈનમાં લીકેજ હોવા છતાં તેનું સમારકામ કરવામાં આવતું નથી. પરિણામે, લાખો ગેલન ચોખ્ખું પાણી વેડફાઈ રહ્યું છે અને બહાર ગંદકી ફેલાવી રહ્યું છે હજારો દર્દીઓ પ્રભાવિત: આ હોસ્પિટલમાં ડભોઈ શહેર અને તાલુકાના ગામડાઓમાંથી રોજના 1,000 થી વધુ દર્દીઓ ડાયાલિસિસ, કસરત કે અન્ય ગંભીર સારવાર માટે આવે છે. આ તમામ લોકોને ગંદા પાણીમાંથી પસાર થઈને હોસ્પિટલમાં પ્રવેશવું પડે છે સરકાર આરોગ્ય માટે કરોડોના બજેટ ફાળવે છે, પણ અહીં તો સામાન્ય લીકેજ બંધ કરવાની તસ્દી પણ તંત્ર લેતું નથી. હોસ્પિટલમાં સારા થવા આવીએ છીએ કે વધુ બીમાર પડવા?' - એક રોષિત દર્દીના સ્વજનહોસ્પિટલ પ્રશાસન લાખો ગેલન પાણીનો વેડફાટ અને ફેલાતી ગંદકી કેમ જોઈ શકતું નથી શું કોઈ મોટી બીમારી ફાટી નીકળે પછી જ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે? લીકેજ રિપેર કરવામાં તંત્રને કઈ નડતરરૂપ બાબત રોકી રહી છે ડભોઈની જનતાની માંગ છે કે વહેલી તકે આ લીકેજ બંધ કરવામાં આવે અને કમ્પાઉન્ડમાં જામી ગયેલી લીલની સાફ-સફાઈ કરવામાં આવે. જો તંત્ર હજુ પણ નહીં જાગે, તો આ હોસ્પિટલ પોતે જ રોગચાળાનું કેન્દ્ર બની જશે તેમાં કોઈ શંકા નથી.

**28 મી ફેબ્રુઆરી :રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ** 5

# નોબલ પારિતોષિક વિજેતા ભારતીય વિજ્ઞાનિક સી વી રામન ભારતનું ગૌરવ

## ભૌતિકશાસ્ત્રી સી.વી.રમનને રમન પ્રભાવની શોધ માટે તેમને ૧૯૩૦માં નોબૅલ પારિતોષિક આપવામાં આવ્યું




• અમદાવાદ

નોબલ પારિતોષિક વિજેતા ભારતીય વિજ્ઞાનિક સી વી રામનને તેમની મહાન શોધ રામન અસર ને કારણે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (નેશનલ સાયન્સ ડે) તરીકેપણ ઉજવાય છે.આ દિવસે 1928ના રોજ ભારતીય ભૌતિકશાસ્ત્રી સી.વી. રમને રમન પ્રભાવની શોધ કરી હતી. આ શોધ માટે તેમને વર્ષ ૧૯૩૦માં નોબૅલપારિતોષિક આપવામાં આવ્યું હતું.ડૉ .સી. વી. રામને રામન કિરણોની શોધ.કરી હતી આ શોધ માટે વિજ્ઞાનજગત તેમણે ખાસ યાદ કરે છે.આ મહામૂલી શોધ બદલ ૧૯૩૦માં તેમને નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યાહતા .

દર વર્ષે ભારત સરકાર અવનવી થીમ્સ નક્કી કરીને આ દિવસની ભવ્ય રીતે ઉજવણી કરે છે. વર્ષ ૧૯૯૯ થી નેશનલ સાયન્સ ડે ની ઉજવણી થીમ આધારીત કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૯માં 'અવર ચેન્જીંગ અર્થ', વર્ષ ૨૦૦૧માં ' વિજ્ઞાન શિક્ષણ માટે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ', વર્ષ ૨૦૦૩માં '૫૦ વર્ષ ડીએનએ ના અને ૨૫ વર્ષ આઈ.વી.એફ ના - જીવનની રૂપરેખા', વર્ષ ૨૦૦૯માં ' વિજ્ઞાનની વિકસતી ક્ષિતીજો', વર્ષ ૨૦૧૫માં 'રાષ્ટ્ર નિર્માણમાં વિજ્ઞાનનો ઉપયોગ' તથા વર્ષ ૨૦૧૮માં ' ઉજ્વળ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ'. જ્યારે ગયે વર્ષે 2025નું થીમ: 'Empowering Indian Youth for Global Leadership in Science & Innovation for Viksit Bharat' (ગુજરાતીમાં: 'વિકસિત ભારત માટે વિજ્ઞાન અને નવીનતામાં વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીય યુવાનોને સશક્ત બનાવવું'). હતું આ થીમ વિકસિત ભારત 2047ના દ્રષ્ટિકોણ સાથે જોડાયેલી છે, જેમાં યુવાનોને વિજ્ઞાન અને નવીનતામાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ થીમની સત્તાવાર જાહેરાત ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) દ્વારા કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષે 2026નું થીમ 'Women in Science: Catalysing Viksit Bharat' (ગુજરાતીમાં: 'વિજ્ઞાનમાં મહિલાઓ: વિકસિત ભારતને પ્રેરણા આપવી' અથવા 'વિકસિત ભારતના ઉત્પ્રેરક તરીકે વિજ્ઞાનમાં મહિલાઓ').

આ થીમ મહિલાઓને વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રમાં મુખ્ય ભૂમિકા આપવા પર કેન્દ્રિત છે, જેથી વિકસિત ભારતના લક્ષ્યને વેગ મળે. આ પણ સત્તાવાર રીતે જાહેર કરાયેલું છે.


વિજ્ઞાનનો વારસો રામનના પિતાજી ચંદ્રશેખર પણ ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક થયા હતા. આમ, બાળક વેંકટને નાનપણથી જ ભૌતિક વિજ્ઞાનનો વારસો મળ્યો હતો.એક પ્રતિભાશાળી વિજ્ઞાની આપણા દેશમાં થઈ ગયા. એમણે પોતાના જીવન દરમિયાન ૪૬૫ જેટલાં પ્રકાશનોથી આ જગતને આશ્ચર્યચકિત કરી દીધું. ધ્વનિ,પ્રકાશ, રંગ, ખનીજ, ફૂલોના રંગો જેવી બાબતોમાં એમનું મહામૂલું પ્રદાન છે. એમનું જન્મસ્થળ ભારતના દક્ષિણ ભાગમાં આવેલા તિરુચિરાપલ્લી, તામિલનાડુ રાજ્ય ખાતે હિન્દુ, બ્રાહ્મણ પરિવારમાં ૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ સર સી.વી. રામનનો જન્મ થયો. નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે વિશેષ રુચિ હોવાથી એમણે નકકી કર્યુ હતુ કે, જીવનનું લક્ષ્ય વિજ્ઞાનને જ બનાવીશ. પાઠ્યપુસ્તકોની સાથે-સાથે કોલેજ લાઈબ્રેરીમાં મોટા-મોટા ગ્રંથો વાંચતા હતા. તેઓ પોતાની એક પણ ક્ષણ વ્યર્થ જવા દેવા નહોતા માંગતા. પરીક્ષા પાસ કરવી તેમને માટે ગૌણ બાબત હતી પરંતુ, વિજ્ઞાનની શોધો કરવાનું તેમનું મુખ્ય લક્ષ્ય હતું. અભ્યાસ અને પ્રયોગો અગિયાર વરસની નાની વયે રામને મેટ્રિકની પરીક્ષા પહેલા નંબરે પાસ કરી હતી. આગળ અભ્યાસ માટે ૧૯૦૨ના વર્ષમાં તેઓ ચેન્નઈની જાણીતી પ્રેસિડન્સી કોલેજમાં જોડાયા. આ કોલેજમાં અંગ્રેજી વિષયના પ્રોફેસર ઈલિયટ હતા. આ નાનકડા વિદ્યાર્થીને જોતાં જ તેઓ બોલી ઊઠ્યા, 'બાબા, તારી ઉંમર કેટલી?' રામને જવાબમાં ૧૩ વર્ષ કહ્યું ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ૧૯૦૪માં બી.એસસી.ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાનના વિષય સાથે કોલેજમાં રામન પ્રથમ નંબરે પાસ થયા. આ માટે સુવર્ણચંદ્રક પણ મળ્યો. અહીં જ તેમણે પ્રિય વિષય ભૌતિક વિજ્ઞાન સાથે એમ.એસસી. નો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસની સાથોસાથ તેઓ આપમેળે જ કોલેજમાં પ્રયોગો કરતા હતા. આ પ્રયોગોના પરિણામે એમણે પ્રકાશના વિવર્તન અંગે સંશોધન કર્યું. એમાં એમને સફળતા પણ મળી. રામને આ શોધના આધારે લેખ તૈયાર કર્યો અને લંડનના એક સંશોધન સામિયકમાં છપાવા મોકલ્યો. આ લેખ સ્વીકારાયો અને નવેમ્બર ૧૯૦૬ના અંકમાં છપાયો. ત્યાર પછી રામને ત્રિપાર્શ્વ કાચનો પ્રયોગ હાથમાં લીધો. આ પ્રયોગ કરતાં કરતાં એમણે વિશિષ્ટ પ્રકારના પ્રકાશની શોધ કરી. આ રીતે રામને પ્રયોગો કરતાં કરતાં અનેક સિદ્ધિ હાંસલ કરી. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૨૮માં કલકત્તાની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ફોર ધ કલ્ટિવેશન ઓફ સાયન્સ ખાતે ભારતીય વૈજ્ઞાનિક સર ચંદ્રશેખર વેંકટ રામને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પ્રકાશના કિરણોની અલગ અલગ તરંગ લંબાઈ પર વિખેરાઈ જવાની પ્રકીયાનું ખુબ જ બારીકાઈથી અવલોકન કરી તેને લોકો સમક્ષ મુકી હતી. જે શોધ ને તેમના નામ પરથી 'રામન ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ ૧૯૩૦માં આ નોંધપાત્ર શોધ માટે તેમને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કાર મેળવનાર પ્રો. રામન એક માત્ર ભારતીય વૈજ્ઞાનિક હતા. તેમની આજ શોધ પરથી વધુને વધુ બાળકો અને યુવાનોને પ્રેરણા મળે તેવા શુભાશયથી સરકાર દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવે છે.

---

સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17892.30 કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 39911 પોઈન્ટના સ્તરે

# એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.801, ચાંદીમાં રૂ.2512 અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.5ની નરમાઈ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.23059.27 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.156225.5 કરોડનું ટર્નઓવર




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.179287.53 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.23059.27 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.156225.5 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 39911 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1595.95 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17892.30 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.160769ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.161233 અને નીચામાં રૂ.160295ના મથાળે અથડાઈ, રૂ.161598ના આગલા બંધ સામે રૂ.801 ઘટી રૂ.160797 થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.356 ઘટી રૂ.128620ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.44 ઘટી રૂ.16205ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.909 ઘટી રૂ.158376ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.158503ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.158900 અને નીચામાં રૂ.157600ના સ્તરને સ્પર્શી, રૂ.159096ના આગલા બંધ સામે રૂ.496 ઘટી રૂ.158600 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.267221ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.268130 અને નીચામાં રૂ.262712ના મથાળે અથડાઈ, રૂ.265333ના આગલા બંધ સામે રૂ.2512 ઘટી રૂ.262821ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.1404 ઘટી રૂ.264370ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.348 વધી રૂ.265942ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3517.37 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.8.95 વધી રૂ.1177.4ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો કોઈ ફેરફાર વગર રૂ.327ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો 85 પૈસા ઘટી રૂ.305.95ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો 85 પૈસા ઘટી રૂ.186.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 1402.77 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3531ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3588 અને નીચામાં રૂ.3524ના સ્તરને સ્પર્શી, રૂ.54 વધી રૂ.3588 થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.6100ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.6120 અને નીચામાં રૂ.6031ના સ્તરને સ્પર્શી, રૂ.6045ના આગલા બંધ સામે રૂ.5 ઘટી રૂ.6040 થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.2 ઘટી રૂ.6044ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.4.2 ઘટી રૂ.268.1 થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.4.1 ઘટી રૂ.268.4 થયો હતો.

---

# વેજલપુરમાં આગના કારણે પિતા-પુત્રનું ગાઢ નિદ્રામાં જ મોત, માતા ઈજાગ્રસ્ત

### ગાઢ નિદ્રામાં હતો પરિવાર અને કાળનો પંજો ત્રાટક્યો

• અમદાવાદ

અમદાવાદમાં ફરી એકવાર આગની ઘટનાએ માસૂમ જિંદગી છીનવી લીધી છે. વેજલપુર વિસ્તારમાં આવેલા કૃષ્ણ નગરી રો-હાઉસમાં આજે વહેલી સવારે લાગેલી આગે ગંભીર સ્વરૂપ ધારણ કરતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા પિતા અને પુત્રનું મોત થયું છે, જ્યારે માતાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ઘટનાની વિગતો મુજબ, કૃષ્ણ નગરી સોસાયટીના મકાન નંબર 4માં જ્યારે આખો પરિવાર વહેલી સવારે ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અચાનક આગ ફાટી નીકળી હતી. થોડી જ મિનિટોમાં આગની જ્વાળાઓએ આખા ઘરને લપેટમાં લઈ લીધું હતું. ઘરમાં હાજર સભ્યો કંઈ સમજે તે પહેલાં જ ધુમાડાના ગોટેગોટા અને આગની લપેટમાં આવી જતાં લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. મૃતકોઃ ધ્રુવ ગોહિલ, 39 વર્ષ (પિતા) શાશ્વત ધ્રુવ ગોહિલ, 9 વર્ષ (પુત્ર) ઈજાગ્રસ્તઃ મિત્તલ ગોહિલ, 35 વર્ષ (માતા) સ્થાનિકોએ આગ જોઈને તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. રેસ્ક્યુ કામગીરી દરમિયાન ટીમે ઘરની અંદર ફસાયેલા લોકોને અત્યંત ગંભીર હાલતમાં બહાર કાઢ્યા હતા. બંનેને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક દૃષ્ટિએ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે, પરંતુ સત્ય શું છે તે જાણવા માટે ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસે એફએસએલ (FSL) ની મદદથી તપાસ શરૂ કરી છે. રહેણાંક વિસ્તારમાં બનેલી આ ઘટનાએ ફરી એકવાર ફાયર સેફટીના સાધનો અને જાગૃતિ અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. આ ઘટના અંગે ફાયર ઓફિસરે જણાવ્યું કે, અમે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે તે રો હાઉસમાં ઉપર અને નીચે બંને માળે જબરદસ્ત આગ ચાલુ હતી.

# ડભોઈમાં કેનાલની પાળી પરથી વૃદ્ધ પડી જતા મોત

ડભોઈ : ડભોઈમાં ચૌતરીયા કેનાલની પાળી એક વૃદ્ધ બેઠા હતા. દરમિયાન ચક્કર આવતા પાણીમાં પડી ગયા ગયા હતા. તેને કારણે તેમનું મોત થયું હતું. મળતી વિગત મુજબ ડભોઈ નાંદોદી ભાગોળ મોરચા ફળિયામાં રહેતા ૭૮ વર્ષના શકુભાઈ ભગવાનભાઈ વસાવા ૨૨મી તારીખે બપોરે ૧૨:૩૦ વાગ્યે ડભોઈ ની ચોતરીયાપીર કેનાલ પાસેના નાળાનીપાળી પર બેઠા હતા. ત્યારે અચાનક તેમને ચક્કર આવતા નીચે પાણીમાં પડીગયા હતા તેને બીજા પહોંચી હતી તેનેસારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયાહતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃતજાહેર કર્યા હતા. ડભોઈ પોલીસે વધુતપાસ શરૂ કરી છે.

---

# અમદાવાદ ;AI અને ડીપફેક મુદ્દે હાઈકોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો

### IT એક્ટ અંતર્ગત નિયમો બનાવવાની સરકારને સત્તા

• ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટમાં અમદાવાદથી અરજદાર વિકાસ. વિ. નાયરે એડવોકેટ અમિત પંચાલ દ્વારા AI અને ડીપફેકને લઈને જાહેરહિતની અરજી દાખલ કરી છે. આજે ચીફ જજની બેન્ચ સમક્ષ સુનાવણી યોજાઈ હતી, જેમાં રજૂઆત કરાઈ હતી કે બંધારણીય હોદ્દેદારોના પણ મોટે પાયે AI જનરેટેડ અને ડિપફેક વીડિયો તેમજ ફોટા બની રહ્યા છે. એનાથી પદ અને પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે અને લોકોનો વિશ્વાસ ઘટે છે. ત્યારે IT એક્ટ અંતર્ગત રાજ્ય સરકારે એની પર નિયમો બનાવવા જરૂરી છે. ઓફિશિયલ ગેઝેટ અને નોટોફિકેશન દ્વારા આવા નિયમો બની શકે છે. એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે AI જનરેટેડ ખોટા વીડિયોને દૂર કરવા ઓથોરિટીએ મીડિયાને જણાવવું પડે છે. વળી, આવા નકલી ફોટા અને વીડિયો ખોટા IDથી ચઢાવ્યા હોય તો એને ઓળખી કાઢવા મુશ્કેલ બને છે. IT એક્ટની કલમ 69A આ બાબતની જોગવાઈ કરે છે, જે પબ્લિક એક્સેસ બ્લોક કરવા માટેની સત્તા આપે છે. સામાન્ય રીતે દેશની સલામતી, આંતરરાષ્ટ્રીય મિત્રતા, પબ્લિક ઓર્ડર વગેરેને લઈને પ્લેટફોર્મ પ્રોવાઈડરને કન્ટેન્ટ બ્લોક કરવા સૂચના આપી શકાય છે. IT એક્ટ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર એની ઉપર નિયમો બનાવી શકે છે. અરજદારને રાજ્યના સાયબર ડિપાર્ટમેન્ટ તરફથી ઈ-મેલ મળ્યો હતો કે જો તેમને આવી કોઈ ફરિયાદ મળે તો તેઓ પગલાં લે છે. કોર્ટે કહ્યું હતું કે નકલી ફોટો અને વીડિયો દ્વારા વ્યક્તિને ખરાબ ચીતરવામાં આવે છે. બાળકો અને માનવતા વિરુદ્ધ કન્ટેન્ટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થતાં થયાં છે. લોકોની ઓળખ ચોરી કરવામાં આવે છે, તેમની ગોપનીયતાનો ભંગ કરવામાં આવે છે તેમજ અશ્લીલ અને સેક્સ્યૂઅલ કન્ટેન્ટ બનાવીને સોશિયલ મીડિયા પર ચઢાવવામાં આવે છે, પરંતુ એને દૂર કરવાની સૂચના આપતાં પ્લેટફોર્મ પ્રોવાઈડર 36 કલાકનો સમય લે છે.

# અમદાવાદ :શેરબજારમાં રોકાણના નામે રૂ. 1.54 કરોડની છેતરપિંડી! અમદાવાદમાં બૅન્ક મેનેજર સહિત 5ની ધરપકડ

• અમદાવાદ

શેરબજારમાં રોકાણના નામે નિર્દોષ લોકોને લૂંટતી ચાઈનીઝ ગેંગના નેટવર્કને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે પકડી પાડ્યું છે. આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં ચોંકાવનારો ઘટસ્ફોટ એ થયો છે કે, ઠગાઈના નાણાંને સગેવગે કરવામાં એક પ્રતિષ્ઠિત બૅન્કના અધિકારીઓ પણ સામેલ હતા. પોલીસે બૅન્ક મેનેજરો સહિત કુલ 5 આરોપીઓની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, આ છેતરપિંડીની શરુઆત ડિસેમ્બર 2025માં થઈ હતી. ફરિયાદીને '91 BARCLAYS-Stock Market Pioneer' નામના વોટ્સએપ ગ્રૂપમાં એડ કરી IPO અને શેરબજારમાં જંગી નફાની લાલચ આપવામાં આવી હતી. ફરિયાદીને એક લિંક દ્વારા બોગસ ઍપ્લિકેશન ડાઉનલોડ કરાવાઈ. નફાના લોભમાં ફરિયાદીએ અલગ-અલગ ખાતાઓમાં કુલ 1.54 કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા. જ્યારે રકમ પરત માંગવાનો સમય આવ્યો ત્યારે તમામ સંપર્ક તોડી નાખવામાં આવ્યા, જેથી છેતરાયેલા શખસે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી.




પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ઈન્ડસન્ડ બૅન્કના કર્મચારીઓએ કમિશનની લાલચમાં નિયમો નેવે મૂકીને ચાઈનીઝ ગેંગને મદદ કરી હતી. ગોતા બ્રાન્ચ અકાઉન્ટ મેનેજર મહેશ તારાણી ખાતાધારકની ગેરહાજરીમાં જ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી બદલી નાખતો હતો. ન્યૂ ચાંદખેડા બ્રાન્ચ મેનેજર પૂજા પરીયત આખા કાવતરામાં સૂચનાઓ આપતી અને ખાતાધારકની જાણ બહાર નેટબૅન્કિંગ દ્વારા ફ્રોડના નાણાંની એફ.ડી. કરી દેતી. બૅન્ક મેનેજર હિના દિવ્યમ દરજી ફ્રોડના પૈસાથી જ્વેલર્સમાં જઈ સોનાની ખરીદી કરતી, જેથી રોકડને સોનામાં બદલી ગેંગના મુખ્ય સાગરીતો સુધી પહોંચાડી શકાય.

સુરતના હરેશ મકવાણા કમિશન માટે પોતાનું બૅન્ક એકાઉન્ટ ગેંગને વાપરવા આપ્યું હતું. જ્યારે રાજુ મકવાણા નવા બૅન્ક ખાતા ખોલાવી ઠગાઈના નાણાંના ટ્રાન્ઝેક્શન સેટલ કરતો હતો. સાયબર ક્રાઈમની ટીમે ટેકનિકલ એનાલિસિસના આધારે ભાવનગર, સુરત અને અમદાવાદમાં દરોડા પાડીને આ પાંચેય આરોપીઓને ઝડપી લીધા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગેંગના છેડા ચીન સુધી જોડાયેલા છે. બૅન્ક કર્મચારીઓની સંડોવણીને કારણે હવે પોલીસ બૅન્કિંગ સેકટરમાં ચાલી રહેલા આવા અન્ય કૌભાંડોની પણ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# ‘પુષ્પા ૨’ ના ક્રેઝથી અલ્લુ અર્જુન આશ્ચર્યચકિત થઈ ગયો, જાપાની ચાહકો ખૂબ જ ભાવુક થઈ ગયા

તાજેતરમાં, અલ્લુ અર્જુન જાપાનની યાત્રા પર ગયો હતો. અભિનેતાની યાત્રાના ઘણા વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જાપાની ચાહકો સાથેની મુલાકાતનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે. વીડિયોમાં, એક ચાહક તેને જોઈને રડવા લાગ્યો. અલ્લુ અર્જુનની પ્રતિક્રિયા જુઓ.



વાયરલ વીડિયોમાં, અલ્લુ અર્જુન ઘણા જાપાની ચાહકોને મળતો જોવા મળ્યો. આ દરમિયાન, અભિનેતાએ એક ચાહકનો હાથ પકડ્યો, જેનાથી તેણી ખૂબ ખુશ થઈ ગઈ. જાપાની ચાહક એટલી ભાવુક થઈ ગઈ કે તેણી રડી પડી. બાદમાં, અલ્લુ અર્જુન ચાહકને મળ્યો અને તેની સાથે લાંબા સમય સુધી વાત કરી. જાપાની ચાહક એટલી ભાવુક થઈ ગઈ કે તેણી રડી પડી. બાદમાં, અલ્લુ અર્જુન તેના પરિવાર સાથે ટોક્યો ગયો, ચાહકોનો આભાર માન્યો અલ્લુ અર્જુન તેના પરિવાર સાથે ટોક્યોમાં સેન્સો-જી મંદિરની મુલાકાત લીધી. વધુમાં, “પુષ્પા ૨” ના જાપાની પ્રીમિયર દરમિયાન, તેણે ચાહકોને જાપાની ભાષામાં ફિલ્મનો એક સંવાદ સંભળાવ્યો. ચાહકો આ સંવાદ સાંભળીને ખૂબ ખુશ થયા. અલ્લુ અર્જુને સોશિયલ મીડિયા દ્વારા તેના જાપાની ચાહકોનો પણ આભાર માન્યો.અલ્લુ અર્જુનની નવી ફિલ્મની તાજેતરમાં જાહેરાત કરવામાં આવી હતી. પોતાની ૨૩મી ફિલ્મ માટે, અલ્લુ અર્જુન દિગ્દર્શક લોકેશ કનાગરાજ સાથે જોડી બનાવી રહ્યા છે. જોકે, ફિલ્મનું નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. તે “છછ ૨૩” તરીકે ઓળખાશે.



કામ પ્રત્યેનો સમર્પણ ભાવ સર્વોપરી છે

# ‘આજકાલના એક્ટર્સ બગડી ગયા છે’ : ફરીદા જલાલ

બોલિવૂડના દિગ્ગજ અભિનેત્રી ફરીદા જલાલ હાલમાં શાહિદ કપૂરની આગામી ફિલ્મ ‘ઓ રોમિયો’ને લઈને ચર્ચામાં છે, તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામકાજના કલાકો અને સુવિધાઓ અંગે મોટું નિવેદન આપ્યું છે. ૮ કલાકની વર્ક શિફ્ટ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે ફરીદાજીએ જૂના દિવસોની મુશ્કેલીઓ યાદ કરી આજના કલાકારોને ‘બગડી ગયેલા’ ગણાવ્યા છે.એક ઈન્ટરવ્યુમાં દાયકાઓ લાંબી પોતાની સફરને યાદ કરતા ફરીદા જલાલે જણાવ્યું હતું કે, ‘અમે કલાકો સુધી સતત કામ કરતા હતા અને તે સમયે કામના કલાકો ગણવા એ કોઈ મોટી વાત નહોતી. કામ પ્રત્યેનો સમર્પણ ભાવ સર્વોપરી હતો.’આઉટડોર શૂટિંગના દિવસો યાદ કરતા તેમણે કહ્યું કે, ‘તે સમયે કોઈ વેનિટી વાન નહોતી. ખાસ કરીને મહિલા કલાકારો માટે તે પરિસ્થિતિમાં કામ કરવું અત્યંત પડકારજનક હતું. તેમણે પોતાની માતા સાથે રહીને દરેક મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કર્યો હતો.’જૂના અને નવા સમયની સરખામણી કરતા ફરીદા જલાલે કટાક્ષમાં કહ્યું કે, ‘હવેના અભિનેતાઓ બગડી ગયા છે કારણ કે હવે બધું જ ખૂબ સરળ બની ગયું છે. આજના કલાકારો સેટ પર સંપૂર્ણ તૈયારી સાથે આવે છે અને તેમને ઘણી સુવિધાઓ મળે છે. પહેલાના સમયમાં અભિનય ક્ષેત્રે આવતા પહેલા દસ વાર વિચારવું પડતું હતું કારણ કે તે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ કપરું કામ હતું.’આજના સમયમાં ‘વર્ક-લાઈફ બેલેન્સ’ અને ફિક્સ ૮ કલાકની શિફ્ટની માંગ વધી રહી છે, ત્યારે ફરીદા જલાલનું માનવું છે કે, ‘કલા પ્રત્યેના પ્રેમે તેમને ક્યારેય થાકવા દીધા નથી. તેમણે જણાવ્યું કે, “મને આ કામ ગમતું હતું એટલે જ હું આજે આ મુકામ પર છું.’ઉલ્લેખનીય છે કે, ફરીદા જલાલે ઘણી પેઢીઓના કલાકારો સાથે કામ કર્યું છે અને બદલાતી જતી કાર્ય સંસ્કૃતિને ખૂબ નજીકથી નિહાળી છે. તેમનું આ નિવેદન હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યું છે.

## બોલીવુડ ગોસીપ

### વિવાદ વચ્ચે પરેશ રાવલ એઆર રહેમાનના સમર્થનમાં બહાર આવ્યા

એઆર રહેમાનની આસપાસ ચાલી રહેલા વિવાદ વચ્ચે, પરેશ રાવલે સંગીતકારને ટેકો આપ્યો છે. તેમણે એઆર રહેમાન વિશે એક ખાસ નિવેદન આપ્યું છે. તાજેતરમાં, એઆર રહેમાનને બોલિવૂડ વિશે આપેલા નિવેદન માટે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ સંગીતકારે ભારત, સંગીત



અને સંસ્કૃતિ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી.અભિનેતા પરેશ રાવલે એક્સ પર એઆર રહેમાનનો એક વીડિયો ફરીથી શેર કર્યો છે, જેમાં તે તેમના દેશની પ્રશંસા કરે છે. પરેશ રાવલે લખ્યું, “અમે તમને પ્રેમ કરીએ છીએ, સર. તમે અમારું ગૌરવ છો.”એઆર રહેમાને બોલિવૂડ વિશેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓને લગતા વિવાદ પછી તેમની પહેલી પોસ્ટ શેર કરી, જેના પર સમગ્ર ભારતીય સિનેમામાંથી પ્રતિક્રિયાઓ આવી. રવિવારે, રહેમાને એક્સ પર એક વીડિયો સંદેશ શેર કર્યો. ક્લિપમાં, તેમણે સીધા વિવાદને સંબોધિત કર્યો ન હતો, પરંતુ તેના બદલે ભારત, સંગીત અને સંસ્કૃતિ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી હતી. તેમના વીડિયો સંદેશમાં, ઓસ્કાર વિજેતા સંગીતકારે સમજાવ્યું કે કેવી રીતે સંગીત હંમેશા લોકો અને પરંપરાઓ સાથે જોડાયેલા રહેવાનો તેમનો માર્ગ રહ્યો છે.વીડિયોમાં, એ.આર. રહેમાનને કહેતા સાંભળી શકાય છે, “પ્રિય મિત્રો, સંગીત હંમેશા મારા માટે સંસ્કૃતિ સાથે જોડાવાનો અને આદર કરવાનો એક માર્ગ રહ્યો છે. ભારત મારી પ્રેરણા, મારા ગુરુ અને મારું ઘર છે. હું સમજું છું કે ઈરાદાઓને ક્યારેક ગેરસમજ થઈ શકે છે, પરંતુ મારો ધ્યેય હંમેશા સંગીત દ્વારા લોકોને ઉત્થાન અને સેવા આપવાનો રહ્યો છે.

### રિયાલિટી શો ‘ખતરોં કે ખિલાડી સીઝન ૧૫’ ની રાહ હવે પૂરી થઈ શકે છે, સ્પર્ધકોની કામચલાઉ યાદી પણ જાહેર

દર્શકો ૨૦૨૫ માં સ્ટંટ-આધારિત રિયાલિટી શો ‘ખતરોં કે ખિલાડી સીઝન ૧૫’ ની રાહ જોતા રહ્યા, અને આ શો ક્યારેય પ્રસારિત થયો નહીં. પરંતુ હવે, તેના પ્રીમિયર અંગે અટકળો ચાલી રહી છે. હંમેશની જેમ, રોહિત શેટ્ટી આ શોને હોસ્ટ કરશે, જે કલર્સ ટીવી અને જિયોહોટસ્ટાર પર પ્રસારિત



થશે. પરંતુ ચાલો જાણીએ કે સ્પર્ધકો કોણ હશે અને તે ક્યારે પ્રસારિત થશે. ‘બિગ બોસ તક’ના અહેવાલ મુજબ, ‘ખતરોં કે ખિલાડી સીઝન ૧૫’નું શૂટિંગ મૂળ જાન્યુઆરીમાં શરૂ થવાનું હતું. જોકે, હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બધા એપિસોડ મે મહિનામાં શૂટ કરવામાં આવશે અને જૂન ૨૦૨૬ માં પ્રીમિયર થશે. જોકે, સેટનું સ્થાન હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી. નિર્માતાઓ હાલમાં સ્થાનને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે.શોના સ્પર્ધકોની કામચલાઉ યાદી પણ જાહેર કરવામાં આવી છે. બોમ્બે ટાઈમ્સના એક અહેવાલ મુજબ, ‘બિગ બોસ ૧૯’ ના વિજેતા ગૌરવ ખન્ના અને રનર-અપ ફરહાના ભટ્ટ આ સીઝનનો ભાગ બની શકે છે. અભિષેક બજાજ અને બસીર અલીના નામ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. ઓરી, મનીષા રાની, એલ્વિશ યાદવ, ચુમ દરંગ, દિગ્વિજય રાઠી, શ્રુતિકા અર્જુન અને અવિનાશ મિશ્રા શોમાં જોડાશે તેવી અફવાઓ પણ છે, પરંતુ કંઈ પુષ્ટિ મળી નથી. ‘ખતરોં કે ખિલાડી’ ની મોટાભાગની સીઝન ઠંડા સ્થળોએ શૂટ કરવામાં આવી છે.

બોલિવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને રિયાધમાં જોય એવોર્ડ્સ ૨૦૨૬ માં રેડ કાર્પેટ પર પોતાની સહજ શૈલી અને આકર્ષણનું પ્રદર્શન કર્યું

# બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન જોય એવોર્ડ્સ માટે પહોંચ્યા, તેમની ભવ્ય એન્ટ્રીનો વીડિયો શેર કર્યો

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને રિયાધમાં જોય એવોર્ડ્સ ૨૦૨૬ માં રેડ કાર્પેટ પર પોતાની સહજ શૈલી અને આકર્ષણનું પ્રદર્શન કર્યું. જોય એવોર્ડ્સના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં, “પઠાણ” સ્ટારે આ કાર્યક્રમનો ભાગ બનવાનો આનંદ વ્યક્ત કર્યો અને કહ્યું કે તે સાઉદી અરેબિયામાં પોતાની રજાઓ ગાળવા માટે ઉત્સુક છે.એસઆરકેએ કહ્યું, “અહીં આવવું હંમેશા સરસ લાગે છે. મને પહેલા એવોર્ડ્સ યાદ છે, અને ત્યારથી, શહેર વધુ સુંદર બન્યું છે, અને પાછા આવવું ખૂબ જ આનંદદાયક છે.” સાઉદી અરેબિયામાં તેના ચાહકો તરફથી મળેલા અપાર પ્રેમ અને સમર્થન પર પ્રતિબિંબિત કરતા, તેમણે કહ્યું,






“તે અદ્ભુત છે. પહેલી વાર હું અહીં આવ્યો ત્યારથી અત્યાર સુધી, અહીંના લોકો મારા કામને પસંદ કરે છે તે જાણીને ખૂબ જ પ્રોત્સાહક, ખૂબ જ આદરણીય અને ગૌરવપૂર્ણ છે, અને મને તે ગમે છે. મને લાગે છે કે અહીંના દરેક વ્યક્તિ ખૂબ જ મૈત્રીપૂર્ણ, પ્રેમાળ અને સ્વાગત કરનાર છે.”તેમણે ખુલાસો કર્યો કે તેમણે અગાઉ સાઉદી અરેબિયામાં એક ફિલ્મનું શૂટિંગ કર્યું છે અને ત્યાં વધુ સમય વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે ઉમેર્યું, “મને સ્થાનો, હું જ્યાં ગયો છું તે દરેક સ્થળ, સંસ્કૃતિ, લોકો અને ખોરાક ખૂબ ગમ્યો છે. અહીં રહેવું ખરેખર સરસ છે. હું ઈચ્છું છું કે હું અહીં વધુ સમય વિતાવી શકું.” છેલ્લી વાર મેં લગભગ ૧૨ દિવસ વિતાવ્યા હતા, પરંતુ હવે હું અહીં રહેવા માંગુ છું અને કામ માટે નહીં, પણ વેકેશન માટે આવવા માંગુ છું. ૨૦૨૬ના જોય એવોર્ડ્સમાં હાજરી આપનારા સ્ટાર્સમાં શાહરૂખ ખાન પણ સામેલ હતો, જેમાં મિલી બોબી બ્રાઉન, કેટી પેરી અને ‘સ્ક્વિડ ગેમ‘ના સ્ટાર્સ લી જંગ-જે અને લી બ્યુંગ-હુનનો સમાવેશ થાય છે. તેમણે આ કાર્યક્રમ માટે કાળો બ્લેઝર અને મેચિંગ ટ્રાઉઝર પહેર્યું હતું. તેમના ટ્વિટર હેન્ડલ પર, બોલિવૂડ અભિનેતાએ સાઉદી અરેબિયાના જનરલ એન્ટરટેઈનમેન્ટ ઓથોરિટીના ચેરમેન તુર્કી અલ-શેખ સાથેની હૃદયસ્પર્શી વાતચીત શેર કરતા લખ્યું, ‘મારા મિત્ર, તમને મળીને હંમેશા આનંદ અને ખુશી થાય છે. અને સમારંભ અદભુત અને ભવ્ય રહ્યો જય એવોર્ડસના ૫૦ વર્ષ પૂરા થવા બદલ અભિનંદન.’કામના મોરચે, શાહરૂખ ખાન રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને માર્ફ્લિક્સ પિક્ચર્સ દ્વારા નિર્મિત સિદ્ધાર્થ આનંદની ફિલ્મ ‘કિંગ‘માં જોવા મળશે. ગયા વર્ષે તેમના ૬૦મા જન્મદિવસ પર, ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું હતું, જેમાં હૃદયસ્પર્શી દ્રશ્યો, ઝડપી ગતિવાળી એક્શન અને ખાનનો એક એવો ભાગ દર્શાવવામાં આવ્યો હતો જે દર્શકોએ પહેલાં ક્યારેય જોયો નથી. સફેદ વાળ, તીક્ષ્ણ હાવભાવ અને ગંભીર વર્તન સાથે, અભિનેતા એક નિર્દય અને રહસ્યમય વ્યક્તિત્વને જીવંત કરે છે.

કૃતિએ ‘ટૂ મચ‘ શો માં આપ્યો હતો સંકેત : મારો ક્રશ બોલિવૂડ ઇન્ડસ્ટ્રીનો નથી

# નુપુર સેનનના લગ્નમાં કૃતિ અને કબીરનો રોમેન્ટિક અંદાજ: સોશિયલ મીડિયા પર ફોટોએ મચાવી ધૂમ

કૃતિ સેનન છેલ્લા કેટલાક સમયથી કબીર બહિયાને ડેટ કરી રહી હોવાની અફવા છે. બંનેએ ઘણી વખત એક જ સ્થાન પરથી ફોટા શેર કર્યા છે, જેના કારણે નેટીઝન્સને શંકા છે કે તેઓ ડેટ કરી રહ્યા છે. તાજેતરમાં, કૃતિ સેનનની બહેન, નુપુર સેનન, તેના બોયફ્રેન્ડ, સ્ટેબિન બેન સાથે લગ્ન કર્યા. કૃતિ અને કબીર લગ્નમાં એક જ કારમાં આવતા જોવા મળ્યા હતા. કબીરે હવે લગ્નના ફોટા શેર કર્યા છે. કૃતિ સાથેનો તેમનો એકલો ફોટો સૌથી વધુ ધ્યાન ખેંચી રહ્યો છે.

કબીર બાહિયાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટામાં, તે ત્રીજી સ્લાઈડમાં કૃતિ સાથે જોવા મળે છે. આ ફોટામાં, કૃતિએ ગાઉન પહેર્યો છે, જ્યારે કબીરે સફેદ પોશાક પહેર્યો છે. બીજા ફોટામાં, કબીર હલ્દી સમારંભ



દરમિયાન કૃતિ અને વરુણ શર્મા સાથે પોઝ આપતો જોવા મળે છે. એક ફોટામાં, તે વરરાજા સ્ટેબિન સાથે જોવા મળે છે. ફોટા શેર કરતા, કબીરે લખ્યું, “સારી યાદો અને સારા લોકો.”નુપુર સેનન આ પોસ્ટ પર ટિપ્પણી કરતા લખે છે, “માફ કરશો? આ કોના લગ્ન છે? હું તેમાં કેમ નથી?” વરુણ શર્માએ ટિપ્પણી કરી, “ભાઈ.” સ્ટેબિન બેને પોસ્ટમાં હાર્ટ ઈમોજી ઉમેર્યું.

કૃતિ કે કબીર બંનેમાંથી કોઈએ પણ તેમના સંબંધની સત્તાવાર પુષ્ટિ કરી નથી. જોકે, ચાહકોએ તેમના ફોટા પર હાર્ટ ઈમોજી મોકલ્યા છે. જ્યારે કૃતિ સેનન ટ્વિંકલ ખન્ના અને કાજોલના શો “ટૂ મચ“ માં દેખાઈ હતી અને તેને તેના ક્રશ વિશે પૂછવામાં આવ્યું હતું, ત્યારે તેણે ફક્ત એટલું જ કહ્યું હતું કે, “તે ઈન્ડસ્ટ્રીનો નથી.” કામક્ષેત્રે, કૃતિ છેલ્લે આનંદ એલ. રાયની “તેરે ઈશ્ક મેં” માં ધનુષ સાથે જોવા મળી હતી. તે ટૂંક સમયમાં “કોકટેલ ૨” નો ભાગ બનશે.

સની અને બોબી અનેક સગવડો વધારશે

# ધર્મેન્દ્રના મુંબઈના બંગલામાં મોટાપાયે રિનોવેશન શરૂ કરાયું



ધર્મેન્દ્રના નિધનના બે માસ પછી તેમના બંગલામાં મોટાપાયે રિનોવેશન શરુ કરાયું છે. સની અને બોબી દેઓલ બંગલામાં અનેક ફેરફારો કરાવી રહ્યા છે તથા તેમાં વધુ આધુનિક સગવડો કરાવી રહ્યા છે. બંગલામાં કન્સ્ટ્રક્શન મશીનરી તથા મટિરિયલની મોટાપાયે અવરજવર થઈ રહી હોવાનું નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે ધર્મેન્દ્રનો મુંબઈના જૂહુ ખાતેનો બંગલો બહુ વિશાળ છે અને ધર્મેન્દ્રનાં પહેલાં પત્ની પ્રકાશ ઉપરાંત બોબી અને સની દેઓલ પણ આ બંગલામાં જ રહે છે. જોકે, ધર્મેન્દ્રએ તેમની જિંદગીના પાછલાં મોટાભાગનાં વર્ષો મુંબઈની બહાર પનવેલ ખાતે આવેલાં તેમનાં ફાર્મ હાઉસમાં વિતાવ્યાં હતાં.

’દેવી દેવતાને ભૂત ન કહી શકો’

# સુપરસ્ટાર માટે કાયદા અલગ નથી, બોલતા પહેલા વિચારવું જોઈએ: રણવીર સિંહને હાઈકોર્ટની ફટકાર

## 2 માર્ચ સુધી આંશિક રાહત આપી

કાંતારા ફિલ્મના પાત્રો પર કમેન્ટ અને મિમિક્રીને લઈને બૉલીવુડનો અભિનેતા રણવીર સિંહ ફસાઈ ગયો છે. કન્નડ ફિલ્મ કાંતારાના એક સીન પર રણવીર સિંહે કમેન્ટ અને મિમિક્રી કરી હતી, જેના પર કર્ણાટક હાઈકોર્ટે ફટકાર લગાવી છે. હાઈકોર્ટે રણવીરસિંહને લાપરવાહ બતાવી કહ્યું કે, ’અભિનેતા કે સુપર સ્ટાર કાયદાની ઉપર કોઈ નથી. તમે રણવીરસિંહ હોવ કે કોઈ બીજા. તમે બિલકુલ ઢીલે ઢાલે ન થઈ શકો. તમે એક અભિનેતા છો તમારી ઘણા લોકો પર અસર છે. તમારે જવાબદાર બનવું પડશે.’

આ વિવાદ નવેમ્બર 2025 માં ગોવા ખાતે યોજાયેલા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (IFFI) દરમિયાન સર્જાયો હતો. આક્ષેપ છે કે રણવીર સિંહે મંચ પર ’પંજુરલી’ અને ’ગુલિગા’ દૈવા (જે ફિલ્મ ’કાંતારા’ દ્વારા પ્રખ્યાત થયા છે)ના પવિત્ર હાવભાવની હાંસી ઉડાવી હતી. વધુમાં, તેમણે ચામુંડી દેવતાને ’મહિલા ભૂત’ તરીકે સંબોધ્યા હતા, જ્યારે તે કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં દિવ્ય સ્ત્રી શક્તિ અને રક્ષક દેવી તરીકે પૂજાય છે. હિન્દુ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચતા તેમની સામે ફરિયાદ દાખલ થઈ હતી.જે તે વખતે રણવીર સિંહે સોશિયલ મીડિયા પર માફી માંગતા સ્પષ્ટતા કરી હતી કે તેમનો ઈરાદો માત્ર ઋષભ શેટ્ટીના અભિનયની પ્રશંસા કરવાનો હતો અને તેઓ દરેક સંસ્કૃતિનું સન્માન કરે છે. જોકે, કોર્ટે આ મામલે ગંભીરતા દાખવી છે

રણવીરસિંહની અરજી પર સીનિયર એડવોકેટે દલીલો કરી હતી. જે બાદ કોર્ટે રણવીરસિંહને તપાસમાં સહયોગ કરવાનો નિર્દેશ કર્યો હતો. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, રણવીરસિંહ હોય કે કોઈ પણ, લાપરવાહી બિલકુલ ન હોઈ શકે, તમે કોઈ દેવી દેવતાને ભૂત ન કહી શકો, બોલતા પહેલા તમારે રિસર્ચ કરવું જોઈતું હતું.

રણવીરસિંહની FIR થયા બાદ હાઈકોર્ટેનો દરવાજો ખટખટાવ્યો હતો. રણવીર સિંહે કર્ણાટક હાઈકોર્ટમાં અરજી દાખલ કરી રાહતની માગ સાથે FIR રદ કરવાની અરજ કરી છે. અને કહ્યું છે કે તેમનો ઈરાદો કોઈને ઠેસ પહોંચાડવાનો ન હતો. તેમને ફિલ્મના વખાણ કર્યા હતા. અનેક દલીલો બાદ જજે વચગાળાનો આદેશ કર્યો, કોર્ટે નોટ કર્યું કે રણવીરસિંહે ચામુંડી દેવતા પર કમેન્ટ કરી હતી તે બાદ માફી પણ માગી હતી. હાલ કોર્ટે 2 માર્ચ સુધી રાજ્ય કોઈ જબરદસ્તીભર્યું પગલું ન લે તેવો નિર્દેશ કર્યો છે તેમજ સોમવારે સુનાવણી થાય ત્યાં સુધી રણવીરસિંહને સહયોગ કરવાનું કહ્યું છે.

પૂનમ પાંડે રડી પડી

# પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા પહોંચી પૂનમ પાંડે, વૃંદાવનમાં બાંકે બિહારીના કર્યા દર્શન

## ઘણા સમયથી દર્દમાં હતી?

•મુંબઈ

મોડલ અને અભિનેત્રી પૂનમ પાંડેનું નામ વિવાદમાં ઉછળતું રહે છે. તે ક્યારેક પોતાના મોતની અફવા ઉડાવી દે છે તો ક્યારેક કોઈ ક્રિકેટર પર નિવેદન આપી વિવાદ વકરાવે છે. પરંતુ આ વખતે તેનું અલગ રૂપ જોવા મળ્યું, હોળી પહેલા પૂનમ પાંડે વૃંદાવનમાં કૃષ્ણ ભક્તિમાં લીન દેખાઈ. તેને પ્રેમાનંદ મહારાજના સત્સંગનો લાભ લઈ આશીર્વાદ લીધા.

પૂનમ પાંડે ચાહકોને સરપ્રાઈઝ આપવાનો કોઈ મોકો છોડતી નથી. આ વખતે તે પોતાની ધાર્મિક યાત્રા માટે વૃંદાવન પહોંચી ગઈ. સોશિયલ મીડિયામાં તેની ઘણી તસવીરો અને વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. એક ફોટોમાં તે પ્રેમાનંદ મહારાજનો સત્સંગ સાંભળતી દેખાઈ આવે છે. તે દરમિયાન તેના હાવભાવ ભાવુક હતા અને રડી પડી હતી.

પૂનમ પાંડે પ્રેમાનંદ મહારાજને મળી તેમના આશીર્વાદ લીધા હતા. જે બાદ તેને બાંકે બિહારીના દર્શન કર્યા હતા. ત્યાં પણ મંદિરની અંદર પ્રવેશ કરતાં જ તે ભાવુક થઈ ગઈ અને બાંકે બિહારીના દરબારમાં હાથ જોડીને માનતા માંગતી દેખાઈ. આ વીડિયો અને ફોટો વાઈરલ થતાં એવી ચર્ચાઓ થઈ રહી છે કે પૂનમ પાંડે ઘણા સમયથી દર્દમાં હતી. જે વૃંદાવન પહોંચતા જ ખતમ થઈ ગયું.

પ્રેમાનંદ મહારાજનો સત્સંગ અને બાંકે બિહારીના દર્શન બાદ તેના મોઢા પર શાંતિ દેખાતી હતી. તેને વૃંદાવનમાં ઈ રિક્શા પકડી ત્યાંની સંસ્કૃતિને નજીકથી માણી, પૂનમ પાંડેની આ વૃંદાવન યાત્રા જોઈ ઘણા ચાહકો અને લોકો હેરાન છે. એક ચાહકે લખ્યું કે સલવાર-સૂટ અને મેકઅપ વગર કેટલી સુંદર લાગી રહી છે. બીજાએ લખ્યું કે ’સો ચૂહે ખાકર બિલ્લી હજ પે ચલી’, તો કોઈએ કહ્યું કે ભક્તિ વસ્તુ જ એવી છે કે ભલભલાને બદલી નાખે. હવે જોઈ રહ્યું કે વૃંદાવનથી પરત ફર્યા બાદ પૂનમ પાંડેની જિંદગીમાં કેટલો બદલાવ આવે છે.



આપદા

જૂન 2025થી જહાજ પર તૈનાત 5,000 સૈનિકોએ ટોઈલેટ માટે 45 મિનિટ સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે

# ઈરાન સામે યુદ્ધ પહેલાં અમેરિકન સૈનિકોની મધદરિયે 'ટોઈલેટ વોર'

## દુનિયાના સૌથી મોટા એરક્રાફ્ટ કેરિયરની ટોઈલેટ સિસ્ટમ બગડી



વોશિંગ્ટન : અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમ પર છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. બંને દેશો વચ્ચે કોઈપણ સમયે યુદ્ધ ફાટી નીકળવાની આશંકા છે. ઈરાનને ઘેરવા માટે અમેરિકાએ દુનિયાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડને મધ્ય-પૂર્વના દરિયામાં તૈનાત કર્યું છે. જોકે, ઈરાન સામે લડતા પહેલા અમેરિકાનું આ જહાજ અજીબોગરીબ સ્થિતિમાં સપડાયું છે. આ જહાજ પર તૈનાત સૈનિકો ઈરાન સામે લડતા પહેલાં મધદરિયે આમને-સામને લડી રહ્યા છે અને તે પણ ટોઈલેટ માટે.

દુનિયાના સૌથી મોંઘા અને શક્તિશાળી અમેરિકન જહાજ પર અજીબોગરીબ સમસ્યાએ ૫,૦૦૦ જેટલા સૈનિકોની મુશ્કેલી વધારી દીધી છે. પરમાણુ ઊર્જાથી ચાલતા આ જહાજની સીવેજ સિસ્ટમ એટલે કે ટોઈલેટ સિસ્ટમ વારંવાર ફેઈલ થઈ રહી છે. પરિણામે ૧૩ અબજ ડોલર (અંદાજે રૂ. ૧ લાખ કરોડ)ના ખર્ચે બનેલા યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ જહાજમાં સૈનિકો સમુદ્રમાં દુશ્મનો નહીં પરંતુ પોતાના જ ટોઈલેટ સામે યુદ્ધ લડી રહ્યા છે.

અનેક મીડિયા રિપોર્ટ્સ મુજબ આ જહાજ પર તૈનાત સૈનિકોનું જીવન હાલ બદતર બની ગયું છે. દરરોજ ૫,૦૦૦ જેટલા સૈનિકોએ ટોઈલેટ માટે ૪૫ મિનિટ જેટલા સમય સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. યુએસએસ જેરાલ્ડ આર. ફોર્ડ જૂન ૨૦૨૫થી સમુદ્રમાં તૈનાત છે. જાન્યુઆરીમાં આ જહાજે વેનેઝુએલા પર અમેરિકન કાર્યવાહી દરમિયાન મહત્વની ભૂમિકા ભજવી હતી, જેના પગલે વેનેઝુએલામાં અમેરિકન સૈનિકોએ કોઈ મોટી જાનહાનિ વિના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરી હતી.હવે આ જહાજ ઈરાન સામે લડવા મધ્ય-પૂર્વના દરિયામાં તૈનાત કરાયું છે. દુનિયાના સૌથી મોંઘા આ જહાજ પર અંદાજે ૬૫૦ જેટલા ટોઈલેટ છે, જેમાંથી મોટાભાગના કામ નથી કરી રહ્યા. વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ મુજબ સતત સમુદ્રમાં રહેવાના કારણે જહાજનું નિયમિત મેઈન્ટેનન્સ નથી થઈ રહ્યું.

કરોડો ડોલરના ખર્ચે બનેલા આ જહાજ પર ક્રૂઝ જહાજોવાળી 'વેક્યુમ ટેકનિક'નો ઉપયોગ કરાયો છે, જેથી પાણીનો ઓછો વપરાશ થઈ શકે, પરંતુ તેનાથી એકદમ વિપરિત સ્થિતિ ઊભી થઈ છે. ૫,૦૦૦ જેટલા સૈનિકોના મળમૂત્રના નિકાલ માટે આ પાઈપ ખૂબ જ પાતળા સાબિત થઈ રહ્યા છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે જહાજ પરના એન્જિનિયર ૧૯-૧૯ કલાક સુધી કામ કરી રહ્યા છે અને ગંદગી સાફ કરી રહ્યા છે. એક રિપોર્ટ મુજબ આ પાઈપોમાં જામ ગંદગી સાફ કરવા માટે ખાસ એસિડ ફલશ કરવું પડે છે, જેના માટે એક વખતનો ખર્ચો અંદાજે ચાર લાખ કરોડ ડોલર આવે છે. અમેરિકન નેવીનું કહેવું છે કે ટોઈલેટની આ સમસ્યાથી જહાજની લડાયક તાકાત પર કોઈ અસર નહીં પડે. પરંતુ અનેક મીડિયા અહેવાલો મુજબ જહાજ પરના યુવાન સૈનિકો એટલા કંટાળી ગયા છે કે તેઓ અમેરિકા પાછા ફર્યા પછી સેના છોડવાનું પણ વિચારી રહ્યા છે.

કાચા શણના ટેકાના ભાવમાં રૂ. 275નો વધારો

# નવા 'સેવાતીર્થ'માં મોદીની પ્રથમ બેઠક 12,236 કરોડના પ્રોજેક્ટ્સને મંજૂરી

વિકાસને વેગ

અમદાવાદ મેટ્રોનો વિસ્તાર વધશે, ત્રણ રેલવે પ્રોજેક્ટ્સથી 307 કિમીનું નેટવર્ક વધશે



નવી દિલ્હી : આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ કાચા શણના ટેકાના ભાવમાં અગાઉની સીઝન કરતા ૨૭૫ રૂપિયાનો વધારો કર્યો છે. જેને પગલે વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રતિ ક્વિન્ટલનો ભાવ હાલ રૂ. ૫૯૨૫ નક્કી કરવામાં આવ્યો છે. ભારત વિશ્વમાં સૌથી વધુ શણનું ઉત્પાદન કરે છે. જેમાં પશ્ચિમ બંગાળ અને આસામ મોખરે છે જ્યાંના ખેડૂતોને આ ભાવ વધારાનો લાભ મળશે. એમએસપી ઉપરાંત અમદાવાદ મેટ્રો, શ્રીનગર એરપોર્ટ અને રેલવે પ્રોજેક્ટ્સ અંગે પણ મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ તમામ પ્રોજેક્ટ્સ પાછળ આશરે ૧૨,૨૩૬ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

કેન્દ્રીય કેબિનેટ દ્વારા ત્રણ રેલવે પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપવામાં આવી છે, જેની પાછળ આશરે ૯૦૭૨ કરોડ રૂપિયાના ખર્ચાનું અનુમાન છે, આ ત્રણ પ્રોજેક્ટ્સમાં ગોંડીયા-જબલપુર સેક્શન અને પુનારખ-કીઉલ તેમજ ગમહારી-ચંડીલ સેક્શન વચ્ચે ત્રીજી અને ચોથી લાઈન નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં કુલ આઠ રાજ્યો મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે તૈયાર થઈ ગયા બાદ ભારતીય રેલવેના નેટવર્કમાં ૩૦૭ કિમીનો ઉમેરો થશે. મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ ૫૪૦૭ ગામોની કનેક્ટિવિટી વધારશે અને ૯૮ લાખ લોકોને ફાયદો થશે તેવો દાવો સરકારે કર્યો છે.

આ ઉપરાંત કેન્દ્રીય કેબિનેટ દ્વારા શ્રીનગરમાં નવા ઈન્ટીગ્રેટેડ એરપોર્ટ ટર્મિનલનું નિર્માણ કાર્ય રૂપિયા ૧૬૬૭ કરોડ રૂપિયામાં કરાશે, જ્યારે અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના ફેઝ-૨બી માટે રૂ. ૧૦૬૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે જેને પગલે અમદાવાદ મેટ્રો રેલનો વિસ્તાર વધારાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં નવા પીએમઓ સેવા તીર્થમાં આ પ્રથમ કેબિનેટ બેઠક યોજવામાં આવી હતી, જેમાં આ તમામ નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે આ મીટિંગ અને આ બિલ્ડિંગ (સેવા તીર્થ) નવા ભારતના પુનર્નિર્માણનું સીધુ ઉદાહરણ છે. અન્ય એક મોટો નિર્ણય પાવરગ્રિડ સાથે જોડાયેલો છે. કેન્દ્રએ સરકારી કંપની પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડમાં મોટા નાણાકીય અધિકારો આપ્યા છે, હવે પાવરગ્રિડ પોતાની તમામ સબ્સિડિયરી કંપનીમાં પહેલા કરતા વધુ રૂપિયાનું રોકાણ કરી શકશે. પહેલા આ લિમિટ ૫૦૦૦ કરોડ રૂપિયા હતી જે વધારીને હવે ૭૫૦૦ કરોડ રૂપિયા પ્રતિ કંપની કરવામાં આવી છે.

# 'અમેરિકાની કોર્ટે ટેરિફ પર રોક લગાવી, PM મોદી ડીલ રદ કરી બતાવે', MPમાં બોલ્યા રાહુલ ગાંધી

## 'જ્યારે ચીનને જવાબ આપવાનો સમય આવ્યો ત્યારે પીએમ ગાયબ'

• ભોપાલ



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે (24 ફેબ્રુઆરી) મધ્ય પ્રદેશના ભોપાલમાં પાર્ટી દ્વારા આયોજિત 'કિસાન મહા ચૌપાલ'માં ખેડૂતોને સંબોધિત કરી રહ્યા છે. આ ચૌપાલ ભારત અને અમેરિકા વચ્ચે અંતરિમ વ્યાપાર કરારના વિરોધમાં આયોજિત કરાઈ રહી છે. આ દરમિયાન તેમણે જનરલ નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કર્યો અને સીધા વડાપ્રધાન મોદી પર પ્રહાર કર્યા હતા.

ભોપાલના જવાહર ચોકમાં આયોજિત જનસભાને સંબોધિત કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફ પર રોક લગાવી છે, હવે જો પીએમ મોદીમાં હિમ્મત હોય તો તેઓ ટ્રેડ ડીલ રદ કરીને બતાવે.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'પહેલીવાર લોકસભામાં નેતા વિપક્ષને બોલવા નથી દેવાયા. મને બોલવા નથી દેવાયો. પુસ્તકમાં નરવણેજીએ સ્પષ્ટ લખ્યું છે કે, જ્યારે ચીનના ટેન્ક ભારતની બોર્ડરમાં આવી રહ્યા હતા તો તેમણે રાજનાથ સિંહને ફોન કર્યો અને તેમને પૂછ્યું કે મારો ઑર્ડર શું છે? જ્યારે ચીનને જવાબ આપવાનો સમય આવ્યો ત્યારે વડાપ્રધાન મોદી ગાયબ થઈ ગયા.'

રાહુલ ગાંધીએ પૂર્વ સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવણેના પુસ્તકને લઈને ટિપ્પણી કરતા કહ્યું કે, 'યુદ્ધમાં જવાનો નિર્ણય સેનાનો નથી, પરંતુ રાજકીય હોય છે.સેના પોતાનું કર્તવ્ય નિભાવે છે, પરંતુ યુદ્ધનો અંતિમ નિર્ણય રાજકીય નેતૃત્વ દ્વારા લેવામાં આવે છે.'રાહુલ ગાંધીએ કહ્યું કે, 'સરકાર નથી ઈચ્છતી કે, અમેરિકાની મોટી કંપનીઓ સોયા, કપાસ અને મકાઈ જેવા કૃષિ ઉત્પાદનો ભારતમાં વેચે, કારણ કે ભારતીય ખેડૂતોને નુકસાન થઈ શકતું હતું. ચાર મહિના સુધી વાતચીત અટકેલી રહી, પરંતુ તેમના ભાષણ બાદ વડાપ્રધાન મોદીએ કેબિનેટ સાથે ચર્ચા કર્યા વગર અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને ફોન કરીને કરાર માટે સહમતિ આપી દીધી.

# દિલ્હીમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વકીલની કાર પર 4 રાઉન્ડ ફાયરિંગ

• નવી દિલ્હી

દિલ્હીના કાશ્મીરી ગેટ વિસ્તારમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે. અહીં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વકીલની કાર પર ફાયરિંગ થયું છે. પ્રાથમિક વિગતો અનુસાર કુલ 4 રાઉન્ડ ફાયરિંગ થયું છે. દિલ્હી પોલીસને રાત્રે 10 વાગ્યાના સુમારે ફાયરિંગની સૂચના મળી હતી. ઘટનાની જે તસવીર સામે આવી છે, તેમાં કાર પાછળનો કાચ તૂટી ગયેલો દેખાઈ રહ્યો છે.

ઘટના સ્થળે પહોંચેલી દિલ્હી પોલીસે જણાવ્યું છે કે, કાશ્મીરી ગેટ ક્ષેત્રમાં પાંચ લોકોને લઈને જઈ રહેલી કાર પર ફાયરિંગ થયું છે, જેમાંથી એક વ્યક્તિ ઘાયલ થયો છે. ગાડીમાં સવાર લોકોમાંથી એક વકીલ છે, જે લોરેન્સ બિશ્નોઈની કાયદાકીય ટીમનો હિસ્સો હોવાનો દાવો કરે છે.

ઘટના બાદ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી હુમલાખોરોને પકડવાની તજવીજ




હાથધરી છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ જોડાતા મામલાની ગંભીરતાને ધ્યાને રાખી દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સહિત ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તપાસ એજન્સીઓ એ એંગલ પણ ખંગાળી રહી છે કે ફાયરિંગ પાછળ લોરેન્સ બિશ્નોઈની વિરોધી ગેંગની ભૂમિકા છે કે પછી વકીલ કે સવાર લોકોના વ્યક્તિગત દુશ્મનાવટનું પરિણામ છે.

# અમેરિકામાં મુસ્લીમો, ખ્રિસ્તીઓ કરતાં હિન્દુઓ અભ્યાસમાં સૌથી આગળ

વોશિંગ્ટન : અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી હિન્દુઓ વિરુદ્ધ નફરત અને ધિક્કારનું પ્રમાણ વધ્યું છે. હિન્દુઓ અમેરિકનોની રોજગારી છીનવી રહ્યા હોવાના દાવાઓ વચ્ચે અમેરિકાના વોશિંગ્ટનમાં સ્થિત પ્રખ્યાત ગ્લોબલ થિંક ટેંક પ્યૂ રિસર્ચ સેન્ટરના તાજા અભ્યાસ મુજબ અમેરિકામાં રહેતા હિન્દુઓ ત્યાંના સૌથી શિક્ષિત ધાર્મિક સમુદાય બનીને ઊભરી આવ્યો છે. અમેરિકાના હિન્દુઓએ પારંપરિકરૂપે સૌથી શિક્ષિત મનાતા યહુદી સમાજને પણ પાછળ પાડી દીધો હોવાનું રિસર્ચ સેન્ટરના રિપોર્ટમાં જણાવાયું છે.ગ્લોબલ થિંક ટેંક પ્યૂ રિસર્ચ સેન્ટરના આ રિપોર્ટે માત્ર હિન્દુઓની ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા જ નથી દર્શાવી પરંતુ અમેરિકાના આર્થિક અને સામાજિક વિકાસમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડયો છે. પ્યૂ રિસર્ચ સેન્ટરના અભ્યાસ રિલિજિયસ લેન્ડસ્કેપ સ્ટડીના આંકડાઓએ અમેરિકન સમાજની એક નવી તસવીર રજૂ કરી છે.આ રિપોર્ટ મુજબ ઉચ્ચ શિક્ષણની બાબતમાં હિન્દુ સમુદાય સૌથી ટોચ પર છે. અમેરિકામાં રહેતા પ્રત્યેક ૧૦માંથી ૭ હિન્દુ એટલે કે ૭૦ ટકા હિન્દુઓ પાસે બેચલરની ડિગ્રી અથવા તેનાથી ઉચ્ચ સ્તરનું શિક્ષણ ધરાવે છે. આ રિપોર્ટમાં વધુ એક રસપ્રદ બાબત સામે આવી છે કે શિક્ષણની બાબતમાં બીજા નંબર પર રહેનારા યહુદી સમુદાયના ૬૫ ટકા લોકો પાસે ડિગ્રી છે, પરંતુ હિન્દુઓની સરખામણી આખા અમેરિકાની સરેરાશ સાથે વાત કરવામાં આવે તો તેમની સફળતા વધુ મોટી જોવા મળે છે.

મલયાલમ ભાષામાં નારિયેળીને કેરા જ્યારે ભૂમિને અલમ કહેવાય જેને જોડીને 'કેરલમ' નામ અપાયું છે

# હવે કેરળ રાજ્યને કેરલમ નામ અપાશે મોદીની આગેવાનીમાં કેબિનેટની મહોર

નવી દિલ્હી : દક્ષિણના રાજ્ય કેરળને કેરલમ (કેરળમ) નામ આપવાની રાજ્યની ડાબેરી પક્ષની સરકારની ભલામણોને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વગર જ કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવતા હવે ઝડપથી તેનો અમલ કરી શકાશે.

કેરળમાં એપ્રીલ-મે મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, આવા સમયે જ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર પાસે રાજ્યનું નામ બદલવાનો પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો. ચૂંટણી સમયે નામને લઈને કોઈ વિવાદ ના થાય તે હેતુથી



કેન્દ્ર સરકાર દ્વારા ઝડપથી તેને મંજૂરી આપી દેવામાં આવી હતી. કેરળ પોતાની ભાષા મલયાલમ અને સંસ્કૃતિને લઈને બહુ જ સંવેદનશીલ છે. જો કેન્દ્ર સરકાર આ પ્રસ્તાવને ટાળી દેત તો કોંગ્રેસ અને ડાબેરીઓ તેને ચૂંટણી મુદ્દો બનાવી શકે તેમ હતા.

નોંધનીય છે કે કેરળમાં મલયાલમ ભાષા બોલનારા લોકો હંમેશા પોતાના રાજ્યને કેરલમ જ કહેતા આવ્યા છે. આ કોઈ નવું નામ નથી પરંતુ તે કેરળની ધરતીનું મૂળ નામ છે. મલયાલમ ભાષામાં કેરાનો અર્થ નારિયેળનું વૃક્ષ એવો થાય છે જ્યારે અલમનો મતલબ ભૂમિ સાથે જોડાયેલો છે. કેરળમાં નારિયેળનું ઉત્પાદન બહુ થતું હોય છે, જેને કારણે રાજ્યના આ મહત્વને ધ્યાનમાં રાખીને તેને સ્થાનિક રાજ્ય સરકારે કેરલમ નામ આપવાનું નક્કી કર્યું છે. જ્યારે ભાષાઓના આધાર પર રાજ્યોનું ગઠન થઈ રહ્યું હતું ત્યારે મલયાલમ બોલનારાને માલાબાર, કોચીન અને ત્રાવણકોરને ભેળવીને એક નવુ રાજ્ય બનાવવામાં આવ્યું, તે સમયે જ અંગ્રેજી અનુવાદ કેરલા (કેરળ) કરી દેવાયો હતો. હવે આ કેરળમાંથી કેરલમ થઈ ગયું છે. હાલમાં રાજ્ય સરકારના આ પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી મળી ગઈ છે હવે કેરળ (નામ સંશોધન) બિલ ૨૦૨૬ને રાષ્ટ્રપતિ દ્વારા કેરળની વિધાનસભામાં રજુ કરવામાં આવશે અને પ્રતિભાવો લેવાશે બાદમાં સંસદમાં રજુ કરાશે. જોકે સંસદમાં રજુ કરવા માટે રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી ગણાય છે.